હરિ:ૐ

મૌનએકાંતની કેડીએ



– પૂજ્ય શ્રીમોટા

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

મૌનએકાંતની કેડીએ

(મૌનએકાંતના સાધકો સમક્ષ કરેલાં પ્રવચનો)

: સંપાદક :
ડૉ. રમેશ મ. ભટ્ટ

હરિઃ ૐ આશ્રમ પ્રકાશન, નડિયાદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

- **પ્રકાશક :**
  હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

- © હરિઃ ૐ આશ્રમ, નડિયાદ

- પ્રથમ આવૃત્તિ : સને ૧૯૮૨, પ્રત ૧૦૦૦
  દ્વિતીય આવૃત્તિ : સને ૧૯૮૫, પ્રત ૧૦૦૦
  ત્રીજી આવૃત્તિ : સને ૧૯૮૮, પ્રત ૨૦૦૦
  ચોથી આવૃત્તિ : સને ૧૯૯૬, પ્રત ૨૦૦૦

- કુલ પૃષ્ઠ : ૧૫૨

- કિંમત : રૂ. ૧૦-૦૦

- **આવરણ : શ્રી મયૂર જાની**
  બી/૮, રીપલ એપાર્ટમેન્ટ્સ, નારાયણનગર,
  અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૬૬૧૨૭૨૮

- **પ્રાપ્તિસ્થાન :**
  હરિઃ ૐ આશ્રમ, નડિયાદ - ૩૮૭ ૦૦૧
  હરિઃ ૐ આશ્રમ, સુરત - ૩૯૫ ૦૦૫

- **મુદ્રક :**
  તુષાર કે. પટેલ, અર્થ કૉમ્પ્યૂટર,
  ૨૭, અડવાણી માર્કેટ, દિલ્હી દરવાજા બહાર,
  અમદાવાદ-૩૮૦ ૦૦૫, ફોન : ૫૬૨૪૩૦૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

સમર્પણાંજલિ

માતા-પિતા પાંસેથી ભજન, ભક્તિ,
સત્સંગનો વારસો તથા આતિથ્ય ભાવના પામીને
એને ચરિતાર્થ કરનાર;
નરોડાના શ્રીઅમૃતભાઈ પટેલ (મોટા) ના
નિમિત્તે પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવીને,
એમના પ્રિય સ્વજન બનનાર;
ત્રણ પેઢીથી 'ભગત' તરીકે ઓળખાતા
પરિવારમાંનો ભક્તિ વારસો દીપાવનાર;
નરોડામાં હરિઃ ૐ આશ્રમ સ્થાપવામાં
સહાયભૂત બનનાર;
પૂજ્ય શ્રીમોટાએ નરોડમાં બોતેર કલાકનો
અનોખો યજ્ઞ પ્રેરેલો એમાં સહભાગી બનનાર;
પરિવારના બધા જ સારા-માઠા પ્રસંગોમાં પૂજ્ય શ્રીમોટાની.
હાજરી પામનાર સદ્‌ભાગી તથા
સતત 'હરિઃ ૐ'ની અનેક ધૂનમાં મસ્ત બનનાર
શ્રી ઉમેદભાઈ ધનાભાઈ પટેલ (ભગત) ને
તથા
નરોડામાં હરિઃ ૐ આશ્રમ સ્થપાયા પછી
પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવનાર;
માઉન્ટ આબુમાં રહીને પૂજ્ય શ્રીમોટાનું સાન્નિધ્ય
અને સત્સંગ માણનાર;
પૂજ્ય શ્રીમોટાનું 'જન્મોજન્મ મળીશું' એવું વચન પામનાર;
પૂજ્ય શ્રીમોટાને પોતાને ઘરે બોલાવી
પ્રેમભાવથી જમાડનાર;
પ્રભુરૂપ 'શ્રીમોટા'ને એમના શરીરની હયાતિ દરમિયાન
ઓળખી ન શકયાની પારાવાર વેદના પામનાર;
અ.સૌ. કાન્તાબહેન ઉમેદભાઈ પટેલને
કૃતજ્ઞભાવે આ પુસ્તક અર્પણ કરીએ છીએ

હરિઃ ૐ આશ્રમ
નડિયાદ
તા. ૧૦ એપ્રિલ, ૧૯૯૬

સી.ડી.શાહ
મેનેજિંગ ટ્રસ્ટી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિવેદન

(બીજી આવૃત્તિ)

હરિઃ ઉૐ આશ્રમ - સુરતમાં પૂજ્ય શ્રીમોટાએ દર અઠવાડિયે મૌન-એકાન્ત લેનાર સ્વજનોને જે જે વાતો કહેલી એની નોંધ સદ્‌ગત ભાઈશ્રી ચૂનીભાઈ તમાકુવાલાએ તથા ભાઈશ્રી ચંપકભાઈ ભૂતવાલાએ પ્રેમભક્તિભાવથી કરેલી. એ પ્રવચનોની નોંધ પૂજ્ય શ્રીમોટાએ વાંચેલી છે એથી એ પ્રવચનનોંધો સંપૂર્ણ અધિકૃત છે. આ નોંધ ઘણી ચીવટથી કરવામાં આવી છે. આ પ્રવચનોની હસ્તલિખિત નોટબુકો સુરતના હરિઃ ઉૐ આશ્રમના મૌનમંદિરમાં રાખવામાં આવતી હતી, જેથી કોઈ સાધકને પ્રેરણા મળી શકે.

પ્રથમ આવૃત્તિ એક જ વર્ષમાં લગભગ ખલાસ થઈ જવાથી ને માગ ચાલુ રહેતી હોવાથી આ પુસ્તકની બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમોને ઘણો આનંદ થાય છે.

આ બીજી આવૃત્તિ જલદી પ્રગટ કરવાનું નિમિત્ત સ્નેહી શ્રી મોહનભાઈ વેલજીભાઈ (વારાણસી) બન્યા છે. તેમણે ૫૦૦ પ્રતો ખરીદવા ઇચ્છા વ્યક્ત કરી. અમે તે સહર્ષ વધાવી લીધી. મિત્રવર્ગમાં સારાં પુસ્તકોનું પ્રસારણ કરવાનો તેમનો શોખ અનુકરણીય અને ઉપકારક છે. તે માટે અમો તેમને હાર્દિક ધન્યવાદ આપીએ છીએ. શ્રી બાબુભાઈ તમાકુવાળાના પુત્રે કરેલી નોંધ શ્રી બાબુભાઈએ ઉપયોગમાં લેવા આપી તેથી તેમના પણ આભારી છીએ.

આ પ્રવચનની નોંધ પરથી ભાઈશ્રી રમેશ ભટ્ટે સંપાદન કરી આપ્યું-એમના ભાવનાભર્યા આ કાર્યની અમે કદર કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનું આ પ્રકારનું પુસ્તક જિજ્ઞાસુઓને જરૂર પ્રેરક અને માર્ગદર્શક નીવડશે એવી અમને શ્રદ્ધા છે.

હરિઃ ઉૐ આશ્રમ
નડિયાદ
તા. ૨૧-૮-'૮૫

ટ્રસ્ટી મંડળ
હરિઃ ઉૐ આશ્રમ
નડિયાદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહાતીર્થ મૌનમંદિર

(પ્રથમ આવૃત્તિનું સંપાદકીય)

પૂજ્ય શ્રીમોટાએ ૧૯૫૫માં હરિઃ ૐ આશ્રમની સ્થાપના કરી. કુંભકોણમ્ (દક્ષિણ ભારત), નડિયાદ અને રાંદેર (સુરત)માં આ આશ્રમો અનુક્રમે કાવેરી નદી, શેઢી નદી અને તાપી નદીને કિનારે આવેલા છે. હરિઃ ૐ આશ્રમ એ તો મૌનમંદિરનો પર્યાય છે.

પૂજ્ય શ્રીમોટાએ આ મૌનમંદિરોની સ્થાપના કરી એ પહેલાં ૧૯૪૧થી જે કોઈ જીવ પ્રભુમાર્ગે જવા જિજ્ઞાસા ધરાવતો હોય તેને મૌન-એકાન્તમાં બેસાડતા. કેરાપટ્ટી (દક્ષિણ ભારત)માં એક એકાન્ત નિવાસસ્થાનમાં શ્રી નંદુભાઈને મૌન-એકાન્તમાં સાધના કરાવી હતી. ઉપરાંત હરિજન આશ્રમ (અમદાવાદ)માંની મીરાં કુટિરનો મૌન-એકાન્ત માટે ઉપયોગ થયેલો. આ રીતે પૂજ્ય શ્રીમોટાને પરમપદ પ્રાપ્ત થયું (૧૯૩૯-રામનવમી) એ પછી મૌન-એકાન્તના સાધનથી અનેક જીવાત્માઓને કલ્યાણમાર્ગે વાળ્યા છે.

હરિઃ ૐ આશ્રમના મૌન-એકાન્ત ઓરડાઓ મૌનમંદિર તરીકે ઓળખાય છે; કેમ કે એમાં જીવાત્મા એકલો રહીને પોતાના હૃદયમાં નિવસતા પ્રભુને શોધવા મથામણ કરે છે. આ અંધારા ઓરડામાં સાધકની રોજિંદી જરૂરિયાત સમયસર પૂરી પાડવામાં આવે છે. એકાન્તમાં રહીને પોતાના સ્વરૂપને ઓળખવાની વ્યક્તિને મથામણ થાય છે. કોઈ પણ ધર્મ, જાતિ કે વયની વ્યક્તિ પોતાની ઇચ્છા-શક્તિ પ્રમાણે એક, બે, ત્રણ કે એથીય વધુ સપ્તાહ લગી આ મૌનમંદિરમાં એકાન્તવાસ સેવે છે અને પોતાની પ્રકૃતિને અનુકૂળ જણાય એ સાધન દ્વારા પોતાની જાતને શોધવા મથે છે.

મનુષ્યજીવનના કલ્યાણ માટે આવા એકાન્તની શી જરૂર ? શા માટે અઠવાડિયા કે વધુ દિવસ માટે આવા અંધારા ઓરડામાં પુરાઈ રહેવાનું ? ઘરના કોઈ ખૂણામાં બેસીને ભગવાનનું નામ ક્યાં નથી લઈ શકાતું ? આ થઈ શકે તો પછી આવા અંધારા ઓરડામાં જવાની જરૂર શી ? આવા અનેક પ્રશ્નો કોઈ પણ વ્યક્તિને જાગે એ સંભવિત છે. આ પુસ્તકનાં હવે પછીનાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાનાંઓ પરથી કોઈ પણ જિજ્ઞાસુ આવા પ્રશ્નોનું સમાધાન મેળવી શકશે.

આ મૌનમંદિર એ પૂજ્ય શ્રીમોટાની એક મૌલિક વિશિષ્ટ દેણગી છે. પૂજ્ય શ્રીમોટામાં જે પ્રેમરૂપ પરમચેતના પ્રગટ થઈ છે. એ પ્રેમરૂપ પરમચેતનાનો અકળ અને ગૂઢ સાથ આ મૌનમંદિરમાં અનુભવાય છે. એ રીતે પૂજ્ય શ્રીમોટા મૌનમંદિરમાં બેઠેલા જીવો સાથે ગૂઢ રીતે ગાઢ સંકળાયેલા રહે છે, અને મૌન-એકાન્તના ગાળા દરમિયાન એ જીવાત્માઓની સર્વ પ્રકારે રક્ષા કરે છે, એને સતત ઊર્ધ્વ જીવન તરફ વાળ્યા કરે છે. જે ભાગવતી-દિવ્ય સંસ્કારો સંસારમાં રહીને ચિત્તમાં સ્થપાઈ શકે નહિ એવા એ સંસ્કારો મૌન-એકાન્તના સમય દરમિયાન ચિત્તમાં સ્થપાય છે. પૂજ્ય શ્રીમોટા આવા સંસ્કારોને વજ્ર લેપ જેવા ગણાવે છે, મનુષ્યના આ જીવન દરમિયાન કે પછી જ્યારે આ દિવ્યસંસ્કારો જાગ્રત થાય ત્યારે એ જીવ સહજ રીતે પ્રભુના પાવનકારી પંથે પ્રયાણ કરી જવાનો જ. આ સાથે સૌએ એ સ્મરણમાં રાખવું આવશ્યક છે કે જીવાત્મા પોતે પોતાના પ્રાકૃત જીવનના સંસ્કારોને વળાવવાના અને એ રીતે પોતાના જીવનને ઉન્નત કરવાના હેતુથી આ મૌન-મંદિરમાં પ્રવેશે છે. વળી આ મૌન-મંદિરમાં એક સપ્તાહ કે એથી વધુ સમય બેસવાથી આત્મસાક્ષાત્કાર થઈ જતો નથી; પરંતુ પ્રભુ પ્રત્યેની અભિમુખતા રહ્યા કરે એવી જાગૃતિ તો તેનામાં આવી જાય છે. પરિણામે સાંસારિક સંતાપ, ક્લેશ, અથડામણ, મૂંઝવણ, વગેરેથી ઊગરવામાં એને સહાય મળે છે; મતલબ કે સંસારમાં એવી પરિસ્થિતિ અને સંજોગો ઊભા થાય ત્યારે એ જીવનના ધ્યેય પરત્વે જાગૃત રહેવા મથે છે અને પરિસ્થિતિ તથા સંજોગોને તટસ્થ ભાવે નિહાળે છે. સંસારમાં આવો અનુભવ થવો એ મૌન-મંદિરમાં પડેલા સંસ્કારોનું વિરલ પરિણામ ગણાય.

પૂજ્ય શ્રીમોટા એ મૌન-મંદિર વિષે ક્યારેય પણ જાહેરાત કે પ્રચાર કર્યો નથી, એટલું જ નહિ પણ એવું કશું પણ ન થાય એની તકેદારી રાખી છે; કેમ કે તેઓશ્રી કહેતા કે જીવનને પ્રભુમાર્ગે વાળવાની જીવાત્માને ભૂખ લાગવી જોઈએ. તેઓશ્રીએ જ્યારે સમાજકલ્યાણની યોજનાઓનું કાર્ય શરૂ કર્યું ત્યારે જાહેરમાં બોલવાનું બનતું. એવે પ્રસંગે પણ તેઓશ્રીએ મૌન-મંદિર વિષે એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાનામાં પ્રગટેલી અનંત શક્તિઓ વિષે તેઓશ્રી દેહત્યાગ પર્યંત મૌન જ રહેલા. આમ છતાં એ પરમ ભાગવતી શક્તિ નિમિત્ત મળતાં સક્રિય બનીને પરિણામો નિપજાવતી જ રહી છે.

આમ છતાંય પૂજ્ય શ્રીમોટા મૌનસપ્તાહની પૂર્ણાહુતિ ટાણે, મૌનમંદિરમાં પ્રવેશનાર તથા મૌનમંદિરમાંથી બહાર આવનાર તથા તે વેળા એકત્ર થયેલાં ભાઈબહેનોની સાથે બેસીને પ્રેમળદાસનું જાણીતું ભજન 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે...' ગાતા - ગવરાવતા. એ પછી એક ટૂંકું પ્રવચન કરતા. એ વખતે મૌનમંદિરનો હેતુ, એમાં થતું સૂક્ષ્મ કાર્ય, એમાં બેસનારને થતા આધ્યાત્મિક લાભ વગેરે વિષે સમજાવતા. આવાં અનેક પ્રવચનોમાંથી સિત્તેર જેટલાં પ્રવચનોની નોંધ સદ્‌ગત ભાઈ શ્રી ચૂનીભાઈ તમાકુવાલાએ તથા શ્રી ચંપકભાઈ ભૂતવાલાએ લીધી હતી. એના આધારે આ પુસ્તકમાં સોળ પ્રવચનો સંપાદિત કર્યાં છે.

પૂજ્ય શ્રીમોટા કહેતા કે 'મારા ગુરુમહારાજ તો દંડો આપતા હતા, પણ મેં ના લીધો.' પૂજ્ય શ્રીમોટાનું આ વચન ઘણું માર્મિક છે. પૂજ્ય શ્રીમોટાએ નજરે જણાય એવો ગુરુદંડ ન લીધો એ ખરું, પણ એમની પાસે જે અતિ સૂક્ષ્મ પ્રેમદંડ છે એનો ઉપયોગ તેઓશ્રી એમનાં 'સ્વજનો'ને જગાડવા કર્યા જ કરે છે. અને એ 'ગુરુદંડ'નો ઉપયોગ મૌનમંદિરમાં બેસનાર જીવાત્માના અંતઃકરણની શુદ્ધિ માટે થાય છે. જ્યારે એ જીવાત્મા પૂજ્ય શ્રીમોટાની ચેતના દ્વારા થતી ગૂઢ ક્રિયાની પ્રતીતિ કરે છે ત્યારથી એ જીવાત્માનો હૃદયસંબંધ પૂજ્ય શ્રીમોટા સાથે બંધાય છે. જીવનના હેતુને લક્ષમાં રાખીને આવો હૃદય સંબંધ જેમ જેમ વધારતો જાય તેમ તેમ એ જીવાત્મા પ્રગતિ કર્યે જ જાય છે. પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિની એક અવિરત ચાલતી રહેલી સૂક્ષ્મ પ્રક્રિયા છે. જીવાત્માનું પાંસરાપણું કેળવાય એ માટે પ્રયોજાતી પૂજ્ય શ્રીમોટાની પ્રેમદંડશક્તિની અનુભૂતિ પૂજ્ય શ્રીમોટા સાથે અંતરથી સંકળાતો જતો જીવ અનુભવ્યા વિના રહેતો નથી.

પૂજ્ય શ્રીમોટાએ આ મૌનમંદિરને એક તીર્થ તરીકે ઓળખાવ્યું છે, એમાં ઘણું તાત્પર્ય રહેલું છે. આપણે તીર્થયાત્રા કરીએ છીએ, પવિત્ર ધાર્મિક સ્થળે જઈએ છીએ, સ્નાનવિધિ કરીએ છીએ, અને ભગવાનની મૂર્તિનાં દર્શન કરીએ છીએ. આટલું કર્યાથી આપણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
તીર્થયાત્રા કરીને પાવન થયાનો સંતોષ મેળવીએ છીએ; પરંતુ આટલું કરવાથી આપણા રાગદ્વેષ, કામક્રોધ, લોભ, મોહ, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા વગેરે મોળાં પડે છે ખરાં ? મૌનમંદિરમાં પ્રવેશેલો જીવાત્મા ભગવાનનું નામસ્મરણ અવરિત કર્યે જ જાય છે. આથી એના જ્ઞાનતંતુઓ (Tone up) શક્તિશાળી બને છે. વળી અંતઃકરણ શુદ્ધ બને છે. કેમ કે પોતાની પ્રકૃતિનાં વળાંકો, વલણો, મનના વિચારો-વિકારો; વૃત્તિના ઊથલાઓ-ઊભરાઓ એ નિહાળે છે, એને ઓળખે છે. આથી ઘણી વાર સાત્ત્વિક પશ્ચાત્તાપની તપશ્ચર્યાથી હૃદયને શુદ્ધ કરે છે. મૌનમંદિર એ અકળ ચેતનાશક્તિથી સભર સ્થળ છે. એમાં જીવાત્માનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની ઊલટસૂલટ ગતિ ઊભરાયે જાય છે અને ઠલવાયે જાય છે તેમજ હોમાયે જાય છે. અંતઃકરણનાં પ્રાકૃતિક વલણોને કર્મોમાં પરિણમવાની શકયતા જ ન હોવાથી, જીવનમાં એના સંસ્કારો બંધાતા નથી. આટલા પ્રમાણમાં જીવાત્મા વૃત્તિ-વલણોની પકડમાંથી મુકત થતો જાય છે, ઉપરાંત મૌનમંદિરમાં બેસનાર જીવાત્માનાં ઘણાંય પ્રારબ્ધકર્મો ઉદય પામે છે, છતાં એ પ્રારબ્ધકર્મો સંસ્કાર પાડ્યા વિના વહી જાય છે. આવી ક્રિયા જીવાત્મા ન જાણે એવી રીતે મૌનમંદિરમાં થયા કરે છે. અન્ય કોઈ પણ તીર્થમાં શક્ય નથી. એવી અન્તર્મુખતાથી જીવાત્મા પોતે જેવો છે તેવો પોતાને જોનારો - દ્રષ્ટા - બને છે અને પૂજ્ય શ્રીમોટામાં પ્રગટેલી ચેતનશક્તિથી પોતાના જીવનના હેતુને જાણનારો - જ્ઞાતા પણ બની શકે છે. આ રીતે એ આત્માના ગુણની પ્રતીતિ કરે છે, વળી સતત જપયજ્ઞ દ્વારા પોતાના અંતરમાં આકાશતત્ત્વને (સાત્ત્વિકતાને) વિકસાવે છે; એથી જો જાગૃતિ રાખે તો સંસારના આઘાત-પ્રત્યાઘાતને જ્ઞાનપૂર્વક ઉકેલતો રહે છે. આ રીતે મૌનમંદિરમાં જ્ઞાનવારિના સ્નાનથી એ સંસારમાં પણ પવિત્ર રહેવા માટે મથવાની શક્તિ પ્રાપ્ત કરે છે. આ મૌનમંદિરમાં જીવાત્મા આત્મસ્વરૂપને પામવા મથે છે. આ મથામણ એનું અદીઠ તપ છે. માનવજીવનના પરમ હેતુને જાણવા-સમજવાનું અને પામવા માટે ઝંખનાગ્નિ જગાડવા માટેનું ખરા અર્થમાં આ મહાતીર્થ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરમાત્મરૂપ પૂજ્ય શ્રીમોટાએ જીવાત્માને પરમાત્માભિમુખ કરવા માટેની આ આધ્યાત્મિક પ્રયોગશાળા યોજી છે. 'પોતે' એના એક સિદ્ધ પ્રયોગવીર છે. જીવાત્મા માટે તો આ જીવન સુવર્ણની શોધનશાળા (Gold-Refinery) છે. શુદ્ધ સોના જેવું મહામૂલું આત્મરૂપ જીવન આ મૌનમંદિરમાં શોધાય છે. અને પોતાનામાં અનેક જન્મોના મિશ્ર સંસ્કાર ભેળવાઈ ગયા છે એનાથી છૂટું પડે છે. પરિણામે પોતાના જીવનના અનોખાપણાની પ્રતીતિ પામે છે. પૂજ્ય શ્રીમોટાની ગૂઢ કળાના ઘણા સંકેતો આ પુસ્તકમાં છે તેથી તે પૂજ્ય શ્રીમોટાના આવા વિલક્ષણ-લાક્ષણિક કાર્યને સમજવામાં તેમ જ જીવનને ઊર્ધ્વ માર્ગે લઈ જવામાં ઘણાં જ માર્ગદર્શક અને પ્રેરક બને એવાં છે.

પૂજ્ય શ્રીમોટાએ પ્રેમળદાસનું પદ 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે'-નું રહસ્યદર્શન કરાવ્યું છે એ કોઈ પણ અધ્યાત્મજિજ્ઞાસુને પ્રતીતિકર જણાશે. જીવનમાં કલ્યાણમાર્ગે જનાર જિજ્ઞાસુ સાધકે કેવા પ્રકારની ભાવના દૃઢાવવી જોઈએ એનો ખ્યાલ આવા રહસ્યદર્શનથી મળે છે. પૂજ્ય શ્રીમોટાએ પ્રેમળદાસના આ પદને પોતાના વક્તવ્યના કેન્દ્રમાં રાખ્યું છે. એનો હેતુ પણ એમણે સ્પષ્ટ કર્યો છે. આપણા પ્રાકૃતિક વ્યવહારમાં શબ્દોના જે અર્થો કરીએ છીએ એ જ શબ્દોના અર્થો જીવનના વિકાસની ભાવનાના સંદર્ભમાં ઘણા જ બદલાતા હોય છે, એટલે દિવ્ય જીવનની ભાવનાને પ્રેરે અને પોષે એવા રહસ્યદર્શનથી આપણે એવા પ્રકારનાં ભજનપદોનું હાર્દ પામવા પ્રેરાઈએ છીએ; તેમ જ જીવનના નિમ્ન અને ઊર્ધ્વ રૂપને સમજવા માટે માર્ગસૂચક ગણીએ છીએ.

આમ તો પૂજ્ય શ્રીમોટા પત્રો તેમ જ પદ-ભજનો રૂપે વ્યક્ત થયેલા છે જ; પણ આ પાનાંઓ પર તો હરિઃ ૐ આશ્રમના ચોતરા પરથી પૂજ્ય શ્રીમોટાએ પોતાનાં 'સ્વજનો'ને ઉદ્બોધેલા શબ્દો છે. એમાં કોઈને સળંગસૂત્રતા ન જણાય, તેમ જ એ એક જ બાબતનું પુનરાવર્તન પણ લાગ્યા કરે; પરંતુ મુક્ત પુરુષ પોતાની સામે બેઠેલાઓની ભૂમિકા તેમજ પ્રાકૃતિક અવસ્થાઓને અવલંબીને જ વ્યક્ત થતા હોય છે. આમ તો, એમનું "મૌન" એ જ સાચી "વાણી" રૂપ હોય છે, એમને કશું કહેવાનું - બોલવાનું હોતું જ નથી. પણ આવાં નિમિત્તોથી વાણી પ્રગટ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થાય છે. માટે એમાં સળંગસૂત્રતા ન હોય એ સહજ છે. બીજું, પૂજ્ય શ્રીમોટાએ ભગવાનના નામને 'કૉમન ફેક્ટર' તરીકે ઓળખાવ્યું છે. એટલે એનું માહાત્મ્ય એ ગાયા જ કરે છે. તેઓશ્રીએ સ્મરણનું સાધન અતિ અતિ સૂક્ષ્મ કોટિનું સાધ્યું છે - સિદ્ધ કર્યું છે. નામસ્મરણ, જુદી જુદી ભૂમિકાઓના તેમ જ પ્રકૃતિના રૂપાન્તરની શકયતાના સંદર્ભમાં નવા નવા અર્થભાવ સૂચવે છે, આથી નામસ્મરણ વિષે નજરે ચઢતું પુનરાવર્તન સૂક્ષ્મતાથી વિચારનારને અનિવાર્ય જણાશે. પૂજ્ય શ્રીમોટાએ આ 'સ્મરણ' સાધનને એટલું બધું ઘૂંટયું છે અને એથી એની શકિતમત્તા એટલી તો સૂક્ષ્મ અને અસરકારક બની છે કે પોતામાં પરમાત્માનું પ્રાગટ્ય થયા પછી એમનું સ્મરણ માત્ર કોઈ પણ જીવાત્મામાં ઊર્ધ્વ ભાવ પ્રેરનારું સિદ્ધ થયું છે. વળી નામસ્મરણ વિષેનું પુનરાવર્તન વાંચનારના ચિત્તમાં સ્મરણભાવનાને દૃઢ કરવામાં સહાયરૂપ બને છે.

પૂજ્ય શ્રીમોટાની આ વાણી શ્રેયાર્થીને તેમ જ સર્વ સંસારીજનોને પ્રભુમાર્ગે આગળ વધારવામાં સહાયકારી નીવડે એવી પૂજ્ય શ્રીમોટાને ચરણે પ્રાર્થના કરું છું.

૯-૧૧-૧૯૮૧ રમેશ મ. ભટ્ટ

(ચોથી આવૃત્તિ)

ત્રીજી આવૃત્તિના પૃ. ૧૪૪થી ચાર પાનાંનું અગાઉ આવૃત્તિ (પહેલી)માં પ્રગટ થયેલું લખાણ સરતચૂકથી રહી ગયું હતું. ચોથી આવૃત્તિ માટે પુસ્તક તપાસતાં શ્રી જયંતીભાઈ જાનીએ આ ભૂલ શોધી આપી. એ બદલ એમનો આભાર માનું છું અને ધન્યવાદ પાઠવું છું. આ આવૃત્તિને અધિકૃત આવૃત્તિ તરીકે સ્વીકારવા વાચકોને વિનંતી.

- સંપાદક

'સંતસ્મૃતિ', ૧, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા
ઑફિસર્સ સોસાયટી, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોનઃ ૬૬૧૧૩૪૩
તા. ૨૪-૧-૯૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિવેદન

(ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાની મંગલવાણીનું પુસ્તક 'મૌનએકાંતની કેડીએ'ની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરતાં હર્ષ થાય છે. કેમકે પૂજ્ય શ્રીમોટાની વાણીની આ ગ્રંથશ્રેણીએ જિજ્ઞાસુઓને ખૂબ જ પ્રેરણા આપી છે.

'મૌનએકાંતની કેડીએ'ની પ્રથમ આવૃત્તિ વાંચીને સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકરે, એ આવૃત્તિના પ્રકાશક શ્રી ધીરુભાઈ મોદી પર લખેલો પત્ર આ કથનનું સમર્થન કરે છે. એથી એ પત્ર અમે આ સાથે પ્રગટ કરીએ છીએ.

આ આવૃત્તિને દોષમુક્ત રાખવામાં આ પુસ્તકના સંપાદક શ્રી રમેશભાઈનો અમને સાથ મળ્યો છે. તેઓ તો આશ્રમના અંગ સમાન છે. એથી એમનો આભાર શો માનીએ ?

આ પુસ્તક તથા આશ્રમના બીજાં કેટલાંક પ્રકાશનોનું સુઘડ અને ઝડપી મુદ્રણ કરી આપવાનું સાહિત્ય મુદ્રણાલયના યુવાન સંચાલકો શ્રી શ્રેયસભાઈ પંડયા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડયાએ પ્રેમભક્તિભાવે ઉદારદિલથી સ્વીકારીને અમને ઘણી હૂંફ આપી છે. હરિઃ ૐ આશ્રમ તથા પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના એમના આવા ભાવ માટે અમે એમના ઘણા આભારી છીએ.

સી. ડી. શાહ
મેનેજિંગ ટ્રસ્ટી,

હરિઃ ૐ આશ્રમ,
નડિયાદ
તા. ૬-૬-૮૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિવેદન

(ચોથી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ મૌનએકાન્તના સાધકો સમક્ષ હરિઃ.ઉૐ આશ્રમ (સુરત)માં જીવન અંગેની જે સરળ સમજૂતી આપતા ટૂંકા પ્રવચનો કરેલા એનાં પાંચ પુસ્તકો પ્રગટ થયેલા છે. એ પૈકીનું આ પહેલું પુસ્તક 'મૌનએકાન્તની કેડીએ'ની ચોથી આવૃત્તિ પ્રગટ થાય છે એનો આનંદ છે.

ત્રીજી આવૃત્તિમાં રહી ગયેલા દોષોનું નિવારણ આ આવૃત્તિમાં થયું છે. જેની નોંધ સંપાદકે લીધી છે. શ્રી. રમેશભાઈ આશ્રમના પુસ્તકોની નવી આવૃત્તિના પ્રકાશનમાં દેખરેખ રાખે છે એથી અમને ઘણો સંતોષ છે.

આ આવૃત્તિ પ્રગટ કરવા માટે પૂજ્ય શ્રીમોટાના પ્રિય સ્વજન નરોડા નિવાસી શ્રી. ઉમેદભાઈ ધનાભાઈ પટેલ (ભગત)નો સહયોગ મળ્યો છે. એ માટે અમે એમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અધ્યાત્મરસિક જિજ્ઞાસુઓ પૂજ્ય શ્રીમોટાની મંગલ વાણીને ઉમળકાથી આવકારશે અને આ આવૃત્તિની નકલો પણ ખરીદશે એવી શ્રદ્ધા છે.

હરિઃ ઉૐ આશ્રમ,
નડિયાદ
તા. ૧૦-૪-'૯૬

સી. ડી. શાહ
મેનેજિંગ ટ્રસ્ટી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રી ઈશ્વર પેટલીકરનો પત્ર

૧૦, પંચશીલ સોસાયટી,
અમદાવાદ.
તા : ૨-૬-૮૮

સ્નેહી શ્રી ધીરુભાઈ અને નિર્મળાબહેન,

આપના તરફથી "મૌનએકાંતની કેડીએ" પ્રસાદી મળી છે. એ તમારી ગણતરી કરતાં ભલે મોડી તૈયાર થઈ હોય, પણ એનું કવર સાદું છતાં એટલું આકર્ષક અને સુરુચિપૂર્ણ છે કે તે જ સૌ પ્રથમ ધ્યાન ખેંચે છે. પ્રિન્ટિંગ અને કાગળ તેમજ કિંમતનો એવો જ સુયોગ થયો છે.

"હરિને ભજતાં....." ભક્તિ કાવ્ય પૂજ્ય શ્રીમોટાને અતિ પ્રિય અને પ્રેરક હતું. તે જાણીને હું તેને ભજતો. પણ આ પુસ્તિકામાં એમણે જે સમજાવ્યું છે તે પામી શક્યો નહોતો. એ સ્થૂળ કથાનક પાછળનું રૂપક એમણે સમજાવ્યું છે તેથી ધન્ય થઈ ગયો. પુસ્તિકા મળતાં જ પ્રથમ બે લેખની પ્રસાદી લીધી અને પ્રસન્ન થયો.

આ પુસ્તિકા પ્રગટ કરવાની આપે પસંદ કરી તેમાં શ્રીમોટા પ્રત્યેની આપની ભક્તિ તો છે, પણ એની વિશિષ્ટતા પારખવાની સૂઝ અભિનંદનને પાત્ર છે. પૂજ્ય શ્રી નંદુભાઈએ શ્રી ભગતભાઈને અર્પણ કરી તમારા બન્નેનો સુમેળ સાધ્યો છે તે એમની શ્રીમોટાની ગુણજ્ઞતાની-પ્રોત્સાહનની દૃષ્ટિને આભારી છે. સંપાદન માટે ડૉ. રમેશભાઈને પણ ધન્યવાદ.

ઈશ્વર પેટલીકરના હરિઃ ૐ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમણિકા

અ નં.		પાન નંબર
૧.	હરિને ભજતાં	૧૭
૨.	સુખનો ઉપાય	૨૬
૩.	પ્રેમપૂર્વક ત્યાગ	૩૨
૪.	ઉત્તમ સેવા	૪૪
૫.	સાધનાનું રહસ્ય	૫૨
૬.	ભક્તોનાં દુઃખ	૬૬
૭.	જપ એ જ યજ્ઞ	૭૦
૮.	ભાવનાની ધારણા	૭૩
૯.	સાચું તપ	૮૦
૧૦.	કર્મનું મહત્ત્વ	૮૭
૧૧.	મૌનમંદિર શા માટે ?	૯૫
૧૨.	સંસાર-વ્યવહાર	૧૦૫
૧૩.	ભાવનાનું મહત્ત્વ	૧૧૨
૧૪.	સંતનું સૂક્ષ્મ કાર્ય	૧૮
૧૫.	સ્મરણનો અભ્યાસ	૧૨૫
૧૬.	'મોટા' સાથે દોસ્તી	૧૩૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મૌનએકાંતની કેડીએ

❑

પૂજ્ય શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"હું સર્વત્ર વિદ્યમાન છું."

- શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧

હરિને ભજતાં

હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે,
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે...ટેક
વહાલે ઊગાર્યો પ્રહ્લાદ હરણાકંસ માર્યો રે;
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે...હરિને (૧)
વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે...હરિને (૨)
વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે;
પાંચાળીનાં પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે...હરિને (૩)
આવો હરિ ભજવાનો લહાવો ભજન કોઈ કરશે રે;
કર જોડી કહે પ્રેમળદાસ ભકતોનાં દુઃખ હરશે રે...હરિને (૪)

આપણે હમણાં જે ભજન ગાયું, તે દેખાય છે સીધું સાદું, પણ આ માર્ગમાં જવાનું થયું ત્યારે મારા ગુરુ મહારાજે આ ભજન ગાવાની સલાહ આપી. આ ભજન મને પણ સાદું લાગ્યું. એના અર્થની તે વખતે મને સમજ પડી ન હતી પણ પછી ધીમે ધીમે સમજ પડી. એનું રહસ્ય ઊંડું છે. પહેલું પદ 'હિરણ્યકશ્યપ માર્યો' એમ કહેતા નથી પણ 'વહાલે ઊગાર્યો પ્રહ્લાદ' એમ કહ્યું છે. એટલે કે પ્રહ્લાદમાં જેવી જીવતી જાગતી તમન્ના હતી તેવી તમન્ના આપણમાં જાગે. અને તેવી તમન્ના વડે હિરણ્યકશ્યપનો નાશ થાય. આપણામાં પણ બન્ને વૃત્તિઓ હોય છે. પણ દૈવી વૃત્તિઓને જાગતી કરીએ તો આસુરી વૃત્તિનો આપોઆપ નાશ થાય છે. એટલે અહીં તો પહેલાં ટટ્ટાર થવાનું છે અને તો જ એ માર્ગમાં આગળ જવાની તક મળે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિભીષણને રાજ્ય

બીજા પદમાં વિભીષણને રાજ્ય આપવાની વાત છે તે રાજ્ય કેવું ? આપણા લોકોની સમજણમાં છે તેવું રાજ્ય નહિ પણ એ તો રામનો પરમ ભક્ત છે. સામાન્ય રાજવી નથી. એને તો આત્માનું રાજ મળે છે. એ ભગવાનમાં લીન થઈ જાય, સમર્થ બની જાય, એ પ્રકારનું - ચેતનનું રાજ્ય મળે છે.

હાથોહાથ હાર

ત્રીજા પદમાં 'નરસિંહ મહેતાને હાર' હાથોહાથ આપવાની વાત ગાય છે. આપણે એવી વાતોને હસી કાઢીએ છીએ. હું તો નાનો માણસ છું. મારાં વખાણ કરવા કહેતો નથી. પણ મારા જીવનમાં પણ એવી પ્રત્યક્ષ બનેલી હકીકત કહું છું. મને પણ ભગવાને ઉપરથી આપ્યું છે. હું હરિજન સેવક સંઘમાં કામ કરતો હતો. ફાળા અંગેના કેટલાય પ્રસંગો બનેલા છે. પરીક્ષિતલાલભાઈ વગેરે એના જાણકાર છે. એવા એક-બે પ્રસંગનું વર્ણન કહું. એક વખત ઠક્કર બાપાની ૭૦મી વર્ષગાંઠે નિમિત્તે, ૭૦,૦૦૦ રૂા. નો ફાળો ઉઘરાવવાનું નક્કી થયું. મહાત્મા ગાંધીજીએ પણ એ અંગે લખી હરિજનમાં છપાવેલું. હું એ વખતે કરાંચીમાં હતો, સિંધીઆ સ્ટીમ નેવીગેશન કું.ના મૅનેજરને ત્યાં રહેતો હતો. મને તે વખતે ઘણું લાગી આવ્યું. હું સંઘમાં પણ ઘણાં વર્ષ રહ્યો. પણ ગરીબાઈ ને કારણે ફાળામાં આપવાને મારી પાસે કશું મળે નહિ. મને ખૂબ સાલ્યું. રડવું પણ આવ્યું. આપણામાં સદ્‌ભાવના જાગે એટલું જ પૂરતું નથી, પણ આંતરિકપણે ભાવ રાખવો જોઈએ. તેના વિના સદ્‌ભાવના ચાલે નહિ. તેને આકાર આપવો જોઈએ. એનાથી જ નિરાકાર સાકારમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ફેરવાય. ચેતન અણુઅણુમાં પ્રસર્યું. આ અનંત કાળની પ્રક્રિયા છે એવી જીવતી જાગતી ભાવના હોવી જોઈએ. તે વખતે ચાગલા સાહેબ કૉર્પોરેશનના મેયર હતા. તેઓ કુરાનના ભક્ત હતા. તેઓ કુરાન વાંચે તેની મને સમજણ પડે તે અર્થ હું કાઢું અને કહું. પાદરી આવે અને કહે કે 'I and father are one'. તેમને પણ કહેતો કે એ તો અમારા વેદાંત કાળનો સિદ્ધાંત છે. એક વખત ચાગલા સાહેબના બંગલા આગળ ઊભો હતો. ત્યાં પડીકામાંથી રૂા. ૧૦ની નોટ મળી. કરાંચીના રસ્તા સાફ. જમશેદજી (મેયર)ની મહેનતને કારણે સફાઈની બાબતમાં કરાંચી હિંદુસ્તાનમાં પ્રખ્યાત હતું. એ પડીકામાં લખાણ હતું અને તે ઉર્દૂમાં હતું. મેં તે ચાગલા સાહેબને વંચાવ્યું. તેમાં લખ્યું હતું કે આ પડીકાની રકમ જેને મળે તે પોતાની ઇચ્છામાં આવે તેમ વાપરી શકે છે. આમ મારું ફાળામાં રકમ ભરવાનું આપોઆપ બન્યું.

બીજી એક વખતે માલવિયાજીએ ફાળા માટે અપીલ કરેલી. માલવિયાજી વિદ્વાન હતા. આપણી હિંદુ સંસ્કૃતિના પ્રતીક સમા હતા તેમની અપીલના જવાબમાં ફાળો ભરવાની ઉત્કટ ઇચ્છા હતી. તે દરમિયાન એક વખતે ચંદ્રભાગા અને સાબરમતી વચ્ચે હેમંતભાઈ સાથે જતો હતો. તેમની પાસે તો ઇશ્વરે આપેલા બે પૈસા છે એટલે તેમણે તો રૂા. ૫૧ મોકલી આપવાનું કહ્યું. પણ મારી પાસે તો કશું હતું નહિ. હું તેમની અપીલના જવાબમાં કશું આપી શકું એવી ઉત્કટ તમન્ના હતી. તે વખતે પણ ભગવાને મારું કામ કર્યું. મને ચાલતાં ચાલતાં લઘુશંકા થઈ. હું લઘુશંકા કરવા બેઠો. ત્યાં પડીકું મળ્યું. તેમાંથી બે વીંટી મળી. તેમાં પણ પહેલા વખત જેવું જ લખાણ હતું. જીવનમાં આવા સાત-આઠ બનાવો બન્યા છે. એટલે આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હકીકત બની શકે તેવી છે, એ સત્ય હકીકત છે. આપણી બુદ્ધિ ભલે ન સ્વીકારે, પણ ભક્તોના જીવનમાં બનેલું છે. અને હાલમાં પણ બનતું હોય છે. પણ ખરી વાત તો સુરતા લાગી જવી જોઈએ. જેનું એવું થઈ જાય છે તેની - તેવા ભક્તોની ક્યારેય આબરૂ જતી નથી. મારા તમારા જેવાની જતી રહે છે.

મીરાંબાઈનાં ઝેર

પછીના પદમાં 'વહાલે મીરાં તે બાઈનાં ઝેર હળાહળ પીધાં રે' -આપણામાં તો હળાહળ ઝેર ભરેલું છે. લોભ, કામ, મોહ, મત્સર પ્રસરેલા છે. આપણે પણ ચેતનાની અપેક્ષાએ ભક્ત બની રહીએ તો ए હળાહળ ઝેર પી જાય છે. એટલે આ બધું દૂર થાય. મેં તો આ બધું રૂપકના અર્થમાં ઘટાવ્યું છે. આવું એકદમ બનતું નથી. ભગવાનના ભક્ત થાય તેને માટે 'with conscious motive' ઉત્કટ પુરુષાર્થ કરો તો ઝેર જરૂર પી જાય. આજે પણ એવા છે અને અનેક લોક કહી ગયા છે કે મીરાંબાઈનાં ઝેર પીધાં અને પાંચાલીનાં ચીર પૂર્યાં. આપણે પણ પાંચાલીની માફક નગ્ન થવાનું છે, વસ્ત્રો કાઢી નાખીને નહિ પણ મોહ-મત્સરરૂપી આવરણો જે આપણને વળગેલાં છે તેને કાઢી નાખવાનાં છે. અને એ રીતે આવરણોથી મુક્ત થવાનું છે. અને તેવું થાય તો ભગવાન ચેતનરૂપી ચીર પૂરે છે.

ભક્તોનાં દુઃખ

છેલ્લે 'આવો હરિ ભજવાનો લહાવો ભજન કોઈ કરશે રે' ગાયું છે, લખનારે વિશેષ સત્ય મૂક્યું છે. ભક્તોને પણ દુઃખ હોય છે. તેઓને તેની આજુબાજુ રહેલા અનેક લોકોને દુઃખથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવરાયેલા જોઈને ચેન પડતું નથી. એ તો બધામાં ચેતનને જોતો હોય છે. અને એ રીતે લોકોને દુઃખી જોઈને સહન કરી શકતો નથી. એ બધા ભગવાનને માર્ગે જાય તો સુખ પામે. સંત ભક્તોએ આધાર આપ્યો છે ભગવાનનું શરણ. એનાથી સહારો મળે છે, ઓથ મળે છે અને કલેશ, દુઃખ, મૂંઝવણ વગેરેમાં ભગવાનના શરણથી હળવાશ થાય છે. સંસાર વહેવારમાં બીજું પણ એક પાસું છે. અને તે ગૂંચ - મુશ્કેલીથી આવરાયેલું છે. જ્ઞાનીને પણ તેવું હોય છે. પણ સંસારના લોકો આવરાઈ જાય છે. ભક્ત કદીયે આવરાઈ જતો નથી. એટલો ફેર છે. કોઈ મનુષ્ય બાકી નથી. અને હવે પછી એ બધું રહેવાનું; પણ ભક્તના હૃદયમાં શાંતિ, ધીરજ, પ્રસન્નતા, તટસ્થતા જળવાઈ રહે છે. બધાની ઇચ્છા તેવી હોય છે, પણ કાંઈ એવું ઇન્જેક્ષન નથી કે તેવું બની જાય. એને માટે એક જ આધાર અને તે ભગવાનનું સ્મરણ - એવું ભક્તો કહી ગયા છે. અને તે પ્રયોગાત્મક છે એવું કહી ગયા છે. એટલું જ નહિ પણ ન્યોછાવર કરીને - યા હોમ કરીને કહી ગયા છે. એ જેમતેમ બતાવ્યું નથી. કરુણા લાવીને તેમ કર્યું છે એથી કરીને જરૂર શાંતિ મળવાની.

અખંડતાથી ઊર્ધ્વગમન

મને હિસ્ટીરિયા થયો હતો; ફેફરું થયું હતું અને હું નર્મદામાં આપઘાત કરવા ગયો હતો. ત્યારે કોઈ સાધુએ મને નામસ્મરણ કરવાનું કહ્યું હતું. તે વખતે મને ગેડ બેસી ન હતી. નામસ્મરણ કરવાનું કહ્યું એના કરતાં કોઈ જડીબુટ્ટી આપી હોત તો મને વધારે ગમ્યું હોત. શબ્દથી રોગ મટે એ વાત ગળે ઊતરી નહિ તેથી નામ લીધું નહિ. ત્રણેક મહિના પછી વડોદરા ગયો હતો. કોઈક ભાઈને ત્યાં ત્રીજે માળેથી નીચે પડયો. વાગ્યું પણ ખરું ; ત્યારે મને સાધુની વાત યાદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
આવી. તે દશામાં તે સાધુનાં દર્શન થયાં અને પ્રયોગ કરી જોવા કહ્યું. એટલે પ્રયોગ કરવામાં શું ગયું, એમ કરીને નામસ્મરણ કરવા માંડયું, પહેલાં તો વચ્ચે વચ્ચે ભૂલ થાય, ભૂલી જવાય એમ ત્રણેક મહિના ચાલ્યું. Frequency આવે જ નહિ. Intensity પણ ઘટે. પછી મને જુસ્સો આવ્યો. જ્યાં સુધી અજપાજપ - અખંડતા પ્રકટે નહિ ત્યાં સુધી કરણોનું sublimation ઊર્ધ્વગમન થાય નહિ. સાત્ત્વિક રીતે તેવું તો જ થાય. એ ગણિતશાસ્ત્રના જેવી ચોખ્ખી વાત છે. આમ ગોળ ખાધે ગળ્યું થઈ જાય તેવું નથી. અનુભવ કરવો હોય તો વળગી રહેવું પડે. અભ્યાસ વિના કોઈ પણ વિષયનું હાર્દ પકડાય નહિ. એને માટે વૈરાગ્ય જોઈએ. વૈરાગ્ય એટલે અનાસક્તિ અને નિરહંકારીત્વનો sum total. તેવી ભાવના લોકોમાં બહુ ઓછી હોય છે.

દુર્લભ મનુષ્યદેહ

લોકોમાં પણ આશા, લોલુપતા તૃષ્ણા હોય છે. જગતમાં બધે તેવું જોવામાં આવે છે. સંઘમાં (હરિજન સેવક સંઘમાં) પણ આવું જોતો. જગત દ્વંદ્વનું બનેલું છે. સ્વાર્થ-પરમાર્થ; તેજ અંધકાર - એ બધાં પાસાં વિચારવાનું મિત્રોને કહું છું. તેઓ કહે છે કે વેપાર કેવી રીતે થાય ? હું કહું કે હમણાં મંદી છે, ત્યારે તો કરો. બે પૈસાનો પરમાર્થ કરો. સ્વાર્થ એકલો નહિ ચાલે. મનુષ્યજીવન ઘણું દોહ્યલું છે. એ આમતેમ ફેંકાફેંકીની વાત નથી. સંત ભક્તોએ પણ મનુષ્યદેહ દુર્લભ કહ્યો છે. ચૌદ પ્રકારની યોનિ છે. એમાં આ જ યોનિ ઉત્તમ છે. કારણ આપણને બુદ્ધિ છે. દેવ વગેરે યોનિમાં એક જ પ્રકારનું જીવન હોય છે. ઢોર યોનિમાં પણ ભય, ભૂખ, મૈથુન, નિદ્રા એ ચાર વસ્તુ હોય છે પણ કશો વિવેક હોતો નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્મકલા

આપણે એક કર્મ કરતાં અનેક પ્રકારના વિચારો કરીએ છીએ. અને તેમ કરીને અનેક કર્મો ઉપજાવતા જઈએ છીએ. આપણે ભલે સંસારનાં કોઈ કર્મમાં રત હોઈએ પણ એકમાત્ર તે કર્મનો જ વિચાર કરતા હોઈએ, એકાગ્રતા ત્યાં જ હોય, તો તે કર્મ સારું થાય છે અને એમ ઉત્તમ પ્રકારનું કર્મ શાંતિ, પ્રસન્નતા, ધીરજ, સમતા પ્રગટયા સિવાય થતું નથી. તેના સિવાય તમે કર્મ પણ ન કરી શકો. અહમ્‌પૂર્વક સિદ્ધાંતની વાત નહિ કરો તો જ કર્મ સારી રીતે કરી શકો. આ બધું પ્રગટેલું હોય તો જ ઉત્તમ કર્મ થાય. એવું ઘણા ભાઈઓને કહું છું.

હરિજન સેવક સંઘમાંથી તો મને ઘઉંમાંથી કાંકરો કાઢી નાખે તેમ કાઢી નાખ્યો છે. કામ કરતો ત્યારે વહાલો લાગતો. હું ક્યારેય બોલતો નહિ. મૌન રાખીને કામ કરતો. ક્યારેય પ્રવચન કર્યું નથી. ભગવાનનો અનુભવ કરવા જ પ્રવૃત્તિ કરી છે. કાર્યકર્તાઓ સેવાની વાતો ભલે કરતા હોય, પણ સ્વભાવ, પ્રકૃતિ તો તેના કર્મમાં ઊતરે જ ને ! અને તે medium તો ખરું જ ને ! રાગદ્વેષવાળી બુદ્ધિ હોય તો તે કર્મમાં ઊતરે જ, એટલે રાગદ્વેષ વધે, ભેદ વધે. ગાંધીજીએ કહ્યું કે અહિંસા પાળો, પણ સાચા અર્થમાં કોઈએ તેમ કર્યું નથી. એટલે ભેદ વધવા માંડયો. ઉત્તમ કર્મ માટે શાંતિ, પ્રસન્નતા, ધીરજ કેળવવાની ખાસ જરૂર. કેવી રીતે તેમ કરવું તે કોયડો છે. એનો ઉપાય એ જ કે ગૂંચ આવે ત્યારે તે વિષયથી દૂર હઠવું, તો ઉકેલ આપોઆપ મળે. હું ભણતો ત્યારે ભૂમિતિમાં ગૂંચ આવે એટલે એકી કરવા કે જાજરૂ જાઉં ત્યારે તે ઉકેલ જડતો. એટલે આપણે વેગળા થતા જઈએ. દ્વંદ્વ અને ભેદની પદ્ધતિથી વેગળા થઈ જઈએ તો ગીતાજીમાં કહ્યું છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri
તેવી દ્વંદ્વાતીત - ગુણાતીતની ભૂમિકા પ્રકટે. એ દુર્લભ નથી. જેવી રીતે નદીમાં પાણી વહે છે, જેવી રીતે શ્વાસોચ્છ્વાસ લેવાય છે તેટલું જ તે સરળ છે, આપણામાં ચેતન છે. પણ તમન્ના નથી. હેતુ નથી. આપણા ચેતનનો કશો અર્થ નથી. આપણને જીવનની પડી નથી. મનુષ્યત્વ - માનવ શરીરની આપણને પડેલી નથી. આપણે દ્વંદ્વમાં એટલા બધા રત થઈ ગયા છીએ કે એ તારવવું મુશ્કેલ છે એટલે આ એક સાધન છે. એને વળગો તો કૂણી ભૂમિકા પેદા થાય. મનથી તો માણસ વિચારે, પણ હૃદય કૂણું નથી. એટલે કરુણા ઊપજતી નથી. ભાવના પ્રકટતી નથી. સમર્થ કાર્યકર્તા - સેવકોમાં પણ ભગવાન વિષે નિષ્ઠા પ્રકટતી નથી. નિષ્ઠા પ્રકટે તો સમાજનાં ઘણાં કામો થઈ શકે. ભગવાન એટલે ચાર હાથવાળા ભગવાન - છબીમાં હોય છે તેવા નહિ, પણ સર્વત્ર વ્યાપેલા ચેતન સ્વરૂપ. તેને હૃદયમાં સ્થાપિત કરીએ અને તે થકી સેવા કરીએ તો સમાજને ઉઠાવવામાં બહુ મદદ થાય છે.

સંતનો ટેકો

ઇતિહાસ પણ સાક્ષી પૂરે છે. મધ્ય યુગમાં જ્યારે ખૂબ ત્રાસ પ્રસરેલો ત્યારે સંતોની પરંપરા જાગી. તેઓ કશું કહેવા ગયા ન હતા કે હથિયાર પકડો, પણ તેમના અસ્તિત્વ માત્રથી લોકોનાં દિલમાં ઓજસ વ્યાપી ગયું. ભગવાનના ભક્તોના કારણે તેમ બન્યું. એ લોકોના અસ્તિત્વથી હિંદુ સંસ્કૃતિ ટકી છે. લોકોની માનસિક ભાવનાને જરા પણ ઊંચે આણીએ તે પણ મોટી સેવા છે. સ્થૂળ સેવા કરતાં પણ એ સારું છે. આપણે સેવકોએ આ ઇતિહાસની વાત સમજવા જેવી છે. અમે પણ મહાત્મા ગાંધી પાસે શીખ્યા છીએ. શરીર જરૂરનું નથી એમ પણ નહિ; પણ આવું ન પ્રકટે તે પણ ચાલે નહિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમારામાં હોય તો અમે બીજામાં ભરી શકીએ. સમાજ-વ્યક્તિ એકબીજા સાથે જોડાયેલાં છે. એટલે ગુણદોષ પણ આવવાના. ફક્ત કર્મ કરવું - બીજું કશું નહિ. ભૂખે મરવું પડે તો ભલે, પણ આ સિવાય (ભગવાનના કર્મ સિવાય) કર્મ કરવું નહિ. ગરીબી હતી તો પણ તેવું વ્રત લીધેલું.

ગુરુ મહારાજે કહ્યું હતું કે સંસ્થાનો, કૉંગ્રેસનો સભ્ય થઈશ નહિ. હરિજન સેવક સંઘમાં વ્રત લેવાનું હોય છે. ત્રણ વર્ષ હરિજન સેવા કરવી. મેં સભ્ય થવા ના પાડી. એટલું જ નહિ વ્રત લેવા પણ ના પાડી. હું તો હરિનું મનનચિંતન કરીશ. રાખવો હોય તો રાખો નહિ તો નહિ. મને તો ગુરુ મહારાજે આવું શીખવ્યું છે. સમાજને લક્ષમાં રાખીએ તો સમાજ આવે. ચેતનને-નિરાકારને લક્ષમાં રાખીએ તો તેવું થવાનું. આ કાળમાં ભગવાનના નામસ્મરણના સાધન સિવાય બીજું કશું બરાબર નથી. યોગ - હઠયોગ છે. એનાથી જલદી લાભ મળે પણ તે માટે જરૂરી ચિત્ત-વૃત્તિ આ કાળમાં નથી. જૂજ લોકો તે કરી શકે. આમજનતા માટે તો નામસ્મરણ જેવું કોઈ સાધન નથી. એ કોઈ પણ કરી - લઈ શકે એવું આ સરળ સાધન બધાને લાગુ પડે. આ કરીએ તો એવી ભાવના પ્રકટે છે. અભ્યાસ પાડી અજપાજપ સુધી લઈ જઈએ ત્યારે જ ખબર પડે કે એનો શું અનુભવ છે.

તા. ૧૬-૮-૧૯૫૯

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુખનો ઉપાય

વ્યવહારમાં પ્રકૃતિ

ભગવાનનું નામસ્મરણ એ એક એવો શબ્દ છે કે જેમની બુદ્ધિ પ્રકાશમાન છે તેને તર્ક થયા વગર રહે નહિ. તેવાઓને થાય કે તેનાથી જીવનમાં શો પલટો આવે ? તેના કરતાં જીવનમાં બીજી કોઈ પ્રવૃત્તિ કરીએ. સમાજની સેવા કરીએ, સમાજની અંદર સમાજના બીજા જીવો માટે ભાગ લઈ શકીએ; તો પલટો આવે. મને પણ પહેલાના વખતમાં આવું લાગતું. ભગવાનના નામસ્મરણ માત્રથી જીવન ઊંચે લઈ જવાય તેવું સ્વીકારી શકાતું નહિ. આનો ઉકેલ મને મળતો નહિ, પણ ધીમે ધીમે અનુભવે મને લાગ્યું કે માણસની પ્રવૃત્તિ સાથે પ્રકૃતિ અને સ્વભાવ સંકળાયેલા છે. આપણે મનુષ્યોની સાથે દરેક પ્રવૃત્તિ સ્વભાવ અને પ્રકૃતિ પ્રમાણે જ કરીએ છીએ. આપણે જીવો સાથેના સંબંધોમાં પણ તેમ જ કરતા હોઈએ છીએ. વર્તન વ્યવહારમાં જે રીતે વર્તાતું હોય તેનું medium (માધ્યમ) પ્રકૃતિ અને સ્વભાવ છે. આપણે ઘણા માનવી સાથે પ્રવૃત્તિને કારણે સંકળાયેલા હોઈએ છીએ. જે જે જીવો સાથે સંકળાયેલા હોઈએ તે દરેકનાં પ્રકૃતિ અને સ્વભાવ જુદા જુદા પ્રકારનાં હોય છે. અને તે પ્રકૃતિ સ્વભાવ પ્રમાણે જ વર્તાતું હોય છે. આમાં ઇચ્છા-અનિચ્છાનો કોઈ સવાલ રહેતો નથી. જેવી રીતે અગ્નિ ગરમ છે, એવું આપણી સમજણને કારણે લાગે છે; તેવી રીતે કર્મને પણ જુદી જુદી રીતે કરવાનું હોય છે અને સંત-મહાત્માઓ તેમ કરતા હોય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રવૃત્તિની પસંદગી

કર્મ વ્યવહારમાં અનેકની સાથેના સંબંધમાં પ્રકૃતિ - સ્વભાવના કારણે અશાંતિ, સંઘર્ષ, ગૂંચ, મુશ્કેલી પ્રકટે છે. શાંતિ રહેતી નથી. આવા સંત મહાત્માઓ જીવનમાં અનેક જીવો સાથે આવી રીતે સંબંધમાં હોય છે. અને તેવા તેને કારણે બધા સાથે જીવદશામાં ભાગ લેતા હોય છે. સમાજમાં આપણે કોઈનાં બાપ, મા, બહેન, ભાઈ, દીકરી, દીકરા હોઈએ છીએ. જીવનમાં દરેક સાથે જે રીતે સંબંધ હોય તે રીતે વર્તતા હોઈએ છીએ. તેમને કારણે આપણને દુઃખ-અશાંતિ વગેરે થાય છે. અને આપણા કારણે તેમને પણ તેવું થતું હોય છે. સંસારમાં બીજા જીવોથી આપણને ત્રાસ, સંતાપ, કલેશ, હરકત, મુશ્કેલી થયા વિના રહેતી નથી. એનાથી મુક્ત થવું હોય તો ગમે તે પ્રકારની પ્રવૃત્તિ લઈએ તો મુક્ત ન થઈ શકીએ. પ્રવૃત્તિ એવા પ્રકારની હોવી જોઈએ કે જેનાથી બીજા સાથેનો સંપર્ક ઓછામાં ઓછો હોય અને આપણે તેનાથી અલિપ્ત થતા જઈએ. આવી પ્રવૃત્તિ એ નામસ્મરણ છે. તેની સાથે આપણી ચાલુ પ્રવૃત્તિ પણ થઈ શકે.

નામસ્મરણથી એકાગ્રતા

ભગવાનની કૃપાએ મને ફેફરું નામનો રોગ થયો. મને એક મહાત્માએ નામસ્મરણ કરવાનું કહ્યું. તેમાં એવું જોશ પ્રકટતું ગયું કે તેને કારણે ગુંજન પ્રકટવા લાગ્યું. શબ્દના ગુંજનને કારણે ભાવનાપૂર્વક ઉચ્ચારણ થવા લાગ્યું. અને જ્યારે તે ભાવનાપૂર્વક થવા લાગ્યું ત્યારે ધૂન પ્રકટવા લાગી. આ જે કરે તેને ખબર પડે. એ હકીકતની વાત છે. કલ્પનાની વાત નથી. જ્યારે નામસ્મરણમાં સાતત્ય પ્રકટે ત્યારે ધૂન પ્રકટે. અને ધૂન પ્રકટે તો લય (રીધમ) થાય. તેને કારણે ડોલન થવા લાગે. અને ડોલન થવાની સ્થિતિથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
એકાગ્રતા આપમેળે થાય. નામસ્મરણમાં જેમ જેમ સાતત્ય વધે તેમ તેમ એ વિશેષ ગાઢતાવાળું થાય. એવું થાય ત્યારે પ્રવૃત્તિ કરતા હોવા છતાં, બીજા સાથે સંબંધમાં આવ્યા હોવા છતાં, દુઃખ, કલેશ, સંતાપ, વગેરેની હાજરી હોવા છતાં, તે લેપાતો નથી. જેમ જેમ તમે આગળ વધતા જાઓ તેમ તેમ અશાંતિ લાગે નહિ.

નામસ્મરણથી આત્મબળ

વિમુખ થઈએ તો ઉકેલ જડે છે. એટલે પ્રવૃત્તિ કરતાં કરતાં તેનાથી વિમુખ થઈને તે કરતાં જવી જોઈએ. એટલે નામસ્મરણથી પ્રવૃત્તિમાં હોઈએ તો તે સુખદ બને અને આત્મબળ ટકી રહે છે. એ અનુભવેલી હકીકત છે. ભગવાનનું સ્મરણ એ હાલની જીવદશાની પ્રવૃત્તિ કરતાં જુદી છે. આપણે દ્વંદ્વાતીત, ગુણાતીત થયા નથી. નામસ્મરણથી એ સ્થિતિ પ્રકટે છે. કલેશ, સંતાપ, દુઃખ, મુશ્કેલી ઓછી થાય છે. નામસ્મરણને કારણે ધીમે ધીમે એવો અનુભવ થયો. ૧૨-૧૪ કલાક કામ કરતો. તે વખતે થોડી વાર પણ ભગવાનના ગુણધર્મ માટે અને એના મનન ચિંતવન માટે ભાન જાગતું; બાકી રહે નહિ. નામસ્મરણ એકલાથી નહિ ચાલે એમ લાગ્યું. તે વખતે ગુરુ મહારાજે કહ્યું કે સાતત્ય પ્રકટે ત્યાં સુધી લઈ જવું, બીજી કશી ભાંજગડમાં પડવું નહિ. જેમ જેમ ભાવના પૂરેપૂરી શબ્દમાં પ્રકટે અને સાતત્ય પ્રકટે તેમ તેમ ભાવનામાં ગાઢતા પ્રકટે છે. અને એવી સળંગતા પ્રકટે ત્યારે સમાજમાં રહેવા છતાં દુઃખ થાય નહિ. આ હકીકતની વાત છે. સંઘર્ષ, અશાંતિ, દુઃખ, કલેશમાંથી ઊગરવાની બધાંની ઇચ્છા હોય છે, પણ એમ એમાંથી બચાતું નથી. એમાંથી ઊગરવા માટે તો ઊંચી પ્રવૃત્તિમાં સતત એકધારા પડીએ, ઝંપલાવીએ અને તેને અંગે જીવતું જાગતું ભાન રખાય, એવી ભાવના જીવનમાં પ્રકટે ત્યારે તે બીજા જીવો સાથે અનેક રીતે દુઃખ, કલેશ, વગેરેમાં સંકળાયેલો હોય છતાં સ્પર્શ થતો નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વચ્છ જીવનની ભૂમિકા

ગીતા માતાએ પણ કહ્યું છે, -

'ન મામ્ કર્માણિ લિપ્યન્તે ન મામ્ કર્મફલે સ્પૃહા' વૈજ્ઞાનિકો પ્રયોગ કરીને બતાવે છે તેમ શાસ્ત્રકારોએ અને સંત-મહાત્માઓએ અનુભવીને આપ્યું છે. કર્મ કરવા છતાં આવા માણસો લેપાયમાન થતા નથી. એવાઓને કર્મ જે પ્રકારે થતાં હોય છે તેમાં જીવપ્રકારની દશા નથી લાગતી. તેવાઓને સ્પૃહા ન હોય. નિરહંકારતા, નિર્મમત્વ, નિર્લેપતામાં રહેવા માટે શાંતિની ખાસ જરૂર છે. બધા જીવો સાથે આપણે પ્રેમભાવથી-સદ્ભાવથી વર્તીએ. નમ્રતા છે, છતાં બુદ્ધિશાળી માણસોમાં એટલી બધી સમજણ હોય છે કે આગ્રહપૂર્વક કહે છે કે આ જ સાચું. આવા આગ્રહો ટળવા જોઈએ. સંતો નિરહંકારતા-નિર્મમત્વની રીતે કરવાનું કહે છે. એ ભક્તિપૂર્વક કરવાનું હોય. એટલે બધાં સાથે અનાસક્તિથી અનાગ્રહની રીતે વિચારી વિચારી કામ કરવાનું રાખીએ તો નામસ્મરણનો ઉઠાવ આવે છે. જેવી રીતે લૂગડું રંગવું હોય (આ શરીરનો ધંધો રંગવાનો હતો) ત્યારે તેને સાફ કરવાનું હોય છે. કોઈ વાર ધોબીને પણ આપવું પડે. રંગનો ઉઠાવ લાવવા તેને બરાબર સ્વચ્છ કરવું પડે છે. નામસ્મરણમાં ઉઠાવ લાવવા માટે જીવનને એટલું જ સ્વચ્છ બનાવવાની જરૂર છે. પ્રત્યક્ષ જીવનમાં આ જ બધા ગુણો અનુભવી શકીએ અને તેની ખાતરી થઈ જાય ત્યારે જ સમજણ પડે. આપણે બધાં તેમ કરી શકીએ નહિ. બધાં કરતાં નથી. ભગવાન છે અને બધા તેનાં અંગ છે, એમ કહીએ છીએ. તે બધાને ભમાવે છે તેમ ભમીએ છીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યા હોમ કરીને-

ગીતા માતાએ પણ તેમ કહ્યું :

ભ્રામયન્ સર્વ ભૂતાનિ

હાલની દ્વંદ્વાત્મક, ગુણાત્મક પ્રવૃત્તિથી વેગળા થઈએ તો અનંત પ્રકારનો આનંદ પ્રકટે, કે જે આનંદની સીમા નથી. તે ઉત્સાહને કશા સાથે સરખાવી નહિ શકાય. એટલે તેને અવર્ણનીય કહ્યો છે. એ ન થઈ શકે તેવું નથી. એ બધું બની શકે તેવું છે. એવો સાબિતીપૂર્વકનો પ્રયોગ છે. ન થવાનું કશું કારણ નથી, પણ તેવી તમન્ના પ્રકટતી નથી. એ માટે જ્વાળામુખી જેવી ધગધગતી તમન્ના, ગુરુમહારાજના આશીર્વાદને કારણે કે ઈશ્વરની કૃપાએ, પ્રકટે તો અનુભવ થયા વિના રહે નહિ. ગીતામાં પણ પ્રમાણ કહ્યાં છે; 'મારું ચિંતવન અનન્યભાવે કરે, સાતત્ય પ્રકટે, તેનું યોગક્ષેમ હું બધી રીતે ચલાવું છું.' પણ એણે જે પહેલી વાત કહી છે તે કોઈ પાળતું નથી. દુઃખો પડે ત્યારે તેવું કહીએ છીએ ખરા કે ભગવાનની પ્રસાદી છે ? પણ હકીકતની વાત છે. અનુભવની વાત છે. પ્રયોગની દૃષ્ટિએ સાચું છે કે એવું અનન્યપણું પ્રકટે ત્યારે એકધારા ઝંપલાવીએ - યા હોમ કરીને પડીએ ત્યારે યોગક્ષેમ ઈશ્વર જ ચલાવે છે. પણ એવું બધા તો કરતા નથી.

મૌન એકાન્તનો અનુભવ

મને તો ગુરુ મહારાજે હુકમ કરેલો છે એટલે આ કરું છું. સારું નરસું વિચારતો નથી. આમ તો હું સેવાના ક્ષેત્રમાં હતો. મને લાગ્યું કે તેમાં કામ ન થઈ શકે. લીલો રંગ નજરે પડે. ભજન વગેરે ગવાતાં હોય, સારી વાતો થતી હોય ત્યારે ભાવાવેશ થઈ આવે. તો મેં મારી મા પાસે આશીર્વાદ માગ્યા ત્યારે કહેવા લાગી કે ચકલાને દાણો ખવડાવવા જેટલી તો તારી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શક્તિ નથી. ગુરુ મહારાજે હુકમ કરેલો છે કે તારે કોઈને બોધ દેવો નહિ. પ્રવચન કરવું નહિ. મૌનમાં ઊઠવા બેસવાનું થાય ત્યારે બે શબ્દો બોલવા. તેથી બે વાત હું કહું છું. બાકી હું બોલતો નથી. જીવનમાં કોયડો, ગૂંચ, વગેરે તો આવવાનું. તેવે વખતે નાસી છુટાય નહિ. બધાને જોઈએ છે બધું, પણ તે અંગેનો માર્ગ કોઈ લેતું નથી. કોઈ કહે તો તેને કહું છું કે મૌનમંદિરમાં પુરાશે તો શાંતિ થશે. અંદર બેસનારથી નામ લેવાય છે એ હકીકત છે. મારો નાનો ભાઈ મારો વિરોધ કરતો. આ તૂત છે એમ કહેતો. એ મારી સાથે રહે પણ નહિ. અમે ભાઈઓ - એક મા જણ્યા - હોવા છતાં જુદી જુદી પ્રવૃત્તિને કારણે સાથે રહ્યા નથી. આ વખતે આફ્રિકાથી આવ્યો. ત્રણ-ચાર મહિના મારી સાથે રહ્યો. કોઈ દિવસ તે બેસે તેવી કલ્પના પણ થાય નહિ. તેને મરજી થઈ. તેણે કહ્યું, 'હું બેસું, પણ કરું શું ? બાળ કેળવણીનાં ગીતો લખું. લેખો લખું.' મેં તો બધાંની 'હા' પાડી. તારે જે કરવું હોય તે કર, પણ અંદર રહે તો ખરો, અને જે દિવસે ૨૧ દિવસ બેસવાનું નક્કી કર્યું તે દિવસે મને જે આનંદ થયો તેવો આજે ભાઈએ કૃપા કરવાથી થયો. સતત નામસ્મરણ થયું. ૧૭-૧૮ કલાક બોલાયું હતું. ગાંધી આશ્રમનાં એક બહેનથી ૨૨ કલાક થયું હતું. કાઠિયાવાડના ભરવાડ પણ ૨૨ કલાક બોલતા છતાં ઊંઘનો ત્રાસ નહિ. સ્ફૂર્તિ પણ ઓછી નથી થઈ. બે કલાક પણ પૂરી ઊંઘ નહિ. ત્યારે પણ વચ્ચે વચ્ચે બોલાતું, છતાં શરીરને નુકસાન થયું નથી. કોઈ નામસ્મરણ લેવા ના પાડે તેને બીજી પ્રવૃત્તિ માટે પણ રજા આપું છું. પણ જ્યારે અંદર જઈને નોખા થવાનું બને છે ત્યારે વિચાર્યા વિના તે રહી શકે નહિ. નોખા થવાથી જ એકાગ્રતા આવે અને શાંતિ પ્રકટે, તે અનુભવની હકીકત છે. આ માનવા ન માનવાનો સવાલ નથી. આ એક જુદા પ્રકારનો અનુભવ છે. લેવા જેવો છે અને સમજી શકાય તેવો છે.

તા. ૨૩-૮-'૫૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૩

પ્રેમપૂર્વક ત્યાગ

મરણિયો ટેક

હમણાં જે પ્રાર્થનામાં 'હરિને ભજતાં' ગાયું તે નાનું છે, પણ ૧૯૪૧થી ગુરુ મહારાજના હુકમથી મૌન દેવાનું શરૂ કર્યું ત્યારથી આ ભજન ગાવાનું રાખ્યું છે. કોઈ કારણસર પ્રાર્થનામાં તે નથી બોલાતું તો પણ કોઈ ને કોઈ રીતે તે સાંભળવા મળી જાય છે. ગઈ કાલે માતાજી પધારેલાં. તેમનાં ભજનોનો કાર્યક્રમ હતો. એટલે આ ભજન ગાવાનું છોડી દીધું. પણ પ્રાર્થના પૂરી થઈ કે તરત રેડિયોમાં પહેલું એ જ ભજન 'હરિને ભજતાં' - આવ્યું. સાબરમતી આશ્રમમાં પણ આવું બનતું. નડિયાદમાં પણ એક-બે વખત એવા બનાવ બન્યા હતા.

માણસે જીવનમાં નિશ્ચયાત્મકપણે ટેક રાખવો જોઈએ, 'પર્વત ડગે પણ ટેક ન ડગે.' જો આવું દૃઢ વલણ રાખવામાં આવે તો તે સાર્થક બને છે. આપણે બુદ્ધિમાન માણસો છીએ. આ વાતનો સ્વીકાર ન કરીએ, પણ ધરતીકંપ થાય છે, ત્યારે પર્વત પણ ડગી જાય છે. પણ જેણે મરણિયો ટેક લીધો છે તે માણસ ડગતો નથી, ખસતો નથી. ટેક તો એક પ્રતીક છે, પડઘો છે. જીવનમાં તેને માટે ખમીર હોવું જોઈએ. કાંઈ પણ કરવાને માટે ખમીરની જરૂર છે. પછી તે સાંસારિક બાબતો હોય કે આધ્યાત્મિક બાબતો હોય, એના વગર કોઈ પણ માર્ગમાં આગળ નથી વધી શકાતું. ટેક પાળવા માટે તો શૌર્ય, ત્યાગ, બલિદાન વગેરેની ખાસ જરૂર હોય છે. ટેક વગર આગળ ન વધી શકાય. કોઈ કહેશે કે ટેક અને નામસ્મરણને શો સંબંધ ? એકાગ્રતાની તો બધે જરૂર પડવાની. આપણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વેપાર કરતા હોઈએ ત્યાં પણ આપણી પ્રકૃતિના ગુણધર્મો પ્રવેશ કરે છે. આપણામાં રાગદ્વેષ, મોહ વગેરે હોય તો તે ત્યાં પ્રવેશે. પ્રાર્થના, નામસ્મરણની ભાવના હોય તો દ્વંદ્વની ભૂમિકા ન રહે. દ્વંદ્વની ભૂમિકાનો નાશ કરવાનો પ્રયોગ તે નામસ્મરણની ભાવના

ધૂનનું પરિણામ

નામસ્મરણથી ધૂન, એકાગ્રતા, શાંતિ, પ્રસન્નતા વગેરે ગુણો પ્રકટે છે. એ કરતાં કરતાં આગળ જતાં એમ લાગે છે કે આ સારું છે. નામસ્મરણ કરતાં કરતાં હિસ્ટીરિયાનો એ રોગ મને મટયો ત્યારે મને પણ લાગ્યું કે આમાં કંઈક છે. નામસ્મરણથી વિચારોની માત્રા (intensity) એટલી બધી રહેતી નથી. વિચારોની માત્રા એ પણ દ્વંદ્વાત્મક ભૂમિકાનો પ્રકાર છે. નામસ્મરણની ધૂન પ્રકટવાથી દ્વંદ્વાત્મક ભૂમિકાની પકડ જામતી નથી. Psychological (સમજી શકાય એવી) હકીકત છે કે માણસ ક્રોધ કરે છે ત્યારે બધું ભૂલી જાય. છે તે વખતે એ અવિચારી કર્મ પણ કરી નાંખે છે. દેશના ભાગલા પડયા તે વખતે સામાન્ય માનવીઓએ પણ ન કરવાનાં કામો કર્યાં છે એ હકીકત છે. તે વખતે ક્રોધ medium બને છે. એવી જ રીતે નામસ્મરણની ધૂન medium બને તો સમય વધતાં દ્વંદ્વની ભૂમિકા રહે નહિ. એમાંથી ટેક પ્રકટે અને એનાથી ધીરજ, બળ, હિંમત કેળવાતાં જાય છે - એવું ગીતામાતાએ કહ્યું છે અને સંત-ભક્તો પણ કહી ગયા છે. 'હરિનો મારગ' એ પદમાં પ્રેમળદાસે કહ્યું છે : 'ભક્તોનાં દુઃખ હરશે રે.' સામાન્ય માનવીઓ અહીં સમજી નથી શકતા. તેઓ વિચારે છે તે ગુણાતીત, દ્વંદ્વાતીતને દુઃખ શાં ? ભક્ત પણ વ્યાવહારિક જીવનમાં લાકડું કે પથ્થર નથી હોતો. એને પણ લાગણી, હર્ષ, શોક, વગેરે હોય છે. પણ તે એનાથી આવરાઈ જતો નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હેતુના જ્ઞાનભાન સાથે નામસ્મરણ

આવા ભક્તોને જીવનમાં અનેક પ્રકારનાં નિમિત્તો પ્રકટે છે. એ આજુબાજુના ત્રસ્ત લોકોને જોઈને, તેમનાં દુઃખોને જોઈને, તેવાઓને ભગવાનનું સ્મરણ કરવાનું કહે છે. અને એ રીતે રચનાત્મક પ્રવૃત્તિ તરફ વળવાનું કહે છે. જીવનમાં સદ્‌ભાવ, સુમેળ, સદ્‌વૃત્તિ એ બધાંની ખાસ જરૂર છે. એકબીજા ખાતર ઘસાવાનું હોય છે પણ તે બેળે બેળે નહિ. સમાજની રચના જ એવી છે કે એમાં કોઈનું ચાલતું નથી. જો ઘસાવાનું પ્રેમથી ન થાય તો વિકૃતિ થાય છે. એટલે જે પ્રેમથી કરવાનું હોય છે એ કાંઈ જુદી પ્રવૃત્તિ નથી. જો આ બધું પ્રેમથી કરવાનું બને તો તે વિકાસ પામે, સદ્‌ગુણો ખીલે. એના સિવાય ભગવદ્‌સ્મરણમાં ઉઠાવ નથી આવતો. આની સાથે અનાસક્ત, નિષ્કામ, નિર્મમત્વ, નિરહંકાર વગેરે ગુણો પણ પ્રગટાવવાની જરૂર. નામસ્મરણ એકલું અર્ધો કલાક કે પાંચ માળા કર્યે પત્તો નહિ ખાય તે સતત ચાલવું જોઈએ. આમાં ભાવનાથી વર્તવાનું બને તો શાંતિ પ્રાપ્ત થાય. એ મોટામાં મોટો લાભ છે. અને ભગવાનનું સ્મરણ થાય તો ઉત્તમ રીતે થઈ શકે. ચિત્ત, બુદ્ધિ, મન, પ્રાણ, અહંકાર, વગેરે દ્વંદ્વોથી સંકળાયેલા હોય છે. વળી બીજા અનેક પ્રકારના ભયો છે. તે બધાથી મુક્ત થવાના હેતુના જ્ઞાન સાથે ભાન-સાથે નામસ્મરણ કરવાથી જલદી ઉઠાવ થાય છે. સ્મરણ એ તરણોપાય છે. જેવી રીતે દરિયામાં ડૂબતા માણસને જો મોટું લાકડું હાથ લાગી જાય તો એ જીવતો રહી શકે. તેવી રીતે નામસ્મરણ આ ડૂબવાનાં ઘણાં ભય-સ્થાનોમાં તરતા રહેવા માટેનો મોટો આધાર છે. આ સાધના સ્ત્રી-પુરુષો બધાં કરી શકે. ભક્તોએ જોયું કે જો માણસો આ કરી શકે તો તેઓ સુખી થાય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રયોગ તો કરો

સેવામાં જીવન ગાળ્યું છે - ભણેલા છે એવા એક ભાઈએ લખેલું કે નિરાસક્ત, નિરહંકાર, નિર્મમત્વ વગેરે કેવી રીતે થઈ શકાય ? તેનો એક માત્ર ઉપાય નામસ્મરણ છે ને તે અખંડ બનાવી દે તો તેવું થઈ શકે એવો પોસ્ટકાર્ડ લખેલો. નામસ્મરણ મોટેથી બોલતાં બધું ઘટે એ કહેવું છે. અનુભવની વાતો છે. જાતે કર્યા સિવાય અનુભવ થાય નહિ. વિજ્ઞાનમાં H_2O એટલે પાણી - તેવું પ્રત્યક્ષ બતાવી શકાય છે. તેવું આમાં નથી. આ તો જાતઅનુભવ સિવાય ખબર ન પડે. બુદ્ધિ, તર્ક આ વાતનો સ્વીકાર કરી શકે નહિ. નામસ્મરણથી અહંકાર, આસક્તિ, મમત્વ વગેરેનો જરૂર નાશ થાય. કોઈ કહે કે 'impossible' છે. તમે 'rational' નથી. બુદ્ધિના એક તુક્કાથી વાત ઉડાડી દો છો. તેને હું કહું છું કે 'અખતરો તો કરી જુઓ, પ્રામાણિકપણે અને ભક્તિપૂર્વક (sincerely, honestly, devotionally). પછી જુઓ કે શક્ય છે કે નહિ.' જ્યાં સુધી આમ કરે નહિ ત્યાં સુધી impossible કહે તે બરાબર નથી. બુદ્ધિવાળા એમ કહે છે કે થઈ શકે કે ન પણ થઈ શકે તો તે હજુ સમજાય એવું છે. મહાત્મા ગાંધીજી નાના હતા ત્યારે બીકણ હતા. તેઓ ભગવાનનું નામ લેતા અને એ શ્રદ્ધાથી બીક નહોતી લાગતી. હું તો કહું છું કે બને કે ન બને તો પણ સ્મરણ તો કરો. સમજીને કરશો તો ઉત્તમ થશે. કરો તો આ જન્મમાં પણ થઈ શકે. પણ ખરેખર ખામી તો એ છે કે એટલો ઉત્સાહ, એટલી ધગશ, એટલી તમન્ના હોતી નથી. એમાં તામસ, આળસ નહિ ચાલે. જો નામસ્મરણ નિરાગ્રહપૂર્વક અજપાજપ સુધી લઈ જવાય તો બધું શક્ય છે. ૧૨-૧૪-૧૫ કલાક થાય તો પાસ લાગે એ વાત સાચી, પણ અજપાજપ સુધી જાય ત્યારે જ એ વસ્તુ શક્ય બને.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હિમાલયમાં એક સાધુની મુલાકાત

ચેતનમાં નિષ્ઠા પામેલા આત્માઓ હોય તેમને પણ જીવનમાં સંઘર્ષ થવાનો છે. તે સમાજથી વેગળો નથી. ગુફામાં બેસીને જીવન ગાળનાર આત્મા તો જવલ્લે જ હોય છે. તે પણ સમાજથી વેગળો નથી જ હોતો. હું આ જ હેતુ માટે એકલો નીકળેલો ૧૯૩૩ની આખરમાં. હિમાલયમાં મને એક મહાત્મા મળ્યા. તે બરફમાં રહેતા. ફક્ત પાસે એક નાનું હથિયાર રાખ્યું હતું કે જેથી બરફ ખોદીને હવા આવવાનો રસ્તો થઈ શકે, આ માર્ગમાં તો પેશાબ-મળત્યાગ ઉપર પણ કાબૂ આવી શકે છે. ઊંઘ ઉપર પણ સ્વામિત્વ લાવી શકાય. એવા આ મહાત્માનાં દર્શન થયેલાં. તેમને મેં પૂછયું કે, 'તમે સમાજથી અળગા રહીને શું કરી શકો ?' તેમણે કહ્યું કે, 'સમાજથી ભલે અળગો લાગતો હોઉં, પણ બ્રહ્માંડ સાથે જોડાયેલો છું, એનાથી અલગ નથી. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એમાં (fallacy) દોષ નથી.' તેમને મેં પૂછયું, 'અહીં રહ્યે વ્યક્તિ સાથેનો તમારો સંબંધ કઈ રીતે ?' એમણે કહ્યું : 'શરીર પરંપરાનું બનેલું છે કે નહિ ? જીવનની અનંતતા છે કે નહિ ? ફળફૂલ વગેરે થાય છે કે નહિ ? કોઈ પણ વસ્તુ ફેરફાર વગરની છે ? છતાં પણ અનંતતા કાયમ છે કે નહિ ? તેવી જ રીતે સાંકળ ચાલ્યા જ કરતી હોય છે. મનુષ્ય જીવન પણ અટકેલું રહેતું નથી. તે અહીં અટકતું નથી; એ આગળ પણ રહેવાનું અને પાછળ પણ હતું. તારું નાનકડું મગજ વહેવારમાં ચાલે નહિ. સંશય ટળે તો તો મોટી વાત થાય. પણ બુદ્ધિથી આ વાત ન સમજાય - અનુભવ વગર થાય નહિ.' મેં તેમને બહુ પ્રાર્થના કરી કે સમજાવો. તેમણે કહ્યું કે, 'એકલો પૃથ્વી સાથે સંબંધ નથી. સકળ બ્રહ્માંડ સાથે સંબંધ છે. અહીં બેઠાં બેઠાં નિમિત્ત પ્રકટે છે.' મેં કહ્યું, 'એ સ્વીકારાતું નથી. સમજાતું નથી. મને આમાં સમજ પડતી નથી.' તેમણે કહ્યું કે, 'પૃથ્વી કશાક સાથે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંકળાયેલી છે તે આપણે માનીએ છીએ. તે સૂર્યમાળા સાથે સંકળાયેલી છે - બીજા સાથે - ત્રીજા સાથે સંકળાયેલ છે એ બુદ્ધિ કેવી રીતે માને છે ?' મેં કહ્યું, 'તેની સમજણ તો નથી પણ એવું શીખેલા એટલે તે દિલમાં ચોંટી ગયું છે.' મેં પૂછ્યું કે, 'તમે અહીં રહ્યે કેવી રીતે સંકળાયેલા છો ?' તેમણે કહ્યું કે, 'આપણને જેવી રીતે એમ નથી લાગતું કે પૃથ્વી સંકળાયેલી છે છતાં હકીકતમાં તે વાત સાચી છે. તેવી રીતે અનુભવથી માનીએ તો તે સૂક્ષ્મમાં પ્રકટે છે. અહીં બેઠાં બેઠાં જેવું જેનું નિમિત્ત પ્રકટે છે તે બધાં અહીં હાજર થાય છે. ફક્ત મનુષ્યો જ નહિ, દેવદેવીઓ પણ. સૃષ્ટિમાં ૧૪ પ્રકારની યોનિઓ છે, તેમાં દેવદેવીની પણ એક યોનિ છે. પ્રેતયોનિ પણ છે. મારે એ બધાં સાથે સંબંધ છે. એ લોક સાથે નિમિત્ત પ્રકટે તો પણ શું અને ન પ્રકટે તો પણ શું ? શરીર છે ત્યાં સુધી એ ચાલ્યા જ કરવાનું છે. મારી પાસે થોડી પળો માટે આવવાથી પણ તેનો ઉદ્ધાર છે. મારી સાથે થવાથી તાદાત્મ્ય કેળવાય છે. બુદ્ધિથી સંશય ટળે એવી ખાતરી નથી. કોઈ વ્યક્તિ બધાને લુચ્ચી લાગતી હોય. મને તેનો સારો અનુભવ હોય. આપણને અનુભવથી જ ખાતરી થઈ શકે. માણસે અનુભવ ઉપર મક્કમ રહેવું જોઈએ. અનુભવ વગર સંશય જાય નહિ. બુદ્ધિથી નહિ જ જાય.' આ તેઓ હકીકત-રૂપે કહેતા અને હું જડસુ માફક સમજી રહેલો. તેમને મેં પૂછ્યું, 'તમારા જેવા ઘણા મહાત્મા આ દેશમાં છે છતાં ઉદ્ધાર કેમ થતો નથી?' તેમણે આગળ કહ્યું : 'આનાથી બીજ રોપાય છે. એ તરત ફળી નથી જતું. પણ જ્યારે એ સંસ્કારનો ઉદય થાય ત્યારે એ જાગે છે. તું પણ પહેલાં ક્યાં માનતો હતો ? તું માનતો કે આવા મહાત્માઓ જંગતને ભારરૂપ છે. તને તારા નામ સાથે બોલાવ્યો છતાં તું જઈ શકતો ન હતો. તને ઓળખતા નહોતા. પિછાન નહોતી છતાં તને બોલાવ્યો હતો.'

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંતનો પ્રેમ

જીવનમાં સાચી રીતે સુમેળથી, ત્યાગથી વર્તવું જોઈએ. જેને માટે સહન કરવાનું હોય તે પ્રેમથી કરો તો તે દિલથી ભળશે. તે પણ તપ છે. એનાથી શક્તિ અને ગુણ બંને પ્રકટે છે. ભક્તોને અનેક જીવાત્માઓનો સંપર્ક થાય. તેમની આડીઅવળી વિચારસરણી તરંગોના નિમિત્ત કારણે ખબર પડે. પરિચય થયા વગર એ મહાત્માને ઓળખી ન શકો. અમારે સંબંધ હોય અને તેવો સંબંધી યોગ્ય રીતે ન વર્તે તો અમને દુઃખ થાય. બાબુભાઈ મારો મિત્ર છે. તે યોગ્ય રીતે ન વર્તે તો મને દુઃખ થાય. ભક્તોમાં તો પ્રેમ હોય છે. અને તે એટલો બધો હોય કે લોકો તેમને સ્વાર્થી કહે છે. મને પણ ઘણા કહેતા : 'મોટા તો બહુ સ્વાર્થી છે. મારા મોઢામોઢ કહેનારા છે. અને મેં કાનોકાન સાંભળ્યું છે. પણ એ લોકોમાં પ્રેમ હોય છે. ગેરસપ્પાનો ધોધ વહે છે એ પણ એ લોકોના પ્રેમના ધોધ આગળ મામૂલી છે. એવો એ જબરજસ્ત ધોધ છે. પણ આપણે લોકો આપણી તેવી ભૂમિકા નહિ હોવાથી સ્વાર્થી ગણીએ છીએ. તે પ્રવૃત્તિથી વિખૂટો નથી થઈ શકતો એને કારણે એ દરેકની સાથે સંપર્કમાં આવે.

પ્રેમ દ્વારા સેવા

પુરુષો સાથે અને સ્ત્રીઓ સાથે પણ, બહેનો આવે ત્યારે પુરુષો પોકાર કરે છે. હું તેમને કહું છું કે તમે કાંઈ ઈજારો લખી આપ્યો છે ? અમારે સંબંધમાં આવનાર સાથે કશો લિંગભેદ નથી. નિમિત્ત પ્રકટવું એ તો તત્ત્વજ્ઞાનની વાત છે. સત્ય સત્ય મટી જતું નથી. મહાત્મા ગાંધીએ પણ કહ્યું છે. કિશોરલાલભાઈ સાથે વાર્તાલાપ થયો હતો. જેવી રીતે કૃષ્ણ અને અર્જુનનો સંવાદ થયો હતો. ગાંધીજી ૨૧ દિવસના ઉપવાસ કર્યા તે બાબતની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રેરણા તેમને થઈ હતી. તેમણે અવાજ સાંભળ્યો હતો. તેમણે કહ્યું કે, 'મેં કોઈને જોયો નથી. કોઈ રૂપ જોયું નથી. મને અવાજ સંભળાતો હતો.' કિશોરલાલભાઈએ વાંધો લીધો, 'તમે લોકોને વહેમમાં દોર્યા.' ગાંધીજીએ કહ્યું કે, 'લોકોને ભલે તેમ લાગે, પણ મારે માટે એ સત્ય છે.' મારી સાથે સંબંધ રાખનારાને હું કહું છું : આવવું હોય તો આવજો, પણ બહેનો તો અહીં આવશે જ. તેઓને ના પાડવી એ અશક્ય વસ્તુ છે. કેટલાક કહે છે કે 'ભક્તાણીઓ આવી.' માણસ પોતાના શબ્દથી પરખાઈ જાય છે. અમે તો કહીએ છીએ કે અમે જેવા છીએ તેવા છીએ. અમારી વિનંતી છે કે પ્રેમ કરો. હું પ્રેમ કરવા મથું છું એમ નહિ કહું, પણ પ્રેમ કરવાનો મારો સહજ સ્વભાવ છે. આપણે દિલથી સંકળાયેલા છીએ એટલે જીવનમાં પણ તે રીતે વર્તીએ. આપણા વર્તનથી અને તે પ્રકારની ભાવનાથી જીવન ઊંચું આવે એ પણ મોટામાં મોટી સેવા છે. માણસ સહાનુભૂતિથી, પ્રેમથી વર્તે તો જાગૃતિ પ્રગટે છે, સ્થૂળ સેવા કરતાં જીવન ઊંચે આણવાની જે પ્રક્રિયા પ્રકટે છે તે પણ મોટામાં મોટી સેવા છે.

ભાવનાથી ઉત્ક્રાન્તિ

મેં કૉલેજ છોડી ત્યારે હું ફર્સ્ટ ક્લાસ વિદ્યાર્થી હતો. મેં અને પાંડુરંગ (પૂ. રંગ અવધૂત મહારાજ) બંનેએ એક સાથે કૉલેજ છોડેલી. તે વખતે પ્રિન્સિપાલ મસાણીસાહેબે ખૂબ સમજાવેલું. રંગ અવધૂત મહારાજનું તો સંસ્કૃત એટલું સારું કે પ્રોફેસર સાહેબ કરતાં પણ સરસ અભ્યાસ કરેલો. સાધના દરમિયાન મારા ગુરુ મહારાજે કહ્યું હતું કે ભાવનાથી કરીને લોકોના જીવનને ઊંચે આણવું એ પણ મોટામાં મોટી સેવા છે. સમાજની સાથે તારે એ રીતે વર્તવું. આ વાતની પાકી ખાતરી થયા પછી ક્યારેય કૉંગ્રેસ કે હરિજન સેવક સંઘનો સભાસદ થયો નથી. હું જેલમાં પણ ગયો છું. મેં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લાઠીમાર પણ ખાધો છે. મેં જે કાંઈ કર્યું છે તે હિમાલયની ગુફામાં નથી કર્યું. એ વાતના પ્રત્યક્ષ સાક્ષી - મારા મિત્રો - સાથે કામ કરનારા - આજે ય હાજર છે. આવેલું કર્મ હંમેશાં કર્યું છે, ભોગવ્યું છે. ક્યારેય અવગણ્યું નથી. જ્યારે મારે આ (મૌનએકાંતનું) કર્મ કરવાનું થયું ત્યારથી આ કહું છું. હું તો આને sound proof (અવાજ રહિત) બનાવવા માગું છું. ભગવાનની કૃપા હશે અને તેવી સરળતા થશે ત્યારે તેમ કરાવીશ.

સર્વ સમર્પણ

મનુ સુબેદારે લોટસ ટ્રસ્ટમાંથી મારા હરિજન સેવાના કામથી ખુશ થઈને મને માસિક સો રૂપિયા આપવાનું ઠરાવ્યું હતું. તે પ્રમાણે આઠ વર્ષ સુધી મને રકમ મળી, પણ તેમાંથી એકે પાઈ મેં વાપરી નથી. બધી રકમ હરિજન સેવક સંઘમાં ચોપડે જમા કરાવી છે. મને કેટલાક મિત્રો અંગત રકમ પણ આપે છે. તે હમણાં એક પછાત કોમની બહેનનું નિમિત્ત પ્રકટ્યું. તો બધેથી તેવી રકમો એકઠી કરીને ૫૦૦૦ ની રકમ હરિજન સેવક સંઘમાં આપી છે. આખું જીવન દેશસેવામાં ગાળ્યું છે. પૈસાનો ક્યારેય મોહ રાખ્યો નથી. એક વખત આશ્રમ માટે લાખ રૂપિયા મળેલા. તે બધા જેમણે જેમણે આપેલા તેમને તેમને પરત કર્યા હતા. હેમંતકુમાર નીલકંઠ તથા બીજા સહકાર્યકરો આ વાતના સાક્ષી છે. એટલે હવે બધા મિત્રોને હું કહું છું કે સંકળાવાનું બન્યું છે તો પ્રેમથી મદદ કરો. આશ્રમ ચલાવવા માટે સાધન નથી. ચાર માણસોને તો મળો. આમ તો મિત્રો ચલાવે છે. મારા હેતુ (bonafides) ખુલ્લા છે. મારી પાછલી જિંદગી જુઓ. નડિયાદમાં મેં ભક્તિ કરી છે. ધૂનપૂર્વક કરી છે. હરિવદન ઠાકોર, પરીક્ષિતલાલ મજમુદાર, હેમંતકુમાર નીલકંઠ વગેરેને પૂછો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આશ્રમનું કામ - ભગવાનનું કામ

મારી તો કોરી સ્લેટ છે. અને આ ઉત્તમ પ્રકારનું કર્મ લઈને બેઠો છું, તો બધાને વિનંતી છે કે મને નિશ્ચિંતતા પ્રકટે એવી રીતે વ્યવસ્થા ઊભી કરવામાં મદદ કરો. ભગવાન તો ચલાવશે જ. નરોડામાં એક સામાન્ય કરિયાણાની દુકાનનો માલિક ચલાવે છે. હું ના પાડું છું પણ તેને અનંત વિશ્વાસ છે અને તે એકલો ચલાવે છે. તો તમને પણ વિનંતી છે. તમે ઘેર ખાંઓ છો તો ચપટી ચપટી ખાવાનું અહીં પણ આપજો. આશ્રમમાં ઘી, દૂધ તો ખાતા નથી. આ કામ ભગવાનનું છે એમ માનજો. ઘી ફક્ત મોણમાં નાખવા જેટલું વાપરીએ છીએ. તેલ તો ખાવું પડે. ગોળ, ઘી, તેલ, ખાંડ, મરી, મસાલો વગેરે જોઈએ. હું ક્યાં બધાંને ઓળખવા જઈ શકું ? હું તો બધાંને કહું છું કે તમારી પાસે બે પૈસા છે, તમે જેટલી મદદ કરશો તેટલો નિકટનો સંબંધ થશે. બીજા સાથે ન થાય એવું નથી. સુરતના મિત્રોને કહું છું કે પ્રયોગ કરી જુઓ. આશ્રમનું કામ કરશો તો એળે નહિ જાય. મારા મિત્ર નંદલાલના મામા એલએલ. બી. માં ફર્સ્ટ ક્લાસમાં આવેલા. તેમને કુંભકોણમ્‌નો આશ્રમ બાંધતી વખતે આશ્રમના કામમાં લેવા પડેલા. તેમને સગડગ હતી કે વેપારનું શું થાય ? મેં તેમને લખી આપેલું કે તમારા વેચાણમાં ફેર પડે નહિ. અને એ પાંચ મહિનાનું વેચાણ સરેરાશ વેચાણથી ઓછું થયું નહોતું. ત્યાર પછી તેમના દીકરા હસમુખભાઈએ ત્રણ મહિને પૂરું કરાવ્યું. તે તો એટલા બધા હોશિયાર કે ઘરા એમના સિવાય માલ લે નહિ. હીરાની બાબતમાં કેવું હોય છે. છતાં એમની ગેરહાજરીમાં પણ પૂરતું વેચાણ થયું હતું. આ તો કોઈન્સિડન્ટ (coincident) છે. હું તેથી તમને ભ્રમણામાં નાખવા નથી માગતો. પણ તમે આશ્રમને અંગે કામ કરશો તો તમારું કામ બાકી નહિ રહે. અહીં તેલની મિલો છે તો મિલોવાળાને ત્યાં જાવ. તમારું કામ નહિ બગડે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રેમભરી કરકસર

નડિયાદમાં કુબેરદાસભાઈ એકલા દેખભાળ રાખતા. અઠવાડિયામાં બે વાર આવે. જાતે કોઠારમાં જોઈ જાય. અને બાકીની વસ્તુ પહોંચાડે. દુકાનમાં બહુ ઓછું ધ્યાન આપી શકતા. છતાં એમનો વેપાર ચાલ્યા કરતો. હું તમને આ લલચાવવા નથી કહેતો; પણ આ કામમાં મદદ નહિ કરો તો નહિ ચાલે ભગવાને મોઢું કરાવ્યું તે પણ સારું થયું. આટલી ઓળખાણો થઈ છે. નહિ તો પહેલાં શરૂ થાત તો આશ્રમ ચલાવવો કેવી રીતે એ પણ પ્રશ્ન રહેત ! સામાન્ય રીતે હું કોઈને કહેતો નથી. મૌનના પ્રવચન વખતે જ બોલું છું. આ વખતે ગુરુ પૂર્ણિમા વખતે સાબરમતી આશ્રમમાં રહેલો. બધા આશ્રમોમાં માલપૂડા ને દૂધપાકની ઉજાણી થતી. વધ્યા તે ભિખારીઓને વહેંચ્યા પણ આ છોકરીઓને (આશ્રમની) ખવડાવવા કોઈ તૈયાર નહિ. મેં મારી જાતે ૮૦ રૂપિયા ખર્ચીને દૂધપાક ખવડાવ્યો છે. માલપૂડા ખવડાવવાનું મારું ગજું નહિ. કોઈ આપે પણ મનથી ભારે લાગે, તે પણ નહિ ચાલે. અમે તો પૂરેપૂરી કરકસર કરીશું. અમે કશું નકામું જવા દેતા નથી. વૈકુંઠભાઈને ત્યાંથી ભાત આવેલો તે ચાર ટંક સુધી ચલાવેલો. ખાખરા ભાખરી વધી જાય તો વધવા દેવું. મારી માએ વસ્તુનો કેવી રીતે ઉપયોગ કરવો તે બરાબર શીખવ્યું હતું. કરકસરથી કેમ જીવવું તે હું મહાત્મા ગાંધી પાસે શીખ્યો છું. પેન્સિલ ખોવાઈ જાય તો કેટલું મથતા તે મેં જોયું છે. એવા મહાત્મા મળ્યા નથી.

'મોટા'

જગત હકીકતની દૃષ્ટિએ ખ્યાતિને વરેલું છે. મારી એવી કોઈ ખ્યાતિ-પ્રસિદ્ધિ નથી. મારા ગુરુ મહારાજે મને મોટા થવાની ના પાડેલી છે. એટલે તમને શુભ નિષ્ઠાથી, શુભ ભાવનાથી કહું છું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે ભગવાને બે પૈસા આપ્યા છે તો મદદ નહિ કરો તો કેમ ચાલશે? મારે વધારે તપ કરવું પડશે. મારી બાસઠ વર્ષની ઉંમર તો થઈ છે. ઉંમર શરીરને છે, અંદરનાને નથી. અહીં એટલી બધી મુસીબત પડી છે છતાં ભીખુભાઈ અને ઝીણાભાઈ ટકી રહ્યા છે. મારી નિષ્ઠા - મારું જીવન ચોખ્ખું છે. 'ઘસ્યું ઓસડ ને મૂડયો જતિ'ની માફક હું આવ્યો નથી. મારી સાથેના સંપર્કવાળા કેટલાયે માણસો દેશમાં છે. તેમને પૂછી જુઓ. તમે રહીને પણ જોઈ શકો છો. મને ગાળો દેનાર, અન્યાય કરનાર સાથે પણ મેં તેટલો જ પ્રેમ રાખ્યો છે. તેઓ કબૂલ કરે છે. ગુરુ મહારાજે મને મોટાઈ લાવવા ન દેવાની આજ્ઞા કરી છે. મને મોટાભાઈ કહેવા લાગ્યા. મેં ના પાડી. આશ્રમમાં પરિક્ષિતલાલભાઈને બધા 'મોટાભાઈ' કહેતા, એટલે મિત્રોએ 'મોટા' નામ રાખ્યું. આખરે કોઈ નામની તો શરીરને જરૂર ખરી ને? મેં કહ્યું હતું કે જેમ ટૂંકું હશે તે મને ગમશે એટલે ''મોટા'' એ નામમાં કાંઈ મોટાઈ નથી. મેં ક્યારેય મોટાપણું કર્યું નથી. ભગવાન જાણે છે અને હું જાણું છું. કદીયે જાણવા દીધું નથી. ભક્તિ પ્રગટ્યા સિવાય જાણી પણ ન શકાય. મહાત્મા ગાંધી ઉપવાસ કરતા ત્યારે માલવિયાજી ભાગવત વાંચતા. એન્ડ્રુઝ સાહેબ વાંચતા. ભક્તિ પ્રકટ્યા સિવાય હૃદયને જાણી ન શકાય. ચેતન હૃદય દ્વારા મળે છે. હૃદય તે કેવું? નિરહંકારતા, નિષ્કામતા, નિર્મમત્વ વગેરે ગુણોથી જાગૃતિપૂર્વક પ્રકટેલું અને જેમ જેમ આગળ વધતા જાય તેમ ધીરે ધીરે ગાઢતા પ્રકટે અને તેનું ઉત્કટતામાં રૂપાંતર થાય. ચેતનનો અનુભવ રૂપમાં નથી થતો; ગુણધર્મ પ્રકટે છે. જેમ જેમ સદ્‌ભાવના, સુમેળ, શાંતિ પ્રકટે અને રાગદ્વેષ મોળા પડે તેમ તેમ લોભ, મોહ, આસક્તિ ઓછાં થાય. તેમાં બધાંનું કલ્યાણ છે.

તા. ૭-૯-૧૯૫૯

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૪

ઉત્તમ સેવા

મારા ઘણા મિત્રો - ખાસ કરીને બુદ્ધિવાળા અને જેમની બુદ્ધિ વિકસિત થયેલી છે; અને જેનું તેમને અભિમાન છે, તથા જેઓએ રચનાત્મક કાર્યમાં ભાગ લીધેલો હતો, તેઓ મને કહેતા; કે 'ભગત, આ શું ડીંડવાણું છે ? શબ્દથી વળી મન, ચિત્ત, અહંકાર, વગેરે જતા રહે ખરા ?'

હું તેમને કહેતો, 'આગળ ભક્ત લોકો કહી ગયા છે અને મહાત્મા ગાંધીજી પણ કહેતા હતા કે ભગવાનના સ્મરણથી અહંકાર, અભિમાન વગેરેનો નાશ કરી શકાય અને નમ્રતા વગેરે ગુણો કેળવી શકાય. પણ તેવા કરોડોમાં કોઈક જ હોય છે.' ભગવાન ઉપર શ્રદ્ધાને કારણે જગતમાં ખમીર ટકે છે. માણસને દુઃખમાં ટકી રહેવા સાધન જોઈએ. ૧૯૨૭માં ભયંકર રેલ આવી ત્યારે ગાંધીજી સરદારને કહેતા : 'ગુજરાતના ખેડૂતોમાં ખમીર છે. તમે તેમને ભિખારી ન બનાવતા.' જગતમાં એવું કોક બળ છે. લોકો ભલે તેને ગમે તે નામ આપે. એને કારણે જ લોકોમાં શ્રદ્ધા રહે છે અને એવી શ્રદ્ધાને કારણે જગતના લોકો ટકી શકે છે.

ભગવાનના નામ પાછળ ભાવના

મારા મિત્રો કહેતા કે, 'શબ્દથી બધી વૃત્તિઓ સુધરી શકે છે, એવું બુદ્ધિથી સ્વીકારી શકાતું નથી. શબ્દની અસર ભલે હોય.' હું તેમને કહેતો કે શબ્દ વિસ્તાર પામે છે કે નહિ ? તે તો તમારા માનવામાં ન આવે એવું નથી. અમેરિકામાં રેડિયો ઉપર ધ્વનિ પ્રસારિત કરવામાં આવે તે સિમલામાં અને અહીં પણ એકી સાથે સંભળાય છે. તે વખતે ધ્વનિ ઉપર વીજળીનો ભારે પ્રવાહ ફેંકવામાં આવે છે, જેથી ધ્વનિ ઈથરમાં પ્રસરી જાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને તે જ પળે આખી દુનિયાના વાતાવરણમાં પ્રસરી જાય છે. વિસ્તાર પામે છે એ ક્રિયાને બિલકુલ વાર લાગતી નથી. કારણ કે પ્રવાહ તેની પાછળ હોય છે. તેવી જ રીતે શબ્દની પાછળ પણ યુગ યુગથી ચાલી આવતી ભાવના છે. તેની પાછળ પરંપરા છે. ભગવાનના નામની પાછળ ભાવનારૂપી પ્રવાહ છે.' આવી રીતે સમજાવું ત્યારે એ લોકો આ વાત કબૂલ કરતા. રેડિયોની વાત વૈજ્ઞાનિક રીતે કબૂલ કરવામાં આવે છે તે પ્રમાણે આને સ્વીકારવી પડે છે. ભગવાનના નામના શબ્દમાં પણ ભાવના છે. એનો જેટલો પ્રવાહ મોટો તેટલો એ વધુ વિસ્તાર પામે. જો ભાવનાનો પ્રવાહ ઓછો હોય તો તેનો વિસ્તાર ઓછો થાય. જો ભાવના પ્રચંડ હોય તો મન, બુદ્ધિ, પ્રાણ, અહંકાર એ ચતુષ્ટય ઉપર અસર કરે જ, ત્યારે એ લોકોને વાત કબૂલવી પડે છે. તે લોકો કહે છે આવી સમજ અમને કોઈ આપતું નહોતું. એટલે અમે ગપાષ્ટક માનતા. તે બધાને કહું છું કે પ્રયોગ કરી જુઓ. પણ તેવો પ્રયોગ કરનાર કોઈ નથી. અમે હરિજન સેવક સંઘમાં કામ કરતા હતા ત્યારે પરિક્ષિતલાલભાઈ વગેરે મને 'ભોટ' કહેતા હતા એમને ખ્યાલ નહિ કે આવી ચમત્કારી બુદ્ધિ હશે. આ (નામસ્મરણ) જેટલું વધારે કરીએ તેટલું વધુ કર્મ આપમેળે થયા કરે. જો ભાવનામાં ઊંડા ઊતરીએ તો સતેજ થવાય અને તેમાં ઉત્કટતા આવે. અને એવી ઉત્કટતા થાય ત્યારે એકાગ્રતા થાય અને એકાગ્રતા કેન્દ્રિત બની જાય ત્યારે સ્થૂળ કર્મો આપોઆપ ઉત્તમ રીતે થાય. આવા માણસોમાં હંમેશાં સદ્‌ભાવ જ હોય છે.

ગાંધીજીની પ્રાર્થના

આવા માણસ ઉપર સામાન્ય જીવ પ્રકારના માણસોને ઈતરાજી વગેરે થાય તો ખરી. પણ આપણો સદ્‌ભાવ હોય તો તે લોકોની પણ તેવી ભાવના થઈ જાય. ગાંધીજીએ પણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
કહ્યું છે કે મારાથી અમુક કાર્યો તો ઈશ્વરની પ્રેરણાથી થાય છે. તેઓ તો યુગપુરુષ હતા. તેઓ કાંઈ ખોટું બોલતા નહિ.

મને યાદ છે કે લાહોર કૉંગ્રેસમાં ગાંધીજીના હાથમાં સત્યાગ્રહનું સુકાન સોંપવામાં આવ્યું. તે વખતે એક મહિનો પ્રસૂતિવેદના અનુભવેલી. તેઓ કશું બોલતા નહિ. પણ સતત વિચાર્યા કરે કે કેવું પગલું ભરવામાં આવે કે જેનો સમાજ સ્વીકાર કરી શકે. તેઓ સતત તે માટે પ્રાર્થના કર્યા કરતા. તેમણે આખો મહિનો પ્રાર્થનામાં જ વિતાવ્યો ત્યારે મીઠાના સત્યાગ્રહનો ખ્યાલ આવ્યો. આવી રીતે ભાવનાથી કર્મો ઉત્તમ રીતે થાય. ફક્ત વિચારીને કરવાથી પત્તો ખાય નહિ. ભાવનાનું સાધન જોઈએ. વૃત્તિને એકાગ્ર બનાવવા, દ્વંદ્વાતીત બનાવવા, ગુણાતીત કરવા માટેનું સરળ સાધન એ નામસ્મરણ, યોગ, ધ્યાન વગેરે પણ છે. પણ તે બધું આમજનોથી બની નહિ શકે.

નામસ્મરણથી ભાવના વૃદ્ધિ

સંસાર વ્યવહારમાં જેમ વેપાર કરવા માટે મૂડી જોઈએ. કોઈ મુનીમ બહુ હોશિયાર હોય પણ મૂડી ન હોય તો વેપાર ન કરી શકે. અથવા તો તેને પૈસાદાર Partner (ભાગીદાર) શોધવો પડે. મન એકાગ્ર હોય તો ધ્યાન થઈ શકે. એ મનની એકાગ્રતા માટે પણ કશીક મૂડીની જરૂર ખરી. આપણામાં ભાવના જીવતી રાખવા તેને સર્જનાત્મક બનાવવા, કેળવવા, ઊંચે ને ઊંચે લઈ જવા કોઈ સાધન જોઈએ. અત્યારે આપણા ચિત્તમાં શુદ્ધિ નથી. દરેકને અહમ્ હોય છે. સેવામાં કામ કરનારાને પણ તેનું અહમ્ હોય છે. પોતાને મહત્ત્વ મળે તે માટે દરેકને વૃત્તિ હોય છે. જાહેરમાં ભલે ન બતાવે, પણ દિલમાં તો ઊડે ઊંડે તેવી ઝંખના હોય છે. તેમને પણ ભગવાનના યંત્રરૂપ જીવવાનો ખ્યાલ હોતો નથી. મહાત્મા ગાંધીજીને તેવો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખ્યાલ હતો. આપણે જો દરેક કર્મ ભગવાનના યંત્રરૂપ કરીએ તો રાગદ્વેષ વગેરે જરૂર મોળા પડે. આપણે વ્યક્તિઓ સાથે સંકળાયેલા હોઈએ એટલે આપણું કર્મ તેમાં પણ પ્રવેશે. સેવામાં પણ ભાવનાની જરૂર પડે છે. ભાવના કેળવવા માટે નામસ્મરણનો માર્ગ ઉત્તમ છે એવું સંત ભક્તોએ જોયું

નામસ્મરણ - ઉત્તમ સાધન

'Word has a mystic power' શબ્દમાં ગૂઢ શક્તિ રહેલી છે. ભગવાનને મેળવવા માટે તંત્રમાર્ગ પણ નીકળ્યો છે. વેદમાંથી તે પણ નીકળ્યો છે. તેના વિધિ વગેરે ગુહ્ય છે. તંત્રમાર્ગોમાં ગૂઢ શબ્દો બોલવાના હોય છે જે આપણે સમજી ન શકીએ છતાં તે માર્ગમાં તે બરાબર બોલવા જોઈએ. તંત્રમાર્ગમાં પણ બે માર્ગ હોય છે, શુક્લ અને કૃષ્ણ. કૃષ્ણ માર્ગ એ જુગુપ્સા ઉપજાવે એવો છે. તે ઊંચો ઊંચો અધિકાર પામેલો જ કરી શકે. જેના રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, લોભ વગેરે ઘટી ગયા હોય તે જ કરી શકે. આપણે શુક્લ કરી શકીએ. પણ તેમાંય આપણી વૃત્તિઓ સારી હોય તો. આ કાળમાં આપણે તેવા પણ નથી. તંત્રમાર્ગથી જલદી નિકાલ આવે, પણ આપણાથી થઈ શકે નહિ. કારણ આપણામાં Concentration of power (શક્તિની એકાગ્રતા) હોય નહિ. એટલે બધા કરી શકે એ સ્મરણ કરવું. પરિણામ સરખું જ આવે. પણ આપણામાં પ્રચંડ ધોધ (ભાવનાનો) હોતો નથી એટલે થતું નથી. બાકી એ અનુભવી શકાય એવું છે. સંતભક્તો થઈ ગયા તે બધા દીર્ઘ દૃષ્ટિવાળા હતા એટલે આ ઉત્તમ માર્ગ બતાવ્યો છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાનની કૃપા

મારા ગુરુ મહારાજની કૃપાથી આ રસ્તો મેં લીધો છે. તેમણે મૌનમાં બેસાડવાનું મને કહ્યું. તમે નામ લો. નામસ્મરણની ભાવનામાં દિવસનો મોટો ભાગ પસાર થાય. એટલે એમ કરતાં કરતાં અભિરુચિ થાય. મેં ૧૯૨૨થી સાધનાની શરૂઆત કરેલી. ત્યારે પહેલાં મને આ વાત રુચતી ન હતી. મને ગુરુ સામે મળેલા.

તેમણે મને કહ્યું હતું કે લોકોને ભાવનાથી ઊંચે લાવવા એ પણ બહુ મોટી સેવા છે. રચનાત્મક કાર્યથી થતી સેવા કરતાં પણ મોટી છે. ત્યારે મને સમજાતું નહિ. પણ હવે ૧૫-૨૦ વર્ષથી સમજાય છે. સંપર્કમાં આવેલા જીવોની સાથે સારી રીતે વર્તી શકાય એ પણ સૂક્ષ્મ સેવા છે. આ જ્યારથી લાગ્યું ત્યારથી હરિજન સેવકસંઘનું મંત્રીપદ છોડ્યું ત્યાં સુધી એ મૂક્યુ નથી. મિત્રો પૂછતા કે શરીરથી ન થઈ શકે ? મેં સમજાવ્યું : 'મને તો અનુભવથી થયું છે.' ગુરુ મહારાજે મને કહ્યું છે કે તારે ઉપદેશ કરવો નહિ. આમાં આવીને બેસે તો સંસ્કાર પડશે. અને જ્યારે તે સંસ્કારનો ઉદય થશે ત્યારે ત્યાંથી આગળ વધી શકશે. દર વર્ષે બેસે તો 'Battery charge' થાય. આ વખતે રેલ આવી. બાબુભાઈએ નિશ્ચય કર્યો કે નીકળવું નહિ. ઝીણાભાઈ જાય. બે-ચાર વાર ચા આપે. બને તેટલી સેવા કરી. અમારું સેવાનું ક્ષેત્ર બહુ ટૂંકું છે. મિત્રો પણ તેવું કહે છે. હું તેમને કહું છું. જે કરીએ છીએ તે ભગવાનની કૃપાથી ઉત્તમ રીતે કરીશું. અને બીજાને મારે ક્યાં બતાવવું છે ? હૃદયથી તપાસીશું. સાચા દિલનો માણસ તો હંમેશાં કર્મને તપાસતો રહે છે. બાબુભાઈએ શ્રદ્ધા રાખી કે 'મોટા' જીવતા છે અને એ રીતે મારી ઉપરની શ્રદ્ધાને બળે આનંદથી રહ્યા. મને એ બહુ ગમ્યું. ઝીણાભાઈએ જીવના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોખમે પણ તેમની સેવા કરી. રેલમાં અમારા ઉપર તો ભગવાને અનહદ કૃપા કરી છે. એક હજાર દોઢ હજાર રૂપિયા ખર્ચતાં પૂરાણ ન થાય એટલું માટીનું પૂરાણ થઈ ગયું એક-બે વર્ષ ચાલે એટલાં લાકડાં આવ્યાં છે. ગુલાબના છોડ કે આંબાની કલમને કે વાડને જરા સરખી આંચ આવી નથી. હું તો ગરીબ છું. ભગવાન પણ વિચારે ને !

આને લોકો ભલે Coincidence (સાંયોગિક બનાવ) માને; પણ અમે તો આને ભગવાનની કૃપા માનીએ છીએ. આપણે કર્મ ઉત્તમ રીતે કરવાં. પણ ભૂમિકા કેળવવાની જરૂર છે અને ભગવાનનું નામ લેતાં લેતાં તેવી ભૂમિકા કેળવાય. કામ કરતાં કરતાં નામ લેતા રહો. તેમ કરતાં કરતાં અસર થતી જશે. ૧૨-૧૪ કલાક લઈ તો જુઓ. તો ખબર પડશે. એમ ને એમ ખબર નહિ પડે.

મળેલાનું ઊર્ધ્વારોહણ

મારા ગુરુમહારાજે કહ્યું છે કે અનેક જન્મો છે. પુનર્જન્મ પણ છે. આગળ અને પાછળ પણ છે. એટલે પ્રારબ્ધ ભોગવવાનું હોય છે. અને મળેલાની ગતિ ઊંચે થાય તે માટે આ મૌનયજ્ઞ શરૂ કરવાનું કહ્યું. હું તો ગરીબ હતો. તેમણે કહ્યું હતું કે પાંચ આશ્રમ થશે તે થઈ ગયા. મને બીજી વૃત્તિ પણ ઊઠતી નથી. મારી સાથે કામ કરનારા હરિવદન ઠાકોર જેવા મિત્રો પણ આશ્ચર્ય પામે છે અને કહે છે કે અમારાથી પણ આવી રીતે રકમ થઈ શકતી નથી. જ્યારે મારા જેવા ગરીબથી પાંચ આશ્રમો થયા એ ઈશ્વરની કૃપા છે. એની કૃપા હોય તો માણસને રંકમાંથી પણ રાય બનાવે. ભગવાન હજાર હાથવાળો છે એ વાત બિલકુલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાચી છે. ચોમાસામાં ખાડાજાજરૂમાં હાજતે જવાની પંચાત હોય છે. અમને તો તેવી ટેવ પડેલી છે. અમે તો ચોખ્ખાં રાખીએ છીએ પણ શહેરી લોકોને તો ફાવે નહિ. કોઈકે સારા પાકા જાજરૂ માટે સલાહ આપી અને જાજરૂ માટે પૈસા પણ આપી દીધા. અને જવાબદારી સ્વીકારી લીધી. અમને તો ભગવાનની કૃપાથી જેની જરૂર પડે તે મળતું જ જાય છે. ખાવાપીવામાં વાંધો આવે તો તેને પણ અમે ઉત્તમ જ માનીએ. અમે દાણોયે નકામો નથી જવા દેતા. અમે કોઈને આપી નથી દેતા. વધે તો બે ટંક પણ ચલાવીએ છીએ. જેઓ કહે છે તેમને કહીએ છીએ કે તમે સલાહ આપો છો તો બે પૈસા આપો ને ? પરસેવો પાડેલા પૈસા આપી શકાય. આમાંથી આપવાનો અમને અધિકાર નથી. કણ માત્ર પણ નહિ. ભાત વધે છે તો કલાકે કલાકે ઠંડા પાણીમાં રાખીએ છીએ. ઓચિંતા માણસો આવી પડે તો જે રાંધ્યું હોય તેનાથી ઓછું ઓછું ખાઈને ચલાવી લઈએ છીએ. એને પણ સારું જ માનીએ છીએ કે પેટમાં ભાર ઓછો થાય. અહીં આવી જોઈ શકે છે. અમારામાં ઊણપ હશે. અમે પણ મનુષ્ય છીએ. સંપૂર્ણ હોવાનો દાવો નથી કરતા. ગુણ-અવગુણ અમારા હોય તો તે પ્રેમથી સ્વીકારી લો. તમે દિલનો સહકાર આપો. દોસ્તી કેળવો.

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઋણ ચુકવણીની ન્યારી રીત

અમે વહેવારમાં મદદ નહિ કરી શકીએ. ગૂંચ લઈને આવો તો કદાચ સૂઝે તે રસ્તો બતાવી શકાય. મારો ઈશ્વર માથા ઉપર કોઈનું દેવું નહિ રહેવા દે. નંદલાલ તો યુરોપથી આવેલા. તેમણે મને ઘણી મદદ કરી હતી. મને એમ હતું કે એણે ભાવથી મદદ કરી તેમાં શું ? પણ ગુરુ મહારાજે મને કહ્યું કે માન્યતા બરાબર નથી. કોઈ પાંચ રૂપિયા આપે તો તેનું કામ કરી આપવું જોઈએ. ભાવનાના ક્ષેત્રમાં એમ નહિ ચાલે. જે આધ્યાત્મિક ક્ષેત્રમાં ઊંચે ગયો તેની તો વધારે જવાબદારી છે. હું વેપાર અંગેનું કશું જાણું નહિ. પણ તેનું ઋણ ફેડવાની સતત ઝંખના - ભાવના ખરી. આપમેળે ઈશ્વરકૃપાથી સ્ફુરણા થઈ. મેં તેમને સલાહ આપી કે બને તેટલો પારો ખરીદો. લાખો રૂપિયાને - મળે તો તેટલો. એ લોકોને વધુ મળ્યો નહિ. ચાળીસ હજારથી વધારે મળ્યો નહિ. તેમાં રૂા. ૨૦,૦૦૦નો નફો થયો. તેમણે મને મદદ કરી હતી. પણ કુલે એટલી રકમ આપી ન હતી. એટલે ઋણ અદા થયા વગર રહેવાનું નથી. એ પૈસાથી જ અદા થાય એવું નથી. માનસિક શાંતિ અથવા એવા જ એક યા બીજા માર્ગ દ્વારા પણ અદા થાય.

મારી બધાંને વિનંતી છે કે અમે સાચે માર્ગે જઈ રહ્યા છીએ તેમાં મદદ કરજો. અમારી સહાયે રહેજો. તો ભગવાન તમને જરૂર સહાય કરશે. મારું અંગત ખાતું નહિ. ભીખુભાઈની બા આવીને રહે તો તે પણ પૈસા આપીને રહે. અમારો માર્ગ ભલે સેવા કરનારાથી જુદો છે પણ અમે પ્રામાણિકતા, વફાદારી, નિષ્ઠાથી રહીએ છીએ, અહંકારથી નહિ. ભગવાનની કૃપાથી તમારા બધા મિત્રોનો દિલનો સહકાર માગીએ છીએ.

તા. ૨૮-૯-૧૯૫૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૫

સાધનાનું રહસ્ય

પરાક્રમની જરૂર

હમણાં 'હરિને ભજતા' ભજન ગાયું તે આમ તો સીધું સાદું લાગે છે. મારા સ્વજને કહ્યું કે એમાં અર્થગાંભીર્ય નથી લાગતું. એમાં ઉત્તમતા નથી. સીધું સાદું લાગે છે. હૃદયમાં ચોંટી જાય એવું નથી. મને તો મારી સાધનામાં આ ભજને ખૂબ સહારો આપ્યો છે. એ તો બધું રહસ્ય બતાવે છે. પ્રહ્લાદના જીવનમાં કેટલાં કેટલાં તોફાનો આવ્યાં ! હિરણ્યાકંસનો દીકરો હોવા છતાં બાપે દીકરાને તાવ્યો છે. આ માર્ગમાં તો પરાક્રમની ઘણી જરૂર. આ માર્ગમાં જે ઝંઝાવાત પ્રકટે તેની આગળ કુદરતનાં તોફાનોનો કશો હિસાબ નથી. એ તો સાધનામાં આગળ વધે તેને ખબર પડે. દ્વંદ્વાતીત, ગુણાતીત થવા માટે ભગીરથ પ્રયાસ કરવો પડે છે. તેવું કરવા માટે ભયંકર તોફાનોનો સામનો કરવો પડે છે. તે વખતે ભગવાનનો સહારો પકડી રાખીએ તો હિરણ્યાકંસ રૂપી અહંકાર - એને જે ગણો તે - આ તો રૂપક છે - નો નાશ કરી નાખે છે. ભગવાનનો સહારો તેને હણી નાંખે છે.

ગુરુ સાથે દિલ મેળવો

મુશ્કેલી, આફતમાં આપણો સાચો મિત્ર હોય તે સહાયરૂપ નીવડે છે. સહાયરૂપ રહે છે. એવી આફત વખત મિત્રના વચનની ઓથ-સહાનુભૂતિ રહે છે તો તેની સાથે દિલની મિત્રતા થઈ જાય છે. તેવી દિલથી મિત્રતા ભગવાન સાથે પણ થઈ તો અનુભવ થાય. આ વાત બુદ્ધિ નકારી શકે એવી નથી. કેટલાયે સ્વજનોને આવી ઓથના અનુભવો થાય છે, પણ તે માથા ઉપરથી જતા રહે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
છે. ગુરુની સાથે દિલ એક થતું નથી. ઓથ હોવા છતાં કશું થતું નથી. જેવી રીતે મિત્રો વચ્ચે દિલની લાગણી હોય છે તો એકબીજાની ઓથ અનુભવાય છે. તેવી જ રીતે આમાં ગુરુની સાથે દિલ મળે તો ભગવાનની ઓથ મળે. પ્રહ્લાદ મુશ્કેલીમાં આવવા છતાં નમી પડયો નહીં; છતાં એના પિતા પ્રત્યેના સદ્‌ભાવમાં જરા યે ઊણપ આવવા દીધી નથી. તેણે પ્રભુને તેનો નાશ કરવા પ્રાર્થના પણ નથી કરી. ફક્ત ભગવાનમાં અડગ શ્રદ્ધા અને ટેક રાખ્યો. આવું કરીએ તો ભગવાન બધું દૂર કરી દે. આપણે ઝૂઝીએ તોય તોફાનો આવવાનાં. પણ એ તોફાનની પળોમાં ખમીર પ્રકટાવીએ તો જ તેની ખરી કિંમત હોય છે. એવા ખમીરવંત માણસનું આ માર્ગમાં કામ હોય છે.

આપણાં આવરણો

આ ભજનમાં ગાયું છે કે નરસિંહ મહેતાને ભગવાન હાર હાથોહાથ આપે છે. અને આ વાત બિલકુલ સાચી લાગે છે. હું તો બિલકુલ ગરીબ હતો છતાં આ આશ્રમો થયા છે. કલ્પના પણ કરી ન શકાય એટલી રકમો ઝપાટાભેર આપી દે છે. 'તું મારો થા તો હું તારું બધું સંભાળીશ'-ગીતામાં આવું અભય વચન આપ્યું છે. મારામાં લીન થઈ જાય તો 'योगक्षेमम् वहामि अहम्' પણ એની શરત છે - અનન્ય ભક્ત થવાની. લોકો કહે છે આ વાત લાગે છે સાચી, પણ એમાં ભરોસો બેસતો નથી. સંસારમાં, સગુંવહાલું, પૈસા, બૈરાં -છોકરાંમાં મનને પરોવાયેલું રાખીએ છીએ; પણ ભગવાનમાં લગાડતા નથી. પછી ભગવાન શું કરે ? એની ઓથ હોવા છતાં સમજાય નહિ. સૂર્યની ગરમીની ઉષ્ણતા વાદળાના આવરણથી લાગતી નથી. આપણે પણ લોભ, મોહ, અહંકાર, ક્રોધ વગેરેના આવરણથી ઢંકાયેલા છીએ. એટલે ઓથ હોવા છતાં અનુભવી શકતા નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitization by eGangotri

'ધ્રુવને આપ્યું અવિચળ રાજ' એ પદ છે. ધ્રુવને મા પણ રોકે છે અને નારદ પણ સમજાવે છે. છતાં બાળક મક્કમ રહે છે. જંગલમાં જાય છે ત્યારે અવિચળ રાજ્ય મળે છે. જ્યારે માણસને એકમાત્ર ભગવાનનો સહારો સાચો લાગે, તેનામાં વિશ્વાસ, શ્રદ્ધા રાખે, તો ઓથ લાગ્યા વિના રહેતી નથી.

ઝેર પીવાના

'મીરાંબાઈનાં ઝેર પીધાં' આને પણ રૂપક ગણીએ તો આપણામાં પણ અહંકાર, મદ, મત્સર, ક્રોધ, મોહ, માયા વગેરે રૂપી ઝેર છે. આપણે એને કાઢવા પ્રયત્ન કરીએ છીએ. એને દૂર કરવા ઝંખીએ છીએ છતાં પણ એ નીકળતું નથી. કુરાનમાં લખ્યું છે, 'ઉત્તમ ભક્ત ટેકરી ઉપર જાય છે અને કકડા કરીને નાખે છે છતાં તે વધતો જાય છે.' કરાંચીમાં એક અમલદાર આવતા અને મને આનો અર્થ પૂછતા. મેં કહ્યું કે અહંકાર વિશે પયગંબર સાહેબે એવી વાર્તા મૂકી છે. અહંકારને કાપતાં છતાં એનાં નવાં માથાં ફૂટતાં જાય છે. કેમ કે એ અનંત છે. સ્થૂળ કાપતાં સૂક્ષ્મ થાય અને તેવું થાય તો તેનો નાશ થવો દુર્લભ, કાપવો દુર્લભ અને એ તો વિવેકથી પણ દુર્લભ. ભગવાન બધાનું ઝેર પીવાનું કહે છે. ભગવાનની કૃપાથી અને ગુરુ મહારાજની કૃપાથી એમાં મન લગાડવાનું થયું, ત્યારે તેમ થયું છે.

ગુરુ ઘણા કરો પણ દિલ એક થઈ જવાનું - ગળી જવાનું બનતું નથી ત્યાં સુધી કસોટીમાંથી નીકળવાનું બનતું નથી. કેટલાક કહે છે કે ગુરુ તો આવા છે. ગુરુનું વર્તન જોવા જાય છે. કોણ ચોખા મૂકવા આવ્યું છે કે ગુરુ કરજે! ક્યાં જાહેરખબર આપેલી હતી ? પહેલાં અગ્નિ પરીક્ષામાંથી પસાર થા. શાંતિ રાખ. જેનું દિલ લાગ્યું હોય તેને મન તે સરળ છે, આમ તો ઘણું કઠણ છે પણ દિલ લાગવાથી સરળ થઈ જાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. તો બધું ઝેર પી લેવાની વાત છે. મીરાંએ તેવું કર્યું એટલે તેનાં ઝેર પીધાં.

ગીતામાં અર્જુન પણ કહે છેઃ 'વાયરાને વશ કરાય પણ મનને વશ કરવું અઘરું.' અહીં પણ આપણે જ અર્જુન છીએ. પણ આપણે હિંમત હારી જઈએ છીએ. કોઈપણ કોયડો એવો નથી જેનો ઉકેલ ન હોય. ફક્ત મનનો વૈરાગ્ય જોઈએ. અભ્યાસ જોઈએ.

ગીતામાં સાતત્ય યોગ કહ્યો છે. વૈરાગ્ય સળંગતા-(Continuity) થી આવી જાય. ચિત્તશુદ્ધિથી વૈરાગ્ય પ્રાપ્ત થાય. અને અભ્યાસ હોય તો મનને વશ કરી શકાય.

ગરજ

વેપારી કે ખેડૂત વેપારમાં કે ખેતીમાં ગમે તેટલી મુશ્કેલી આવ્યે હિંમત હારતો નથી. વેપારમાં પણ તોફાનો આવે છે. ખોટં આવે છે. ભાવની ઊથલપાથલ થાય છે. છતાં હિંમત રાખે છે. કારણ તેને સ્વાર્થ હોય છે. ગરજ હોય છે. રોટલાની પંચાત હોય છે. ખેડૂતને પણ ખેતીમાં મુશ્કેલીઓ આવે છે. કુદરતી આફતો આવે છે, છતાં તેને તે મૂકી દેતો નથી. તેવી ગરજ આ માર્ગમાં સાચેસાચી પ્રકટી નથી અને જ્યાં સુધી ए ની સાચી ગરજ ન લાગે ત્યાં સુધી કશું વળે નહિ. આ ઉકેલ આ ભજનથી મળ્યો છે.

સત્સંગ

'પાંચાલીનાં પૂર્યાં ચીર'. દુઃશાસન ચીર ખેંચે અને પાંચાલી જોરથી પકડી રાખે છે. પોતાના પુરુષાર્થથી ખમીર પ્રગટાવવાનું કર્યું છે અને પછી ભગવાનને પોકાર પાડયો છે. અને ભગવાને ચીર પૂર્યાં છે. તેવી રીતે આપણે પણ આ માર્ગને અચળ શ્રદ્ધાથી પકડી રાખીશું તો ભગવાન ચીર જરૂર પૂરશે. પણ તે એના થઈ જઈએ તો. માટે આવા થવું જોઈએ. અને તેવા થઈ એ તો તેમ થશે. આવું થાય તે માટે સત્સંગ કરો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપણે માયામાં - ભેદમાં ફસાયેલાં રહીશું તો જીવ પ્રકારની વૃત્તિઓના સંસ્કાર લઈને જન્મીશું. આવું શાસ્ત્ર વચન - ઉપદેશ કે કથાથી પણ ન બને. મારા ગુરુ મહારાજે ઉકેલ કર્યો કે પ્રારબ્ધયોગ તો તારે પણ ભોગવવો પડશે. એટલે અંદર બેસીને જે પ્રયત્ન કરીશું એ મરીશું ત્યારે સાથી બનશે. એ સ્મરણ કોઈ રીતે નુકસાન કરવાનું નથી.

મૌનએકાંતમાં સ્મરણ

કોઈ કહે છે ભગવાનમાં શ્રદ્ધા નથી. તો હું કહું છું કે, શબ્દમાં શક્તિ રહી છે. વિજ્ઞાને તે પુરવાર કરેલું છે. શબ્દને કારણે ધૂન પ્રકટે છે. વિચાર ઓછા આવે છે. બીજા સંસ્કાર મન ગ્રહણ કરે તો તેની અસર ઝાઝી ન થાય. આવું સ્મરણ બહાર ન થાય. અંદર ૧૫-૧૭ કલાક લેવાય છે. કોઈ દલીલ કરે છે. અંદર ખાવા પીવાનું - નહાવા ધોવાનું મળે, તો ઝાડ નીચે બેસીને કેમ ન લેવાય, આની શી જરૂર ? તેનો જવાબ એ છે કે આપણે તે રીતે ટેવાયેલા નથી. સરળતા હોય તો ભગવાનનું નામ સરળતાથી લઈ શકાય. જંગલમાં ધ્રુવ, પ્રહ્લાદ જેવા કોઈક જ જઈ શકે. આ આશ્રમ થયો છે તો સુરતનાં ભાઈબહેનો આવે છે. અંદર બેસનારને શરીરથી કશી હેરાનગતિ થાય છે, પણ આપોઆપ મટી જાય છે. કશો વાંધો આવતો નથી. કોઈક અંદરથી લખે કે શરીરને આમ થયું છે. હું તેને હિંમત આપું છું અને સારું થાય છે. મારામાં શક્તિ છે એવું નથી પણ એવી ચેતનાશક્તિ છે કે ભગવાનને પ્રાર્થના કરવાથી શારીરિક પીડા જતી રહે છે.

ચેતનના ગુણ

આપણામાં પણ ચેતન છે. આંખે જોવું, કાને સાંભળવું, મોંથી બોલવું વગેરે ચેતનને કારણે જ બને છે. તે આપણા રૂપ થઈ ગયું છે. ચેતન ઝાડ સાથે ઝાડરૂપે, અગ્નિ સાથે અગ્નિરૂપે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વાયુ સાથે વાયુરૂપે અને તેજ સાથે તેજરૂપે હોય છે. તે આપણા સ્વભાવ સાથે એકરૂપ થઈ જાય છે. જે ચીલામાં તેને મૂકીએ તે રૂપ તેનું થઈ જાય છે. વીજળીનો પંખામાં ઉપયોગ કરો તો પંખારૂપે, ગોળામાં ઉપયોગ કરો તો પ્રકાશ આપે. તેવું ચેનનનું છે. પ્રકૃતિ અને સ્વભાવ તકલીફ આ'ો તો ધીરજ રાખવી. પ્રયત્ન કરીશું તો તે જતું રહેવાનું છે. તેના ઉપર ભરોસો રાખવો - વિશ્વાસ રાખવો. રેલ આવી અને ગઈ. બાળપણ, શરીર, બધું જવાનું છે. અંદર બેસનારે નિશ્ચિંતતા રાખવી. મનમાં શા માટે ગભરાઈને નાહિંમત બનવું ? આવેલું જવાનું છે. રેલ જતી રહી, તોફાનો જતાં રહ્યાં.

ટેક રાખો

આ આપણા ઈશ્વરભાઈને જીવનમાં અનેક મુશ્કેલીઓ આવી છે. પ્રાંતિક સમિતિના પ્રમુખ પણ વિરુદ્ધ તોપણ તેમણે એકમાત્ર મજૂર પ્રવૃત્તિને પકડી રાખી. મુશ્કેલીનો પાર નહોતો. ત્યારે જ ખમીરની ખબર પડે. છતાં તેમણે આદર્શ મૂક્યો નથી. શેહમાં તણાયા નથી. પોતાની શક્તિ ઉપર અટલ વિશ્વાસ રાખ્યો છે. તે જીવનમાં અસર કરે છે. ધારાસભામાં પણ લીધા છે, પણ તે બીજા ન ચૂંટાય એટલા માટે લીધા છે. છતાં તેમણે ટેક મૂક્યો નથી જ.

જે ટેક મૂકતો નથી તેને ચેતન મદદ કરે છે. ચેતન સર્વ કાંઈ થવા શક્તિમાન છે. એનામાં અનંત શક્તિ છે. એને લાચાર ન બનવા દેશો. આપણે જો વિચારીશું કે 'કેવી રીતે થાય ?' તો એ કામ તો ન બને ! પણ જો 'શા માટે ન થાય ?' એમ વિચારીશું તો જરૂર બનશે. ચંદ્ર, મંગળ ઉપર પણ ઉપગ્રહ-રૉકેટ ઊડવા માંડયાં છે. વૈજ્ઞાનિકોએ બુદ્ધિ એકમાં જ લગાડી. કોઈ માનવી બૈરી સાથે બેઠો હોય કે સિનેમામાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri
હોય કે દરિયે ફરવા ગયો હોય તોપણ તે એકમાં જ રમમાણ, એકતાન. એની સાથે લગ્ન કરી લીધાં હોય તો કામ બની શકે. સદ્વર્તન, સદ્વિચાર કરી તો જો ! સંસારવ્યવહારમાં એની ઓથ મળે છે. સારા વિચાર પ્રગટાવવા માટે પણ સાધન જોઈએ. સુર અને અસુરના સંગ્રામમાં સાથ તો આપો. એક જ ઘરેડે ચાલ્યું છે. બીજ તો હોય, એ ફૂલશે, ફાલશે તો ફળ પણ આપશે, પુરુષાર્થ કરશો તો જલદી ફળશે, નહિ તો ન બને. ચારે તરફથી દાવાનળ પ્રકટે છે. પુરુષાર્થ સતત નહિ થાય તો ન બને, કારણ મન આ કે તે કરવા પરોવાયેલું રહે છે. આમાં તે ન ચાલે. આ સરળ સાધન છે. મૌનમાં અંદર બેઠા પછી આ જ કરવાનું એટલે સંસ્કાર પડે. એક જ પ્રકારની એકધારી ૧૭-૧૮ કલાકની પ્રવૃત્તિ. આને સાતત્યયોગ કહે છે. એના સંસ્કાર પડે છે, અને એ સંસ્કારનો જ્યારે ઉદયવર્તમાનકાળ થાય ત્યારે ત્યાંથી આગળ જવાનું બને છે.

સદ્ભાવથી ત્યાગ

જીવનમાં સદ્ભાવથી વર્તીએ, પ્રેમભક્તિ રાખીએ, મળેલાને ત્યાગની ભાવનાથી સહન કરીએ - પ્રેમથી. બેળેબેળે કર્યે નહિ ચાલે. સંસારમાં દરેકને ઇચ્છા કે અનિચ્છાએ સહન કરવાનું આવે છે. ઘસાવું પડે છે. બૈરાં-છોકરાં માટે ઘસાવું પડશે. સાથે અને ભેગા રહ્યા હોય તો કુટુંબ માટે પણ ઘસાવું પડે. હંમેશાં સમજુને વધારે માર પડે છે. જ્યારે જ્યારે ઘસાવું પડે તો પ્રેમથી ઉમળકાથી કેમ નહિ કરવું ? પ્રેમથી તેમ કરીએ તો શાંતિ મળે એને માટે આ કર્યું ને તે કર્યું એને કશો અર્થ નહિ. કલેશ, સંતાપ પણ આવે, આશા અપેક્ષા પણ આવવાની.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દરેક ધર્મમાં માળા હોય છે. જપ થાય છે. બીજગણિત (ઍલ્જિબ્રા)માં જેવી રીતે કૉમન ફૅકટર શીખતા, એવું આ જપ દરેક ધર્મનું કૉમન ફૅકટર છે. બુદ્ધિથી સમજવું હોય તો સમજી શકાય, આ બાબતમાં કશો તફાવત નથી. એ અનુભવેલી હકીકત છે. એની ઓથ અનુભવવા સહજ-સરળ સાધન ભગવાનનું સ્મરણ. એ કરી શકાય એવું છે. પણ બહાર એને માટે સરળતા નથી, નિરાંત નથી. કાંઈ ને કાંઈ રહ્યા કરે છે. બહાર મોકો મળે નહિ. આ એક એવું સાધન છે. નિયમસર ખાવાનું, ચા-જાજરૂ બધી સગવડ અંદર. નામસ્મરણ એકધારું લીધા કરો. જે સંસારમાં ન થઈ શકે. આ સાધનનો લાભ લઈએ. કાળ વધતો જશે તો ભગવાનની દયાથી એવું વાતાવરણ ઊભું થશે કે જેનાથી જોશ (momentum) મળ્યા કરશે. જે યોગીઓ લાવ્યા તે પ્રકટી શકશે. કોઈ પૂછે છે, 'નામસ્મરણથી કામ, ક્રોધ જશે ?' હું કહું છું 'હા, જશે.' આ કરી તો જો. નામસ્મરણ અજપાજપ સુધી લઈ જા. બીજું જેમ કરવું હોય તેમ કરજે. પરિણામ જલદી ન આવે, તે જલદી લાવવા, ઉઠાવ લાવવા નિર્મોહ, નિરહંકાર, નિર્મમત્વ વગેરે ગુણો કેળવવા પડશે.

પાયાની હકીકત

ખંભાતમાં પૃથ્વીમાંથી ગૅસ ઉપર એટલું દબાણ લાવે છે, તેવું દબાણ હોવું જોઈએ. શ્વાસોચ્છ્વાસ સાથે નામસ્મરણ તું કર -આપમેળે ખબર પડશે. Sublimation- ની ક્રિયા છે. (ઊર્ધ્વગમનની ક્રિયા છે) પ્રાણ ચેતનની પ્રક્રિયા ત્યારે શરૂ થાય છે. દર્દી વૈદ્યની દવા કરે તો પહેલાં મળશુદ્ધિ કરાવે. આજે નથી કરતા. સાત જુલાબ થાય પછી દવા આપે તો ગુણ લાગે. આ કરવું પડશે તો પત્તો ખાશે. કરવું હોય તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
અજપાજપ સુધી લઈ જવાય તો થશે. આ જમાનામાં સાચા ગુરુ પણ મળવા મુશ્કેલ છે. કઠણ કાળ છે. ભલભલા મહાત્માનાં દર્શન કર્યાં. પણ પાયાની હકીકતનું જ્ઞાન નથી મળતું. ચમત્કાર જોયા કરે. એક મહાત્માએ ચમત્કારનું પૂછયું, પણ નિરહંકાર, નિષ્કામ, નિર્મમત્વની માત્રા કેટલી ઘટી તે કોઈ પૂછતું નથી. જે કરવાનું છે તે કોઈની ચેતના-શક્તિથી પ્રગટે છે તે તો જીવાત્મા સાથે મહાત્માનો પ્રારબ્ધયોગ હોય છે. શ્રદ્ધા પ્રકટાવવા, સહજ મેળે મથામણો માથા ઉપર આવી રહે. શ્રદ્ધા વગેરે ચમત્કારથી નહિ પ્રકટે. રેલને પણ વર્ષ બે વર્ષમાં ભૂલી જઈશું ૧૯૨૭માં ખેડામાં આફત આવી પણ તે ભુલાઈ ગઈ. ચમત્કારને મહત્ત્વ આપવાનું નથી. નિષ્કામ નિરહંકાર, નિર્મોહ કેમ થવાય તે જોવું એ સાચી રીત છે. નહિ તો અટવાઈ જઈશું. આનો પ્રચાર ન કરવો. કેટલાક મિત્રો અતિશયોક્તિ કરે છે. તેઓ મારા પ્રત્યેની લાગણીથી તેમ કરે છે. પણ તેઓ મને મુશ્કેલીમાં મૂકે છે. આ માર્ગમાં તો નગદનાણું જોઈએ. જેવી રીતે રૂપિયો લઈને જઈએ તો ભૂસું આપે. જે કરવાનું છે તે આપણે કરવાનુ છે. આ દેખાય છે કે તે દેખાય છે તેનો વિચાર ન કરવો. નડિયાદમાં જુદા જુદા અનુભવો થયા છે, એ ખોટા નથી. ભગવાન અનંત છે. I and my Father are one. બાઈબલમાં કહ્યું છે. બ્રહ્મનાં ગુણધર્મ-શક્તિ પ્રકટ થાય તો સાક્ષાત્કાર થાય. મહાત્મા કશું કરતો નથી. એંજિનની પ્રચંડ શક્તિ તેના દ્વારા વ્યકત થાય. અસાધારણ શક્તિ (Abnormal power) દિલ પ્રકટેલું હશે તો અનુભવાશે. તમને શંકરાચાર્ય ભગવાને કહ્યું છે, 'સાગર અને એક બિંદુ સરખું છે.' સાગરની પ્રચંડ શક્તિ બિંદુમાં ના આવે તેવી રીતે શરીરમાં મહાત્મા આવેલા છે. કાંકરો લોહું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી થતો અને લોહું સોનું નથી થતું છતાં પ્રારબ્ધ નિમિત્ત પ્રકટે ત્યારે એ પાર જઈ શકે છે. એ મર્યાદાને પણ ઓળંગી શકે છે. એવો અનુભવ થાય છે. અંદર બેઠેલાને અનુભવ થાય છે. આપણે નથી સમજી શકતા એટલે ચમત્કાર કહીએ છીએ. રેડિયોની વાત. ભજન રેડિયો ઉપર ગવાય પણ બધે સાંભળી શકાય છે. એ એક જ વખતે. ચેતન વિસ્તાર પામે છે. ભાવના એકાગ્ર બને અને તેને કેન્દ્રિત કરવામાં આવે અને ઉચ્ચ કોટિએ જાય. પછી ગાઢતા પ્રકટે, તે સિવાય નહિ.

પ્રચંડ શક્તિ ભાવનાને ફેંકે છે. મહાપુરુષનો સંગાથ મિથ્યા જતો નથી. મહાત્મા ગાંધીજીએ જીવનચરિત્રમાં લખ્યું છે. સ્વરાજ્ય મેળવવાનો મારો જન્મસિદ્ધ હક્ક છે. સ્વરાજ્ય મળ્યું પણ વ્યવહારનું સાધન (medium) બરાબર નહિ. પરિણામ અવળું આવ્યું. પચીસ વર્ષ કઠણ ગાળવાનાં છે. સુખી થઈશું, સંકલ્પ ફળે પણ (medium) માધ્યમ બરાબર ન હોવાથી પરિણામ અવળું થઈ જાય છે. એ ચમત્કાર નથી. સમજવા બેસીએ તો સમજી શકાય એવું છે. ન સમજાય એટલે ચમત્કાર કહીએ છીએ. આની પાછળ વિજ્ઞાનનું શાસ્ત્ર છે. આપણે તો કામના, લોભ, મોહ, આશા રાખીએ છીએ. સંગ્રહપણું જાય તો લોભ જાય. એ સાચું સુખ મેળવવાનો માર્ગ છે. તેના પ્રત્યે વિશેષ લક્ષ કેળવાય એ મહત્ત્વનું છે. આ માર્ગે જઈને જે કરવાનું છે તે આ કરવાનું છે - વેર ન રાખો, પ્રેમભાવથી વર્તો, તેમ નહિ કરો તો પોતે દુઃખી થશો. માનસિક કલેશ ત્રાસ થશે. આપણે બીજાના વિષે વિચારીએ છીએ. પોતા વિષે વિચારતા નથી. સાત દિવસ કે એકવીસ દિવસ બેસે તે સંપૂર્ણ નથી થઈ જતો. એ બધા પણ તમારા જેવા છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બધું પોતાના વિકાસ માટે

આપણે જે કંઈ કરીએ તે આપણા પોતાને માટે કરીએ છીએ એવી ભાવના રાખીએ તો શાંતિ મળે. અહીં એકધારી પ્રવૃત્તિ આ માર્ગમાં રહ્યા કરે છે. અહીં કાંઈ પણ અલગપણું રહે છે. એના સંસ્કાર એટલા બધા ગાઢ પડવાના છે. જે કાંઈ થોડું ઘણું થાય તે સદમાર્ગે લઈ જશે. ભગવાનના સ્મરણમાં બિલકુલ અણગમો ન લાવીએ. વર્તનવ્યવહારમાં પ્રયત્ન કરીએ તો સુખશાંતિ મળે. અને એવી શક્તિ મળશે કે અડગ થઈ જઈએ. તોફાનમાં એવો સહારો મળશે. નામસ્મરણ એવું છે કે જેનાથી સહારો જરૂર મળે છે. મહાત્મા ગાંધીજીએ પણ લખ્યું છે કે નાનપણમાં અંધારે બીક લાગતી. પણ તે એવી પ્રચંડ વ્યક્તિ થઈ ગયા કે આવી મોટી સલ્તનતને પણ કાઢી. 'નવજીવન'માં લેખો વાંચો. 'લોઢાના ચણા' વાંચો, તો રોમ રોમમાં ખમીર પ્રકટે. એ પણ સામાન્ય માનવી હતા પણ એક બાઈના કહેવાથી સ્મરણ કરવા લાગ્યા. તેઓ તો હંમેશાં સાચું હોય તેનો જ સ્વીકાર કરતા. પ્રયોગ કર્યા સિવાય કોઈ વાત માને નહિ. સત્યાગ્રહનો પ્રયોગ કરવાનું મોકૂફ રાખ્યું છતાં તેઓ સંજોગોને વશ વર્તનારા-ભાગી જનારા નહિ. લોકો કહેતા કે સત્યાગ્રહ ફોકટ ગયો. ચારે તરફથી છાપાંઓ બોલે. સંત ભક્તોની વાતમાં ભક્તોએ અતિશયોક્તિ કરી હોય છે, પણ તેમણે હાર કબૂલી નથી. હારનો સ્વીકાર કર્યો છે, પણ હાર નવું પરાક્રમ જાગવા માટે છે. ફરીથી ઊઠવા માટે છે. પડી રહેવા માટે નથી. ચાલવું હોય તો કાદવમાં પગ ફસાઈ જાય. પેસી જાય, છતાં આગળ જાય છે. ભાવ હોવાથી કાદવવાળા રસ્તામાંથી પગને ખેંચીને પણ બહાર નીકળાય છે. બીજી વાર તેવું બને તો પણ ચાલીએ છીએ. યુદ્ધ આપતાં આપતાં ભગવાનના નામમાં વિશ્વાસ હતો. તેઓ સત્યનો પ્રયોગ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરનાર હતા. કોઈ પણ બાબત પ્રયોગ વિના સ્વીકારી નથી. એમાં ચેતનાશક્તિ સહારો આપે છે. મહાત્મા ગાંધીજીનું જીવન બતાવે છે, એમનામાં નિરાસક્તિ, નિરહંકાર, નિર્મમત્વ, નિર્લોભની ભાવના, સદ્‌ભાવ, ઉદારતા, નિષ્કામ, મતસહિષ્ણુતા એવા પ્રચંડ ગુણો હતા કે જેમાંથી ઘણું શીખી શકીએ.

દાનત અને દિલ

આપણી દાનત પ્રકટી નથી હોતી ! સાક્ષાત્ ભગવાન મળે પણ દાનત ન પ્રગટી હોય તો કશું નહિ વળે. એમાં મન લાગશે તો બની શકશે. અત્યારની કક્ષાએ શારીરિક, માનસિક રીતે કક્ષા ન લાગતી હોય છતાં શક્તિ મેળવી શકાય છે. અનુભવની એ વાત છે. જીવનચરિત્રમાં લખેલું છે. નાનાંમોટાં બધાં કામો ભગવાનની પ્રેરણાથી કર્યાં છે. એમણે આટલુ બધું શક્તિબળ ક્યાંથી અનુભવ્યું ? ભગવાનના સ્મરણમાંથી. અકબંધ અખંડપણે સાતત્ય જાળવી રાખ્યું તો, અને દિલ એક થયું હોય તો મિત્રની હૂંફ મળે છે. દિલ મળેલું હોય તો વાત કહેવાય અને દિલ હળવું થાય. ગમે તેને વાત કરવાથી દિલ હળવું થાય નહિ. દિલ મળેલું હોય ત્યાં જ વરાળ કાઢી શકાય.

આત્મનિવેદન

સાધનામાં પણ આત્મનિવેદનનો પણ એક પ્રકાર છે. જેમ જેમ અભ્યાસ રાખીએ અને ભગવાનને કહ્યા કરીએ તો ઉત્તમ પ્રકારે આત્મનિવેદન થાય. આત્મનિવેદન દ્વારા અદૃષ્ટ એવી શક્તિ અનુભવાય છે.

આંધળાને સહારા માટે લાકડી જોઈએ. તેને જીવનમાં સહારા માટે ભગવાનનું સ્મરણ ઉત્તમ છે. જીવનમાં એ જે ઓથ આપે છે તેવી ઓથ કોઈએ આપી નથી. મહમદ પેગંબર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાહેબ પર દુશ્મન ચઢી આવે છે. લોકો સંતાઈ જવાનું કહે છે. એ લોકો ખુવાર થઈ ગયા. તાજિયા એમના પુણ્ય સ્મરણ માટે છે. છેલ્લે બે જ જણા રહે છે. ગુફામાં જતા રહે છે. પેગંબર સાહેબ કહે છે, ગભરાવ છો શા માટે ? ત્રીજો ખુદા છે.

અત્યારની પરિસ્થિતિનો વિચાર કરો. લીલો દુકાળ પડયો છે. ખેડૂત આવે વખતે હતાશ થઈ જાય તો કેમ ચાલે ? સુરતમાં મુશ્કેલી આવી, લોકો તારાજ થઈ ગયા. છતાં માણસ ટકી રહી છે. આપઘાત કરી મરી જતો નથી. નિરાશા સેવતાં સેવતાં પણ ટકી રહે છે. એ ભગવાનની શક્તિને કારણે છે. એને છતી કરવા સાધન જોઈએ. આ સાધન સરળ સાધન છે. પરિણામ પેલા માર્ગ જેટલું જ, બધા કરી શકે એવું. આબાલવૃદ્ધ, લૂલો, લંગડો બધા જ કરી શકે.

સુખી થવું હોય તો

જીવનમાં સુખી થવું હોય તો આ કરવું. આનાથી શાંતિ-પ્રસન્નતા ટકે, અને તો સુખી થવાય. એ માટેનો ઈલાજ આ જ છે. બીજાથી કરીને આપણા મનમાં ઘર્ષણ ઓછું થાય તે સમજાય તો નામની જરૂર નથી. એક ભાંઈ કહે, 'હું ભગવાનને માનતો નથી.' મેં કહ્યું, 'ઉત્તમ વસ્તુ છે. આપણે સુખ જોઈએ છે. બધાથી ત્રાસ ન થાય તેવું ઈચ્છીએ છીએ. તેં વિચાર્યું છે કે આપણાથી કોઈને ત્રાસ થાય છે કે નહિ ? આ કાળે શાંતિ મળે તે માટે બીજાથી કરીને મનમાં ઘર્ષણ ન થાય તેટલું કર. ગમે તેમ મારે મારા મનમાં શાંતિ-પ્રસન્નતા મેળવવી છે. આ વિચારશો તો શાંતિ વહેલી આવશે. એ ખ્યાલમાં નહિ રાખે તો નહિ મળે. દિલ લાગેલું નથી. એટલે ગમતું હોય તો ય ન મળે. દિલ લાગે તો જરૂર મળે. જ્યાં સુધી પ્રયત્ન થઈ શકતો હોય તેટલો પ્રયત્ન ન થાય તો ઉષ્મા ન આવે, જ્ઞાન ન આવે, ચેતન ન આવે. આપણા પુરુષાર્થમાં જરૂર ફરક હોવાનો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગમતું હોય તો એકબીજાના દોષ જોવાનું મૂકી દઈએ, તો શાંતિ, પ્રસન્નતા ટકશે.' આવું કરતાં ભગવાનનું સ્મરણ કરશો તો બહુ ઉત્તમ રીતે થશે. તેને આ વાત બહુ ગમી. એ મને કરાંચીમાં મળેલો. મેં તેને આ કરવાનું કહ્યું.

દિલ લાગે તો

દિલ લાગે તો ગરીબમાં ગરીબ માણસ કરોડાધિપતિ થઈ જાય છે. ચરોતરના મફત ગગલનો તાજેતરનો દાખલો છે. કાપડની ફેરી કરતા - માથે ગાંસડી મૂકીને વેચવા જતા. પણ તે જીવતાં જીવતાં કરોડાધિપતિ થઈ ગયા. આપણું દિલ લોલુપતાઓમાં લાગે છે. એટલે એ તરફ વળાયું છે. બુદ્ધ ભગવાનને વૈભવ ક્યાં ઓછો હતો ? પણ તેમાંથી દિલ નીકળી ગયું એટલે ખલાસ. મનમાંથી નીકળી જાય તો બધું નકામું ! કેવી રીતે તે નીકળી શકે ? દિલ તેમાં લાગેલું છે એટલે તે જતું નથી. કોઈ મહેમાન ચાર-પાંચ દિવસ રહેવાની ઇચ્છાથી આવે પણ યજમાનનું દિલ ન જુએ તો ભાગી જાય છે. એટલે આપણું દિલ લાગેલું હોય છે. એટલે તેમાં ટકી રહેવાય છે. જો આ માર્ગમાં દિલ લાગશે તો પુરુષાર્થ થશે.

છોકરો નાનપણમાં ભણવા ન જાય તો મારીને મોકલે. બેબેબેબે પણ ભણવાના આમ સંસ્કાર નંખાય. બેબેબેબે પણ કરશો તો તમને મદદ કરશે. મહાત્મા ગાંધીજીએ પણ પુરવાર કર્યું છે. એમની વસ્તુઓનો સંગ્રહ કર્યો છે તેમાં માળા પણ છે. માળા તેમની પાસે રહેતી. પ્રયોગ વિના તેઓ માને તેવા નહોતા. વૈજ્ઞાનિકોએ H_2O એટલે પાણી પુરવાર કરીને બતાવ્યું તેમ મહાત્માજીએ પણ પ્રયોગ કરીને બતાવ્યું છે કે નામસ્મરણથી ટકી શકાય છે. આપણે બધા ભેગા મળીને એવો પ્રયત્ન કરીએ.

તા. ૧૨-૧૦-૧૯૫૯

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તોનાં દુઃખ

જગતની રચના

આ ભજનમાં છેલ્લી કડી 'આવો હરિ ભજવાનો લહાવો ભજન કોઈ કરશે રે ! કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે' છે. ભજનનું આ છેલ્લું ચરણ સમજવા જેવું છે. 'ભક્તોના દુઃખ હરશે રે' - સમાજમાં ભણેલાઓની માન્યતા છે કે ભક્તોને સમાજની દરકાર નથી. તેઓ સમાજને ભારરૂપ છે. પણ ભક્તોને આપમેળે સમાજની વ્યક્તિઓ સાથે પ્રારબ્ધયોગથી સંબંધ હોય છે. તેઓનું લોકો સાથે એવું તાદાત્મ્ય કેળવાયેલું છે કે તે પ્રત્યક્ષ પરિચયમાં આવે તો ખબર પડે. પરિચય સિવાયની માન્યાતામાં ભ્રમણા રહેલી છે. ભક્તકવિએ ગાયું છે, 'ભક્તોનાં દુઃખ હરશે રે.' ભક્તને સંબંધમાં આવેલી વ્યક્તિઓને ત્રાસિત અને કલેશવાળી જોઈને બહુ કરુણા નીપજે છે. તે તેમનાં દુઃખોને નિવારવા પ્રયત્ન કરે છે. જગતની રચના દ્વંદ્વની બનેલી છે. પ્રકાશ-અંધકાર, સુખ-દુઃખ વગેરે. દુઃખ પણ આવે છે તે હેતુપૂર્વક કેળવણી માટે હોય છે. ઘડાવા માટે હોય છે. પણ આપણે દુઃખ આવી પડે ત્યારે ત્રાસી જઈએ છીએ. ગભરાઈ જઈએ છીએ. જે આવે વખતે ગભરાતો નથી અને એ શક્તિ મેળવવાનું સાધન છે એ રીતે સ્વીકાર કરે છે ત્યારે ઘડાય છે. પણ આપણે તેવું કરતા નથી. પછી શાંતિ કઈ રીતે મળી શકે ? જેનામાં તટસ્થતા, સમતા વગેરે હોય તે દુઃખથી લેવાઈ જતો નથી. એ બધું લાવવું ક્યાંથી ? આપણામાં એવી શક્તિ નથી કે આવા ગુણો કેળવી શકાય. પ્રભુકૃપાથી અને ગુરુ મહારાજની કૃપાથી ગુણ કેળવવાનું બન્યું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યુવાની એવા ધગધગતા કાળમાં પસાર થઈ છે કે જે વખતમાં કિશોરલાલભાઈ વગેરે ગુણ ઉપર ખૂબ ભાર મૂકતા હતા.

હું હિમાલયમાંથી આવ્યો નથી. મેં જે ગડમથલ કરી છે, મારા સાથીઓ તેના જાણકાર છે. આવા ગુણો કેળવવા માટેનું સર્વોત્તમ સાધન સ્મરણ છે. શબ્દમાં શક્તિ રહેલી છે. પ્રસંગો દ્વારા જ એ વાતનો વિશ્વાસ પ્રકટે. ફક્ત બોલ્યા કરવાથી શું વળે ? સ્મરણની સાથે ભાવના ન હોય, પ્રેમ ન હોય તો કશું વળે નહિ. હું કહું છું કે એક જ શબ્દનું વારંવાર રટણ કરવાથી એવી સ્થિતિ થાય કે બધી બાબતોથી અળગા થઈ જવાય.

સ્મરણથી સમતા

ભગવાનનું સ્મરણ એ એક એવું સાધન છે કે સંસારની અનેક આધિવ્યાધિ આવે તેમાં સમતા કેળવી શકાય. એક જ શબ્દના વારંવાર ઉચ્ચારથી ધૂન પ્રકટે છે. ધૂનથી એકાગ્રતા પ્રકટે છે અને એકાગ્રતામાંથી લય (Rhythm) પ્રકટે છે. એ જ્ઞાનતંતુને માર્દવતા પ્રકટાવનારી છે. અત્યારના કાળમાં જ્ઞાનતંતુ એટલાં બધાં ઉશ્કેરાયેલાં હોય એને શાંત પાડવા ભગવાનનું સ્મરણ એ પ્રયોગાત્મક ક્રિયા છે. પ્રયોગ કરો તો ખબર પડે. મને તો દેશસેવાની ધૂન હતી. આધ્યાત્મિક માર્ગની કશી ખબર નહિ. ગરીબી પણ ભયંકર હતી. એ પરિસ્થિતિમાં માન મહેણાંથી બદલાઈ ન જવાય એ માટે ગંગાજળ સાથે દેશસેવા કરવાનો ટેક લીધેલો.

મહાત્મા ગાંધીજીનો આખો પાયો નામસ્મરણ ઉપર હતો. આપણે તે છોડી દીધું છે. બધા જ માણસો ભક્તો થઈ જવાના નથી. રાગદ્વેષ ગયા સિવાય સાત્ત્વિકપણું પ્રકટે નહિ. જ્યાં સુધી સાત્ત્વિકપણું પ્રકટે નહિ ત્યાં સુધી અથડામણ જગતમાં થવાની. આપણે બધા ગાંધીજીની અહિંસાનું હાર્દ સમજ્યા હોત તો આપણી આ સ્થિતિ ન હોત. મહાત્મા ગાંધીજીએ તો આગળ વધીને કહ્યું છે, રોગ માત્ર પણ નામસ્મરણથી મટી શકે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમણે અમને જગાડેલા. ભગવાનનું સ્મરણ એકધારું થયું. અંગ્રેજી શિક્ષણનો એક મોટામાં મોટો લાભ છે. એનાથી કરીને પૃથક્કરણની શક્તિ (research power) રીસર્ચ પાવર - આવી છે. પાશ્ચાત્ય કેળવણીનો એ મોટામાં મોટો લાભ છે. ભલે લોકો એને વખોડે, પણ એ કબૂલ કર્યા સિવાય ચાલે એમ નથી.

હું અને પરીક્ષિતલાલભાઈ સવારે ૪ થી રાત્રે ૧૦ સુધી ટેબલ ઉપર સામસામે બેસી કામ કરતા. રખડતા પણ ખરા. છતાં થાક લાગતો નહિ. ઠક્કર બાપાએ લખ્યું છે. તેઓ એમને એમ કદી લખે નહિ. તે વખતે તો ભાવનાનો જુવાળ પ્રકટ્યો હતો. તેની વાતાવરણમાં પણ અસર હતી. જેમણે તેનો પૂરેપૂરો લાભ લીધો છે તેઓ આજે પણ ખમીરવાળા છે.

મૌનએકાન્તમાં સથવારો

હું નમ્રતાથી કહું છું કે ભગવાનનું નામસ્મરણ પણ કરી શકાય એવી વસ્તુ છે. એને વળગી શકાય છે. પણ આજે ભાવના નથી. અને તેના પરત્વે ખરેખરું દિલ પ્રગટ્યું નથી. અહીં તો બ્રાહ્મણ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી બધા બેસી શકે. હમણાં નડિયાદમાં એક ૭૫ વર્ષના ડોસા બેઠા હતા. તેમની આંખે પણ દેખાય નહિ. મેં તેમને ભય પણ બતાવ્યો હતો કે અંદર બહુ મુશ્કેલી પડશે. છતાં ડગ્યા નહિ. અને મક્કમ નિર્ધાર કરીને બેઠા. મેં બેસતી વખતે કહ્યું હતું કે તમારી સાથે અંદર કોઈ હશે એ નક્કી માનજો. અમે મૌનમાં બેસનારનું પૂર્ણાહુતિના આગલા દિવસે નિવેદન લઈએ છીએ, તેમણે તેવા નિવેદનમાં લખ્યું છે, કોઈ દિવસ એકલાપણું લાગ્યું નથી.

પરેજી સાથે ઔષધ

ભક્તોએ જીવનમાં સમર્પણ કરીને ન્યોછાવર કરી દઈને, જે જાણ્યું છે તે જ કરુણાભાવે લોકો આગળ ધર્યું છે, તેમને પણ કરુણા પ્રકટી છે. માટે સંસારમાં આવી મળેલા ધર્મનું પાલન કરતાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરતાં સમજપૂર્વક જીવવાનું કરો. વૈદ્ય લોકો જે ચરી (પરેજી) આપે છે તેવી આ ચરી છે. જેવી રીતે વૈદ્યની ચરી નહિ પાળવાથી દવાનો ઉઠાવ (ફાયદો) થતો નથી તેવી રીતે ભગવાનના નામનો (નામસ્મરણ કરતા હોય તો) ઉઠાવ પણ સાત્ત્વિકપણું નહિ પ્રકટતું હોવાથી આવતો નથી. આપણે પણ દવા પાછળની ચરી જેવી ચરી પાળતા નથી. સ્મરણ કરતાં કરતાં અજપાજપ સુધી જાય ત્યારે રૂપાંતર (Sublimation)ની પ્રક્રિયા થવા માંડે. આનું પણ H_2O એટલે પાણીના જેવું ગણિતશાસ્ત્ર છે. એ થયા પછી જ કેવું રૂપાંતર થાય તે અનુભવી શકાય છે.

મનને નીરવ કરવા, શાંત કરવા બીજાં પણ સાધનો છે. તંત્રમાર્ગમાં પણ ગૂઢ સાધનો છે. એને માટે ચિત્તશુદ્ધિની ઘણી ઘણી આવશ્યકતા હોય છે. ચિત્તશુદ્ધિ હોય તો જ અનુભવી શકાય. એટલે તે વગર બતાવી શકાય નહિ. પણ ગુરુમહારાજની કૃપાથી તે બધું કરેલું છે, અનુભવેલું છે. એનાથી બીજાં પણ લક્ષણો પ્રકટે છે.

મારી સાથે અનુભવમાં આવેલાઓને પૂછી જુઓ કે વેપારમાં પણ સલાહ આપી છે. કોયડા ઉકેલી બતાવ્યા છે. પરીક્ષિતલાલભાઈ તથા બીજા બધા સહકાર્યકરો કહે છે કે ચૂનીલાલ ભગત આટલા હોશિયાર હશે એવું તેઓ કદી માનતા ન હતા. આ માર્ગમાં જવાથી બુદ્ધિનો પણ વિકાસ થાય છે. પણ તે યા હોમ કરીને પડ્યા સિવાય બને નહિ. કોઈ પણ વસ્તુના હાર્દને પકડવા સખત અભ્યાસની જરૂર. યદ્વાતદ્વા કરવાથી હાર્દને પકડી શકાય નહિ. તેમ છતાં વિશેષમાં શાંતિ મેળવવા પણ આ પ્રયોગ કરવાની જરૂર છે. હું કોઈને કહેતો નથી. જેને કરવો હોય તે કરે. આ પણ ફક્ત ગુરુમહારાજની આજ્ઞાથી મૌનની પૂર્ણાહુતિ વખતે કહું છું.

તા. ૧૯-૧૦-૧૯૫૯

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૭

જપ એ જ યજ્ઞ

દિલની શુદ્ધિ

શરૂઆતમાં જે કહ્યું કે 'કર જોડી કહે પ્રેમળદાસ ભક્તોનાં દુઃખ હરશે રે !' તેમાં અર્થ એ છે કે ભક્ત છે તે ભક્તિના રસમાં તરબોળ હોવા છતાં સમાજથી અલગ પડી શકતો નથી. સમાજથી અલગ પડી શકે જ નહિ. એવું હોય તો એમ લખે જ નહિ કે ભક્તોનાં દુઃખ હરશે. સંસારના લોકો દુઃખ અનુભવે છે. અનેક જાતની મુશ્કેલીઓ સહન કરે છે. પણ એને એમાંથી ઊગરવાનો કોઈ આરો નથી. એ ઉપાધિઓમાંથી નીકળવા માટે આશ્વાસન મેળવવાનું સંસારી લોકોને મળતું નથી. તેથી ભક્ત લોકોને એમ થાય છે કે આમાંથી આ લોકોને ઉગારવા જોઈએ. ભક્તોનાં દુઃખ હરશે એટલે કે ભક્તોનાં દુઃખ સહેજે દૂર થઈ જાય છે એવું નથી. પણ આ સંસારના રાગદ્વેષો દૂર કરવા જોઈએ. કુટુંબીઓ સાથે પ્રેમભાવ રાખીએ. એકબીજા સાથે પ્રેમ કેળવીએ એ રીતે આપણા ચિત્તમાં શુદ્ધિ પ્રગટે અને કામ, ક્રોધ, લોભ, મોહમાંથી નીકળીએ અને સાથે સાથે ઈશ્વરની ભક્તિ કરીએ. દ્વંદ્વાતીત, ગુણાતીત બનીએ. ભગવાનનું નામ લેતાં લેતાં અનાસક્ત થઈએ. નિર્મોહી, નિરાગ્રહી કેમ કરીને બનીએ તે જોવું જોઈએ. ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જો આ ગુણો કેળવાય તો જ સાચા દિલની શુદ્ધિ થઈ શકે. ગુણમાંથી શક્તિ પ્રગટે અને એ રીતે કામ ચાલે એમ મને લાગતું. પણ એ ગુણ કેળવતાં કંઈ બહુ થઈ શકતું નથી, એમ પણ મને લાગેલું, પણ ગુરુ પાસે જઈ શકાય એમ હતું નહિ. તેથી મેં દિલમાંથી જ ગુરુને શોધવા પ્રયત્ન કર્યો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બધા યજ્ઞની અંદર જપ એ મુખ્ય છે. ગીતામાતા એ મોટામાં મોટો છતાં નાનામાં નાનો ગ્રંથ છે. બાપુએ પણ ગીતામાતાની વાત કરી છે. ગીતામાં ભગવાન કહે છે કે બધા યજ્ઞમાં હું જપયજ્ઞ છું. ત્યારે સ્થૂળ યજ્ઞ તો હું સમજતો ન હતો. આ બધા કરતાં જપયજ્ઞ વિશેષ છે. આપણી અનેક પ્રકારની વૃત્તિઓને સૂક્ષ્મ રીતે યોગ્ય ભાવે વાળવી એ રીતે જપયજ્ઞનો પ્રયોગ કરવો જોઈએ. આવો એક પ્રયોગ કરવાનો વિચાર આવ્યો.

જપયજ્ઞ

નામસ્મરણમાં સળંગતા પ્રગટે તો જ સાચું રામનું સ્મરણ થઈ શકે. ભગવાનનું નામ લેવાથી એકદમ સ્વભાવ નહિ પલટાય. જન્મોજન્મનો યોગ છે. એક જ જન્મમાં જે મુક્ત થઈ ગયા એ તો અપવાદ છે. સામાન્ય લોકો માટે તો જન્મોજન્મનો યોગ છે. આનું પણ ગણિતશાસ્ત્ર છે કે નામસ્મરણમાં સળંગતા પ્રગટે તો જ આપણી વૃત્તિઓ ધીમે ધીમે બદલાય. તે થયા પછી જ ધીમે ધીમે આપણા જીવનમાં શુદ્ધિ આવે. ગંમે તેવાં દુઃખો પડે, કલેશ થાય તો ઈશ્વરનું નામસ્મરણ કરો. તો એનું દુઃખ શમે. મોટેથી નામસ્મરણ કરવાથી વિચારો ઘણા ઓછા આવે. મન હજી એને માટે તૈયાર નથી તેથી મોટેથી બોલવું જોઈએ. હાલની આપણી જીવદશામાં મન સંકલ્પવિકલ્પ કર્યા કરે. તેથી નામસ્મરણ મોટેથી કરવું. પણ એ રીતે કરતાં કરતાં નિર્મોહી બનવું, નિર્મળ મનની શુદ્ધિ પ્રાપ્ત કરવી. આમાં કોઈ ચમત્કાર નથી. ચમત્કારને મહત્ત્વ આપવાની જરૂર નથી. મૌનમાં બેસવાથી આપણે કેમ અનાસક્ત બનીએ એવી જાતની જાગૃતિ કેળવીએ એ જ મુખ્ય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગુણ અને શક્તિ પ્રગટે

ભગવાનનું સ્મરણ કર્યા કરવાથી ભાવનાની એકાગ્રતા થાય. ભાવના સ્થિતિસ્થાપક નથી. એમાં ગતિ છે. ભાવના પ્રકટે ત્યારે એ ભોળો હોતો નથી. પણ એની બુદ્ધિ સૂક્ષ્મ બને છે. ભક્તો ભોળા નથી હોતા. મારી સાથે અનેક ક્ષેત્રના માણસો છે. વ્યવહાર કુશળતા પણ મારામાં છે. એટલે દરેકને માર્ગ બતાવી શકું છું. ભક્તિની અંદર પરોવાતાં બુદ્ધિ સંકુચિત થાય છે એવું નથી, પણ બુદ્ધિયોગ થાય છે. એની બુદ્ધિ વિશાળ બને છે. એ બધાંની સાથે હળીમળી શકતો હોય છે એ જ સાચો ભક્ત છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટેનું સાધન આ છે. ભગવાનનું નામ તો સતત લીધા કરીએ તો એમાંથી ગુણ અને શક્તિ બંને પ્રકટે છે. એમ જો થાય તો જોમ, ઉત્સાહ વગેરે મળે છે. સેવાનું કામ કરતાં કરતાં એમ લાગ્યું કે સેવા બીજા માટે નથી પણ એ મારે માટે જ હું કરતો હતો. એ બધાની પાછળ રાગદ્વેષ દૂર કરી સૌ પ્રત્યે દિલમાં પ્રેમ પ્રગટાવવાનું જ કામ કર્યું છે. પ્રેમનું પ્રથમ લક્ષણ તો ત્યાગ છે. એ પ્રેમને લીધે કંઈ કરીએ તો એ આપણને સહજ લાગે છે. સાધનાને માટે જો કોઈ ક્ષેત્ર જોઈએ તો એ કામ આ રીતે સેવા કરવાથી થઈ શકે. આપણે સૌ માટે સદ્‌ભાવ, પ્રેમ વગેરે કેળવીએ. બીજી રીતે કહીએ તો આપણાં દુઃખ વધે, મનમાં કલેશ વધે એવું ન કરવું. નામસ્મરણમાંથી સળંગતા પ્રગટે-એમાંથી નીરવતા પ્રકટે છે. ભાવનાથી ધારણા અતૂટપણે આપણામાં પ્રકટે ત્યારે જીવનનો પ્રવાહ બદલાઈ જાય છે. આવી ભાવના પ્રકટે તો જ આપણાં કામ, ક્રોધ, મદ, લોભ મોહ વગેરે આપણામાંથી નાશ પામે. આટલું કરવું એ તો ઘણું આગળનું છે. પણ આજ તો નામસ્મરણ કરવું એ જ પ્રથમ પગલું છે.

તા. ૨૧-૧૨-૧૯૫૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૮

ભાવનાની ધારણા

મનન-ચિંતવન

જીવનના કોઈ ક્ષેત્રમાં કે પ્રવૃત્તિમાં જ્યાં સુધી કોઈ પણ દશામાં હોઈએ ત્યાં સુધી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિમાં રહીએ છીએ. એટલે આવી કોઈ પણ પ્રવૃત્તિમાં હોઈએ તો તેનું મનન-ચિંતવન જરૂરનું છે. એમાં ટકી રહેવા પણ મનન-ચિંતવનની જરૂરત છે.

એવું ચિંતવન થવાનાં અનેક કારણો હોઈ શકે. કોઈ મુશ્કેલી ફિકર, ચિંતા હોય અથવા કોઈ કોયડાથી કરીને પણ જીવનમાં મનન-ચિંતવન હોય છે. આવું દરેક ક્ષેત્રમાં દરેક જીવને વત્તાઓછા પ્રમાણમાં થયા કરે.

જીવનવિકાસના ક્ષેત્રમાં જીવનવિકાસ એટલે શું ? જે દશામાં હોય તેમાંથી ઊર્ધ્વગામી જીવન જીવવા માટેની વૃત્તિવલણ થવાં અને તે તરફની પ્રવૃત્તિ રહેવી. જીવનવિકાસ પરત્વે જીવને જ્યાં સુધી જ્વાળામુખી જેવી ધગધગતી લાગણી પ્રકટતી નથી, ત્યાં સુધી તે પ્રકારની વૃત્તિ એકદમ જાગતી નથી. આવી રીતે જીવનવિકાસની પ્રવૃત્તિ પ્રત્યે આપણને એક પ્રકારનું ખેંચાણ છે. કારણ એના સિવાય આપણો છૂટકો નથી હોતો. આવી કોઈ પણ પ્રવૃત્તિ આપણે ચલાવવી હોય તો તેનું મનન-ચિંતવન રહેવાનું જ. સામાન્ય ધંધાદારી માણસોને પણ મનન-ચિંતવન રહેવાનું. કારણ કે તેઓને એનો વિકાસ કરવો હોય છે. પ્રોફેસરો, શાળાના શિક્ષકો વગેરે માણસોને આવું મનન-ચિંતવન ઘણું ઓછું થાય. જેનું સ્વતંત્ર ધ્યેય હોય તેને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વધુ થવાનું. તો કોઈ નીતિ માન પ્રમાણિક નોકરી હોય તેને મનન-ચિંતવન થાય અથવા કરવું પડે. પણ તે પ્રમાણમાં ઓછું થાય.

પોતાને શોધવા માટે મૌનમંદિર

આ સંસાર વહેવારમાં આપણે અનેક જીવો સાથે સંકળાયેલા છીએ અને તેને લીધે દરેકની સાથેના વહેવાર-વર્તનમાં પ્રત્યાઘાત થાય છે. એનાથી દુઃખ, સંતાપ, કલેશ, હર્ષ, શોક વગેરે થાય છે. એવા કોઈ પ્રદેશમાં આપણે જઈએ કે જેનાથી આ બધું દૂર થઈ શકે. જેને આ બધાથી દૂર થવું હોય તેણે તે માટે પ્રયાસ કરવો જ રહ્યો. જેને ધગધગતી જિજ્ઞાસા થઈ હોય તેને પ્રયત્ન ન પણ કરવો પડે. દા.ત. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, શ્રીઅરવિંદ, પણ તેમને પણ સાધના કરવી પડે છે. એવો જ દાખલો શ્રીકૃષ્ણ ભગવાનનો. તેમને પણ સાધના કરવી પડી. એવાઓ એમના સાથી પણ સાથે લાવતા હોય છે. દા. ત. કૃષ્ણ ભગવાનને સાંદિપનીને ઘેર નિમિત્તરૂપે પણ સાધના કરવી પડેલી. એટલે આવી ભાવનાને કેળવવાને વિકસાવવાને પુરુષાર્થની જરૂર છે. એને માટે જુદા જુદા સંપ્રદાયો હોઈ શકે. જો ભાવનાનો વિકસાવવી હોય, એકધારી પ્રવર્તાવવી હોય, તો પુરુષાર્થની જરૂરત છે જ. બધાંને માટે પુરુષાર્થ વગર શક્ય જ નથી. એ ભાવનાને જીવતી રાખવાને દરેક જીવ પોતાને અનુકૂળ એવા પ્રયત્નથી એને આગળ વધારે. એવો પ્રયત્ન કે પુરુષાર્થ તે સાધનાની રીત. એને માટે એટલે કે એવી સાધના માટે શાંત અને અક્ષુબ્ધ વાતાવરણની ખાસ જરૂર. એના વિના અસંભવ. એટલે કે સંસારમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાવનાના વિકાસની પ્રવૃત્તિ ચલાવ્યા કરવી સામાન્ય રીતે અશક્ય એટલે આવા એકાંતની જરૂર ખરી. એટલે એ ભાવનાને સળંગ રાખવા માટે સામાન્ય રીતે દરેક જીવને એની પોતાની પસંદગીની રીત માટે આવા એકાંતની જરૂર ખરી. આ કારણે આવા આશ્રમોની જરૂર છે. અને તેથી આવા આશ્રમો બનાવેલા. આમાં કોઈ પંથ કે સંપ્રદાયનું બંધન નથી. શ્રીમાતાજી, શ્રીકબીર કે બીજો કોઈ ફોટો મૂકવામાં પણ વાંધો ન હોય. આવા જ એક નડિયાદ આશ્રમમાં જૈન ભાઈઓ પણ બેઠા છે. પારસીભાઈ પણ આવ્યા છે. એટલે આ રચનામાં જીવ પોતાને પોતાનો શોધનાર બની શકે અને એના ચિત્તમાં જે સુષુપ્ત સંસ્કારો પડેલા છે તે ઘણાને ઊભરે પણ ખરા.

જે ભાવનામાં એકધારો રમમાણ છે તેને આવી જરૂર નથી. પણ જેને પોતે પોતાને શોધવો છે, જેનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌માં ઘણા સંસ્કારો પડેલા છે તેને માટે છે. જેને આમાં કોઈ જાતની સૂઝ નથી તેને માટે આવી જરૂર છે.

ભાવનાની જરૂર

જીવનવિકાસના ક્ષેત્રમાં ભાવનાની ધારણાની ઘણી જરૂર હોય છે. મારે માટે મેં પ્રભુકૃપાથી બુદ્ધિને ગુરુ ગણેલો. અને પૈસા નહિ એટલે ગુરુમહારાજ પાસે જવાય નહિ. એટલે કેવળ બુદ્ધિને આધારે ભાવના કેળવવા નામસ્મરણ, ધ્યાન વગેરે સાધન લીધા કરેલું.

આમ કર્મ કરતાં છતાં ભાવનાની એકાગ્રતા, જપ લઈ શકે એવું કદી બનતું નથી. એમાં અપવાદ હોઈ શકે પણ તેને પણ સાધનાની જરૂર ખરી. એટલે આપણે તો ગમે તે સાધન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પકડી લેવાની જરૂર. એટલે એની Awareness રાખવા માટે કોઈ પણ સાધન લેવું જ જોઈએ.

કર્મ કરતાં કરતાં ગુરુમહારાજનું ભાન, ધ્યાન રહે એ પણ જરૂરનું છે. પણ એકદમ એ શક્ય નથી. આ બધું જરૂરનું છે. પણ તે થવા માટે ભક્તિ પ્રગટી જવી જોઈએ. અને એવી એકધારી પ્રેમપૂર્વકની ભક્તિ પ્રગટી જાય તો ઘણી સરળતા રહે. નહિ તો એટલું એક ધ્યાન પણું રહેવું એકદમ શક્ય નથી. આવું બનવામાં ભાવનાની એકધારી લાગણી પ્રગટે તો બની શકે ખરું.

કોઈ સાધનાની રીતે પ્રગટ્યા વગર ભાગ્યે જ એમાં કોઈક અપવાદ પણ હોઈ શકે. પણ પ્રયત્ન સિવાય કોઈની ભાવનાની ધારણા રહે એમ હું માનતો નથી. એવાને તો મારું શિર નમે. હા, કોઈને એક એવી જબરજસ્ત ભક્તિ પ્રગટી ગઈ હોય તો એવું બને. એટલે આવી ભાવનાની ધારણા એકધારી રહે તો આપણે દ્વંદ્વાતીત કે ગુણાતીત થઈ શકીએ. ધર્મ એ બહોળો શબ્દ છે. સંપ્રદાય શબ્દ ટૂંકા અર્થમાં છે. ભાવનાની સળંગતા કેમ પ્રગટેલી રહે તે દરેકનો અલગ વિષય છે. આવી ભાવનાની ધારણા સળંગપણે પ્રગટવા સિવાય આપણે કોઈ પણ પ્રકારની લાગણીઓથી પર ન થઈ શકીએ. ભાવનાનું પ્રચંડ પૂર આવે તો આખો ભાવનાનો પ્રવાહ બદલાઈ જાય. દા.ત. આપણે અહીં તાપીમાં પ્રચંડ પૂર આવેલું તે કેટલો પ્રવાહ બદલાઈ ગયેલો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાવનાનું પરિણામ

આપણામાં પડેલાં કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર જો આવું ભાવનાનું પ્રચંડ પૂર આવે તો એ બધું કાઢી શકાય. એટલે એ ભાવનાનું પ્રચંડ પૂર આવે તો આખો પ્રવાહ બદલાઈ જાય. એટલે કે આપણા બધા ગુણો બદલાઈ જાય.

જો ભાવનાની પ્રચંડતા પ્રગટે તો ઉધમાતિયાપણું પણ નીકળી જાય. જો આવી ભાવનાનું પૂર પ્રગટે તો શાંતિ, સ્થિરતા વગેરે કહી શકે. દા.ત. જેમ કોઈ વિજ્ઞાની એની શોધમાં એકધારો રહે છે તેમ. તેવી જ રીતે જે કોઈને આમાં લગની હોય તો તેને એકધારો આ જાતનો પ્રયાસ કરવો જ પડશે.

સંકલ્પનું બળ

જો આઠે પ્રહર સત્ત્વગુણની નીતિ આપણામાં પ્રગટેલી હોય તો સાક્ષાત્કારની ભાવના પ્રગટી શકે. કોઈપણ ભાવનાના વિકાસમાં આગળ વધીએ તો જ આગળ જવાનો રસ્તો ખુલ્લો થાય. એમ ને એમ ભાવનાના ક્ષેત્રમાં આગળ વધીને સળંગતા પ્રગટવાની નથી. રોજ ધ્યાનમાં બેસો. અને જરા જરા, વાતવાતમાં ક્ષુબ્ધ થઈ જવાય તો તો આપણી એકાગ્રતા ન થઈ કહેવાય. એટલે એવી Strong will કે સંકલ્પનું બળ પ્રગટયા સિવાય આવી એકાગ્રતા પ્રકટી ન શકે. એટલે દરેક માટે અભ્યાસની જરૂર અને દરેકની અભિરુચિ જુદી જુદી હોય એટલે દરેકની રીત પણ જુદી હોવાથી એટલે અભ્યાસથી અવરનવર ભાવનાનો મૂડ પ્રગટે અથવા ઊભરા આવે. બાકી સળંગ ભાવનાની સ્થિતિ ન રહે. તો આવા ઊભરાથી આ અંગેનું કામ પતી જવાનું નથી. એટલે આવા અભ્યાસથી બૅટરી ચાર્જ થયા કરે. એટલે ભાવનાની એકાગ્રતા, કેન્દ્રિતતા થવાની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
જરૂર. અને તે થવા માટે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની નીરવતા થવાની જરૂર છે. મનનો ધર્મ, સંકલ્પ વિકલ્પ કરવાનો છે. પ્રાણના, કામના, આશા, તૃષ્ણા, લોલુપતા, ઇચ્છા વગેરે તે બધું શમી જવાની જરૂર. એટલે એકલા ભગવાનની ભાવનાના તલસાટની જરૂર.

બુદ્ધિમાં શ્રદ્ધા પ્રગટાવવાની. બુદ્ધિથી તર્ક દલીલ વગેરે કરીએ તો સમતા ન પ્રગટે. સમતા પ્રગટાવવી એ બુદ્ધિનું ક્ષેત્ર છે. અહમ્‌થી જીવ અને ચેતન બંને દશામાં પ્રવર્તમાન થવાય. અહમ્‌થી સાક્ષી, દ્રષ્ટા, ભોક્તા, પ્રભુ થઈ શકીએ, એટલે અહમ્ બંનેમાં લઈ જાય છે. એનાથી સાક્ષાત્કાર પણ થાય. અને નીચે પણ જવાય. એટલે ભાવનાની સળંગતા પ્રગટાવવાને કોઈ પણ રીતની જરૂર છે જ.

ગુરુ પરત્વે રાગ

ધ્યેય પરત્વેની ખરેખરી ભાવના અને જિજ્ઞાસા વગરની ભાવનાની સળંગતા કેમ કરીને પ્રગટે ? દરેકને એમ બનવાનું જ નથી. એટલે જેને આવું પ્રગટી જાય તેને ધન્યવાદ. એ જ એનો સદ્‌ગુરુ. જો કોઈ જીવને ગુરુ પરત્વે રાગ પ્રગટી જાય તો તે આપણને દોરવી શકે. એ જો સમર્થ હોય તો આપણને હજારો માઈલ દૂરથી પણ વાયરલેસ માફક દોરવી શકે. એને માટે ખરી એવી એકધારી પ્રેમભક્તિ પ્રગટવી જોઈએ. એ પ્રગટેલી છે કે કેમ તે તપાસવું અને તેને માટે આપણા જીવનમાં રોજની કેવી વૃત્તિ, વલણ ને દશા ઊગે છે તેનાથી તપાસી શકાય, કે આપણામાં આવી એકધારી પ્રેમભક્તિ પ્રગટી છે કે કેમ ?

એટલે જ્યારે આવું થઈ શકે તો તમારે વિચારવું કે આમાં આપણે ક્યાં છીએ અને કેટલે છીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રદ્ધા

કર્મ કશાથી જુદું નથી. ભક્તિ જ્ઞાનમૂલક છે. શ્રદ્ધા વિના જ્ઞાન પ્રગટતું નથી. 'શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ્' એમ ગીતામાતામાં કહ્યું છે.

શ્રદ્ધા આંધળી હોતી નથી. શ્રદ્ધા સહસ્રનયની હોય છે. શ્રદ્ધા જીવન છે. શ્રદ્ધાથી હૈયાઉકલત થાય છે. એમાં ગાડરિયો પ્રવાહ થઈ જાય તો એ આંધળી પણ બને. જો એક પ્રત્યે એકધારી એવી ભક્તિપૂર્વકની શ્રદ્ધા પ્રગટે તો નિશ્ચયાત્મક બુદ્ધિ પ્રગટે. એવી શ્રદ્ધા પ્રગટ્યા વિના મનમાં નીરવતા પ્રાપ્ત થવી દુર્લભ અને અહમ્‌ને ટાળવાનું અશક્ય. ભાવનાની અખંડતા કે સળંગતા પ્રગટે તો જ આ બની શકે. તો શ્રદ્ધા સહજ બની જાય. એ માટે ભાવનાની જરૂર. તો ભાવના અખંડકાળ ટકી રહે તે માટે મનન-ચિંતવન જરૂરનું અને તે માટે સાધનાની કોઈ રીત જરૂરની. તેનાથી કરી ભાવનાની સળંગતા રહ્યા કરે.

તા. ૪-૧-૧૯૬૦

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૯

સાચું તપ

દોહ્યલું માનવજીવન

આપણને મનુષ્ય જીવન મળ્યું છે. આ પૃથ્વીમાં મનુષ્ય જીવન મળવું, બીજા જીવોના જીવન કરતાં દોહ્યલું છે. એ તો મહાદુર્લભ છે એમ બધા બોલે છે. સાધુ-સંન્યાસીથી માંડી બધા સંસારી જીવો પણ એમ જ બોલે છે. આપણે તેવું બોલીએ છીએ; પણ એનો ઉપયોગ કરતા નથી. મારી પાસે અહીં આવનાર પણ તેવું બોલે છે; પણ એ પ્રમાણે વર્તતા નથી. એ દિશામાં કોઈની ગતિ નથી. કોઈ સંસારી એમ કહે કે મારી પાસે રૂા. ૫૦,૦૦૦ છે. તો એ ચોપડે બતાવી શકે ખરો ને ? જો લેવડદેવડનો ધંધો કરવો હોય તો પહેલાં જેની સાથે ધંધો કરવાનો હોય તેની શાખ તપાસશે અને તેમ કરશે તો લેવડદેવડનો ધંધો ચલાવી શકાશે. તેવી રીતે બધા કહે છે કે ભગવાનનું નામ એ સાચું છે; પણ કોઈ તે લે છે ખરું ? મારા ગુરુમહારાજે તો મને દંડો આપેલો. મારું ચાલે તો બે લગાવી પણ દઉં. તારો સંસાર, બૈરી-છોકરાં, ધંધો સાચો છે. પણ તને ભગવાનનું નામ સાચું લાગતું નથી ? અહીં આવનારાઓ પણ બહાનાં કાઢે છે કે કામ હતું. બહાનાં કાઢવાં તે તો દંભ છે. સાચી વાત કહેવાનો મારો ધર્મ છે. એટલે દંભ ન રાખવો. તમે મારા મિત્રો થયા હો તો સાચી વાત કરી દેવી. જો તમારાથી મારું કર્મ ન બને તો ના પાડવી. બને તો કરવું. તમે જો પ્રેમથી કરો તો જુઓ થાય છે કે નહિ ? અહીં તો પ્રેમનું બંધન છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હુકમપાલન

હું આશ્રમની ભૂમિ પર બેસીને કહું છું. મારા ગુરુમહારાજે મને દરિયામાં ચાલ્યા જવાનો હુકમ કરેલો. એના પ્રત્યક્ષ સાક્ષી છે. અમારી પાસે તો દરેક વાતની ખાતરી છે. અમે દરિયામાં એવી રીતે ગયેલા - ત્યારે બીજો કશો વિચાર ન આવેલો. ગુરુમહારાજની આજ્ઞાપાલનનો જ ખ્યાલ હતો..

આ જાતની શરણાગતિ ભગવાન પ્રત્યે કેળવવી પડશે. એટલે આ માર્ગમાં શરણાગતિ બહુ જરૂરની ગણાય છે. એ જાતની તૈયારી કરવી જોઈએ.

ધનનો સદુપયોગ

તમને બધાને સંસાર વહાલો છે. ભગવાનની વાત કરવી તમને ગમતી નથી. હિંદુસ્તાનને માટે કઠણ કાળ આવે છે. પચીસ વર્ષ એવાં જવાનાં છે. આપણી પાસે ધન છે અને શક્તિ પણ છે. શક્તિને ત્રણ રીતે વપરાય. શક્તિનો માતા તરીકે ઉપયોગ કરે, તો તે ઉછેરીને મોટા કરે. એને વાપરે નહિ. બીજા પત્ની તરીકે તે વાપર્યા જ કરે. અને ત્રીજા છોકરી તરીકે તે મોટી કરીને બીજાને આપતા જાય. આ હકીકત છે. તો શક્તિનો જ્ઞાનપૂર્વક - ભક્તિપૂર્વક ઉપયોગ ન કરો તો કેમ ચાલશે ? સંસારવ્યવહારમાં ધન ખૂબ કામ આવી શકે છે. એનો સદુપયોગ કરવો જોઈએ. એકલો ન ખાતો, વહેંચીને સદુપયોગ કરીને ખાજે. તમારી મૂડી તમારી નથી. તમારા બાપની પણ નથી. જો તમે તેનો બીજા માટે ઉપયોગ ન કરો તો તે તમને ખાઈ જશે. તમે બીજા માટે ઉપયોગ કરશો તો તમને મળશે. અને જો તેને વાપરી ખાશો તો કોરા ધાકડ (ધાકોર) રહેશો. આ હું ભિખારી છું એટલે તમને નથી કહેતો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમે તો સમર્થ છીએ. અમે તો ખૂબ ધનવાન છીએ. જેની પાસે ધન હોય તે ભોગવી નથી શકતા. હું તો ભંગીને ત્યાંથી માંડી શેઠિયાઓ સાથે ફરેલો અને એટલે મેં તો જોયું છે કે ભોગ એ રોગ છે. જો લક્ષ્મીનો સદુપયોગ કરશો, તો સારું થશે. જો ઉમળકાથી અને ભક્તિથી ખર્ચશો નહિ તો ખોશો અને મુશ્કેલી થશે.

સર્વ પ્રત્યે સદ્‌ભાવ

બોલતાં લાખ વાર વિચારશો. બધું સાંભળજો પણ કોઈને કાંઈ કહેશો નહિ. જરૂર વિનાનું નકામું સાંભળવું પણ નહિ. નકામું સાંભળવાથી એના સંસ્કાર પડે, તે તમારે ભોગવવા પડે. કોઈની એવી વાતો સાંભળવી તે પણ બરાબર નથી. એવું સાંભળવાથી આપણે એ ભોગવવું પડે. કોઈની નિંદા કરવી નહિ; તેમ સાંભળવી પણ નહિ. બીજાના દોષ મારી આગળ જે બતાવે છે તેને દંભી ગણું છું. જે બીજાના દોષ જોયા કરે છે તે નબળો છે. હંમેશાં પોતે સુધરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સંસારવ્યવહારમાં ગુણઅવગુણ બંને છે. કોઈ સંપૂર્ણ નથી. દેહધારી સંપૂર્ણ હોઈ શકે નહિ. આપણામાં ગુણ-અવગુણ બંને છે. જો ગુણ જોઈશું તો સારા ગુણનું ધન મળશે. જો અવગુણ જોશો તો તેના (અવગુણના) સંસ્કાર પડશે. જો કોઈ ખરાબ હોય અને તેનું પ્રેમથી સહન કરશો તો તે પણ તપ જ છે મારી પોતાની માએ મારા ઉપર કશું કરવામાં બાકી રાખ્યું નથી. મેં ઘર ન બંધાવ્યું. મેં એને સંસારી સુખ-વૈભવ ન આપ્યું ને તેનું કારણ હતું. મારી જીવનની ભાવના જુદી હતી. એટલે હું તેમ ન જીવ્યો. એટલે જો કોઈ જીવદશાવાળા હોય તો તેમના પ્રત્યે સદ્‌ભાવ તો રાખવો જ. મારી માએ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારા માટે આખા આશ્રમમાં બધે વાતો કરેલી. તેમ છતાં મેં મારી મા ઉપર પ્રેમ કેળવ્યો છે. હું તો એને બૂમો જ પાડતો. એટલે બીજાના અવગુણ ઉપર જીત મેળવવાને એના તરફ પ્રેમ રાખજો. જો મા તરફનો તમારો સદ્‌ભાવ ન જાગ્યો તો દંભ છે. તેવું હોય તો મારી પાસે આવતા જ નહિ. જેને મા પ્રત્યે પ્રેમ જાગતો નથી તે શું કરવાનો હતો ? એટલે જો કોઈને ખોટું લાગે તો ન આવે. મારા મિત્રોને આ બધું લક્ષમાં રાખીને કહું છું. મારા ગુરુમહારાજે મને વચન આપ્યું છે કે તારા સ્વજનો તારા દુશ્મન છે, પણ હું તો અભય છું. હું તો એ બધા તરફ પ્રેમ રાખું છું. પણ કોઈ મારા તરફ તેટલો પ્રેમ નથી કેળવી શક્યા. મારા સ્વજનો એમના વડીલો પ્રત્યે ધીમે ધીમે પ્રેમ કેળવતા આવ્યા છે. હું સામાન્ય રીતે બોલતો નથી. એટલે મારે તો આ પ્રવચન વખતે જ બોલનો દંડો ઉપાડવાનો રહ્યો. એમ ને એમ બોલું તો કોઈ મારી પાસે આવે નહિ.

ગુરુ શું કરે ને શું ન કરે તે વિચારશો નહિ. ગુરુમહારાજ બધું કરી શકે-જો તે સાચા હોય તો. ગુરુ સાચા હોય તો તેને માટે कर्तुम्, अकर्तुम्, अन्यथाकर्तुम् समर्थः બધું જ (કરવું, ન કરવું, અન્યથા કરવું) શક્ય છે.

ગુરુનું સામર્થ્ય

મારા ગુરુમહારાજ એટલા સમર્થ હતા કે હું અહીં પ્રાર્થના કરું તો એઓ ત્યાં બોલો. મારા મિત્ર એ બધું લખી લેતા, અને વંચાવેલું. મારા ગુરુમહારાજે મને સાધના કરાવી છે. અને મેં જે જે કર્યું છે તેના પણ સાક્ષી છે. ગુરુમહારાજ તેવું ક્યારે કરે - અગર કરાવે ? ગીતામાતા કહે છે કે સતત અનન્યભાવથી એક પળ પણ વિખૂટા થયા વગર એની ભક્તિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરે. જીવનના એક એક ક્ષેત્રનું કર્મ કરતાં છતાં એનું દિલ ભગવાનમાં છે. એવાઓ કે જે સર્વ કોઈમાં ભગવાનનું જ મહત્ત્વ રાખે તેનું હું બધું સંભાળું. ત્યારે કોઈ દલીલ કરે છે કે તમે કોઈનું આમ કેમ કરી દીધું ?

આકાશમાં તારો ખરે તો પાછળ તેજનો લિસોટો પડે. તેવી રીતે ચેતનમાં નિષ્ઠા પામેલા જે જે આત્માઓ હોય છે કે જેઓ એવી રીતે જીવે કે બધું એમ જ થવા દે (કંઈ કશામાં અવરોધ કરે નહિ).

પ્રેમભક્તિથી જણાય

જો પ્રેમભક્તિ જાગે તો ખબર પડી જાય કે એ ચેતનામાં જાગૃત છે. એના જીવનની એક જાતની કળા હોય છે. એવા જીવને સદ્‌ગુરુ એના કબજામાં લઈને એને આગળ વધારે છે, પણ એ અંગે એક શરત છે. એના ગુરુમહારાજ સિવાય કોઈ આધાર ન હોય. પણ એવું કોઈનું બનતું નથી. લાખ વાર વિચાર કરતા હોય છે. ગુરુ ક્યાં કહેવા આવ્યો છે કે તું મને ગુરુ કર ? જો એના પ્રત્યે ભક્તિ હોય તો એના પ્રત્યે કેટલી ભાવના રાખે છે એનો વિચાર કર. મારા ગુરુમહારાજે કહ્યું છે કે સાચી વાત કહેવી. ઉપદેશ આપવાની અમને ચળ નથી. આ એક જ વાત કહું છું. જેને જેમ કરવું હોય તે ભલે કરે; ગુરુ કરી આપે ખરા, પણ જ્યારે સાચું દિલપૂર્વક એનું કામ કરો તો. સંસાર-વહેવારમાં કોઈને માટે ઘસાવ તો તે તમારું કામ કરે છે તેમ.

ભગવાનનો પ્રેમ

ભગવાન તો બહુ પ્રામાણિક છે. એની બરાબરીમાં કોઈ પ્રામાણિક નથી. એની બરાબરીમાં કોઈ એના જેટલો વફાદાર નથી. એટલે ભગવાન તો એના માથા પરનું દેવું કદી ઊભું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રાખતો નથી. ભક્તના માથા પરનું ઋણ એ કદી રાખતો નથી. એના જેવો કોઈ પ્રેમી નથી. એ જેટલો પ્રેમ કરે છે તેટલો કોઈ કરતું નથી. હું તો મારા ગુરુમહારાજની આજ્ઞા અનુસાર બધાને પ્રેમ કરું છું. અમારું તો ઘણા ઘણા ઘણી વાર ખૂન કરે છે. ડોકાં કાપે છે પણ આપણે એનો વિચાર કરતા નથી. જે અમારે માટે ઊંધું વિચારે છે તેને નુકસાન છે. હંમેશાં સદ્‌ભાવ, સુમેળ, પ્રેમ રાખો અને ભાઈઓ સાથે રહ્યા હો તો સાથે રહો. વેપાર કરો અને ઝઘડ્યા કરો તે કેમ ચાલે ? જે કંઈ કરો તે આનંદને માટે છે એમ સમજો. સંસાર, માતાપિતા, સ્ત્રી-પુત્ર બધું આનંદને માટે છે.

ઉપનિષદમાં કહેલું છે કે જે તે બધું આનંદને માટે છે પણ આપણી પોતાની પ્રકૃતિથી આપણે બધું ઉપજાવીએ છીએ. એ માટે ભગવાનનું સ્મરણ કરશો તો બધું ઠીક થશે.

તમારી પાસે જે છે તે તમારા બાપનું નથી. અહીં તમારું કંઈ લઈ લેવું નથી. ભીખુભાઈએ અહીં આશ્રમ બંધાવ્યો, તે એને પણ જોર પડ્યું છે; એને કંઈ સરળ નથી થઈ પડ્યું.

દોષ ન જુઓ

જેને અહીં આશ્રમમાં આવવું હોય તેમણે ભીખુકાકાનો દોષ ન કાઢવો, એને અહીં બધું વ્યવસ્થિત ચોક્કસ રાખવું પડે. ગમે તેમ થૂંકે, મોડા આવે તેઓને કહેવું પડે. છતાં એણે તો બધા પ્રત્યે પ્રેમ કેળવવો જોઈએ. કોઈએ કોઈના અવગુણ ન જોવા. "બીજાના અવગુણોને સહન કરો ને તમારા પોતાના અવગુણ જુઓ." તમે તમારા કુટુંબમાં જેટલાં મળ્યાં છે તે બધાં પ્રત્યે પ્રેમ કેળવો, ખૂબ ઘસાવ એ જ તપ છે. જેટલો તું પ્રેમ રાખીને ઘસાશે તેટલું તપ જ છે. એ રીતે ઘડાવાનું બને છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હું આ બધું એકને લક્ષમાં રાખીને કહું છું પણ તે બધાંને લાગુ પડે છે.

એટલે તમને જે મળેલું છે તે બીજાને માટે ખર્ચો. ક્યાં ખર્ચવું ? તે તમને યોગ્ય લાગે ત્યાં ખર્ચો. જો તમને સૂઝતું ન હોય તો સમજી લો કે તમે સ્વાર્થી છો, દંભી છો. જેની સાથે સંસારમાં મળવાનું થાય તેના પ્રત્યે પ્રેમ રાખો. સુમેળ, સદ્‌ભાવ રાખો. મનમાં બળાપો ન કરો. અન્યાયને પ્રેમથી સહન કરો. જો તેમ કરશો તો તમારી શક્તિ વધશે. જે પ્રેમ, સદ્‌ભાવ અને સુમેળ રાખશે તો તેઓનું કામ આગળ વધશે. સામાને માટે ત્યાગ કરતાં શીખો. આમ કરવાથી તમારામાં એક એવું જોર પ્રગટશે કે જેની તોલે બીજું કોઈ આ દુનિયામાં આવી શકે નહિ.

તા. ૧૨-૧-૧૯૬૦

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૦

કર્મનું મહત્ત્વ

એક મારા સંબંધી મને કહે કે 'હરિને ભજતાં' ભજન તો સીધું સાદું છે, નથી આલંકારિક ભાષા કે નથી કાવ્યનો અંશ. છતાં તમે એને કેમ વિશેષ ગણો છો ?

ભજન-એક પ્રતીક

પહેલાં મને સાધનાના વિષયનું બિલકુલ ભાન નહોતું. ફક્ત દેશભક્તિનું માત્ર ધ્યાન હતું. પ્રાર્થના, ભજન વગેરેમાં બિલકુલ રસ નહોતો. આશ્રમોમાં બે વખત પ્રાર્થના થતી હતી. તે વખતે પ્રાર્થના કરતાં મને દિલમાં થતું કે ખાલી ખાલી પ્રાર્થનાનો કશો અર્થ નહિ. જો મારામાં ભાવ ન હોય તો વિદ્યાર્થીમાં ક્યાંથી આવે ? એટલે તે વખતે એમ લાગ્યું કે સંચાલક તરીકે પ્રાર્થના ભાવથી કરવી જોઈએ. માણસની કર્મ પરત્વેની પ્રામાણિકતા-સૂઝ પ્રકટવી જોઈએ. એવી યોગ્ય પ્રકારની સૂઝ ન પ્રકટે તો કર્મ પ્રત્યે તાદાત્મ્ય, નિષ્ઠા, વફાદારી પ્રકટતાં નથી. યથાયોગ્ય રીતે વફાદારી, નિષ્ઠા પ્રકટાવવા માટે પ્રભુકૃપાથી જીવતો જાગતો પ્રયત્ન બનતો. 'આશ્રમ ભજનાવલિ'નાં ભજનો એ રીતે નિષ્ઠાથી ગાતો અને ગવડાવતો. આ ભજન પણ તેમાં ગવાતું. આ ભજનને એક પ્રતીક રૂપે, બહુ જ સ્પષ્ટ રીતે ગણતો.

પ્રહ્લાદ ઊગાર્યો, હિરણ્યાકંસને માર્યો, વિરોધાભાસ દેખાય છે. આપણામાં પણ તે જ પ્રમાણે બને, પણ તે આપણામાં રહેલો પ્રહ્લાદ (સદ્ વૃત્તિ) જીવતો થાય ત્યારે તો ભગવાન હિરણ્યકંસ (અસદ્વૃત્તિ)ને મારી શકે. પણ તે પ્રહ્લાદ પ્રકટે તો જ બને. બીજામાં વિભીષણ અને રાવણને રૂપક તરીકે સામસામે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વર્ણવ્યા છે. વિભીષણ એટલે સદ્‌ભાવના - નિષ્ઠાવાળો. તે અસુરમાં જ જન્મ્યો છે અને જીવ્યો છે. પણ તેને તેનું ભાન પ્રકટેલું હતું. આપણે પણ અસુરમાં જ છીએ પણ આપણને ભાન પ્રકટેલું નથી. તે ખરેખરું ડંખે; રાગદ્વેષાત્મક-દ્વંદ્વાત્મક છીએ તેની વેદના અપરંપાર ડંખે તો જ બીજી સ્થિતિમાં પ્રકટવાનું થાય, ત્યાં સુધી તેમ બને નહિ. સંસારવ્યવહારમાં કામ કરવાનું છે. જીવનવિકાસ કરવો હોય તો આવી પડેલું કર્મ ત્યજવાનું નથી. જે કર્મ ત્યજે છે તે કાયર છે. એમાં (મળેલા કર્મમાં) ધૈર્ય, સહનશીલતા, હિંમત, ખમીર ન પ્રકટાવીએ તો આ માર્ગમાં પણ કશું થાય નહિ. એટલે તેવું થવા માટે પ્રહ્‌લાદ અને વિભીષણ જીવતા થવા જોઈએ. પણ તે કયારે થાય ? તેમાં intensity - તીવ્રતા પ્રકટે તો જ થાય.

એકરસ બનવું

ઇન્દ્રિયોથી જોઈ શકીએ છીએ. મન-બુદ્ધિ-ચિત્ત, પ્રાણ અહંકાર એ બધાંમાં પણ ચેતનાનાં ઘટકો છે. એ ન હોય તો આ બધું કામ (જોવું-સાંભળવું-સૂંઘવું-બોલવું) ન થઈ શકે. આવી સમજણ ન થાય તો સમજવું એને માટે અનુરાગ નથી.

કર્મમાં એકરાગતા પ્રકટવી જોઈએ. બિલ્વમંગલ સુરદાસ આદિ હતા. તેઓ જગતની અધમાધમ સ્થિતિએ પ્રકટેલા હતા. પણ તે સ્થિતિમાંય એવા તલ્લીન હતા કે બીજામાં મન જઈ શકતું નહિ. આપણે આપણા મળેલા કર્મમાં એકાગ્રતા, કેન્દ્રિતતા પ્રગટાવી શકતા નથી. તેમાં એકરસ થવું જોઈએ. આઠે પ્રહર મનાદિકરણોથી વળગેલા રહી શકીએ તો જ, કંઈક (જ્ઞાન) પ્રકટી શકે. કર્મમાં તેવા રત રહીએ તો યોગક્ષેમ વહે છે. ગીતામાં એવું લખ્યું છે. જો તેવા થવાય તો બધું થશે. (યોગક્ષેમ વહેવાનું) એવું મારા મનમાં પ્રકટી ગયું હતું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લક્ષણ એ જ માપ

જો કર્મમાં અનાસક્તિ, નિર્લોભ, નિરહંકાર વગેરે પ્રકટે છે તો જ તેવી શકયતા છે. તો નરસિંહ મહેતાને હાથોહાથ હાર આપવા જેવું પણ બને છે. મારા જીવનમાં પણ એવા પ્રસંગો બનેલા છે. જે બધું થયું છે તે ગુફામાં બેસીને નથી કર્યું. તેના જીવતા સાક્ષીઓ છે. મારા એક યુવાન મિત્ર પરદેશ ગયા. સ્ટીમરમાં મારા મિત્રો ઉપર 'જીવનસંશોધન'ના પત્રો લખેલા તે તેમણે વાંચ્યા. તેમને તેમાં રસ પડ્યો. તેઓ ત્યાર પછીના પત્રોની બીજી ચોપડી બહાર પાડે છે. જો ભગવાનનું રટણ - આકર્ષણ એકધારું ચાલ્યા કરે તો યોગક્ષેમ ચલાવે તોવો દૃઢ વિશ્વાસ છે. 'ધ્રુવને આંપ્યું અવિચલ રાજ પોતાનો કરી થાપ્યો રે.' 'ધ્રુવ' એટલે નિશ્ચલ ગતિ. જે દ્વંદ્વમાં શક્ય નથી. દ્વંદ્વમાં (contradiction of life) વિરોધાભાસી સામસામાં પાસાંઓ હોય છે. કેટલાક જ્ઞાનની વાતો કરે છે. સંબંધ ન હોય તો એ બધી વાતો હું સાંભળી લઉં છું. જ્યારે તેવા જીવની સાથે નિકટનો સંબંધ થાય ત્યારે કહું કે આ વાતો ગળે ઊતરતી નથી. તે અંગેનાં જે લક્ષણો પ્રકટવાં જોઈએ તે દેખાતાં નથી. દ્વંદ્વાતીત, ગુણાતીત સ્થિતિ પ્રકટી નથી હોતી. જ્ઞાનની વાતો કરવી એ તો ગપ્પાં છે. ગુરુમહારાજે કહ્યું છે કે નિકટનો સંબંધ હોય તો સાચી વાત કહેવી.

દ્વંદ્વાતીત સ્થિતિમાં આઠે પ્રહર નિશ્ચળ સ્થિતિ રહેવી એ અશક્ય. થોડો વખત ભજનો કરતાં ભાવના પ્રકટે ખરી; પણ તેવો પ્રયત્ન સતત એકધારો કરીએ તો એવું થાય. જ્યાં સુધી એવો આદર્શ નથી હોતો ત્યાં સુધી તેવું શક્ય નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યોગ્ય ભૂમિકા માટે મથો

જ્યારે જ્યારે સમાજનું પતન થાય ત્યારે મહાપુરુષ પ્રકટે છે. આ કાળ ભાવનાનો પતનકાળ છે. કઠણ કાળ છે. હું તો તેને પ્રપંચકાળ કહું છું. એવા કાળમાં આપણે જીવીએ છીએ ત્યારે માણસો એકબીજાનો વાંક કાઢે છે. કેટલાક કહે છે કૉંગ્રેસ આવી છે. સાળાઓ ખાઈ ગયા. હું આ બધું સાંભળું છું, ત્યારે દુઃખ થાય છે. કોઈ પોતા વિષે વિચારતું નથી. જે બીજાના દોષ કાઢતો હોય છે તે પોતે પોતાને સમજતો નથી હોતો. જે જીવ પોતાના દોષ ન જુવે તે કદી ઊંચે ન આવે. કૉંગ્રેસ એ પણ આપણા સ્વભાવના જ માણસોની બનેલી હોય છે. સરકારી તંત્ર એ પણ આપણા સમાજનો ભાગ છે. એને સારી રીતે ચલાવવા સમાજ ઊંચા પ્રકારનો થવો જોઈએ. સમાજને ઉત્તમ દશામાં પ્રકટાવવા કોઈ કશું ન કરી શકે. એ તો આપણે જ મથવું પડે. બીજાનો દોષ કાઢવા મથ્યા કરીએ તો આપણે ઊંચા આવવું નથી એવો અર્થ થાય. આપણે ઊંઘીએ છીએ. જો આપણે મથતા હોત તો લક્ષણ જુદાં હોત. સહન કરવું હોય તો પ્રેમથી સહન કરો. ત્યાગ કરો. બીજાના દોષ - અવગુણ જોવાના મૂકી દો. બધા માટે આદર, સદ્‌ભાવના, સુમેળ, પ્રેમ થવા-ટકવા પણ ભૂમિકા માગે છે. એ ન હોય તો કશું થઈ શકે નહિ. નામ સતત લેવાથી ફાયદો થાય એ વાત સાચી, પણ સંસારમાં સ્વચ્છંદી થઈને જીવદશાથી વર્તો ત્યારે ફાયદો થાય નહિ.

કોઈના અવગુણ ન જુઓ

ભગવાનના નામના એકધારા ઉચ્ચારણથી જ્ઞાનતંતુ પર સારી અસર થાય છે. વૈજ્ઞાનિક રીતે પુરવાર થાય તેવી હકીકત છે. સંગીતમાં મુગ્ધતાભરી લગની લાગે તેમ અભિરુચિ હોય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવા શબ્દ-સ્મરણના ઉચ્ચારણથી સમતા પ્રકટે. અને એની ધારણાશક્તિ મજબૂત થાય છે. માણસો સુખી થવા ઇચ્છતા હોય છે પણ તેમ બીજાના ભોગે તેમણે નહિ કરવું જોઈએ. બીજાને કેમ કરીને શાંતિ થાય તે રીતે વર્તવું જોઈએ. આપણું કુટુંબ લો. જે માણસ તેમાં વિશાળતા, ઉદારતા, સહનશીલતા, ત્યાગ ન કરી શકે તે કશું ન કરી શકે. માણસ પોતાની પાસે બે રૂપિયા હશે તો કોઈને આપી શકશે. જેની પાસે કશું ન હોય તો શું આપી શકવાના ? કુટુંબમાંથી જ એ ભાવનાને જન્માવવી જોઈએ. કુટુંબમાં કુસંપ પ્રકટાવીએ, કજિયો, કલેશ, કંકાસ કરીએ તો બહાર શું સેવા કરી શકવાનો ? ઘેરથી જ સેવા કરવાની શરૂઆત કર. બીજે ક્યાં સેવા કરવા જવાનો છે ? સુખી થવું હોય તો ઘરમાં જ ભાઈ સાથે સદ્‌ભાવ, સુમેળ પ્રકટાવવો. શું તે પણ ભાવના નથી ? લોકો બોલે ખંરા પણ તેવું કેવી રીતે થવાય તેની સમજણ નથી. કોઈ કહે છે કે બીજા આડે ન આવે તો તેમ થાય. પણ આપણે સંકળાયેલા હોઈએ એટલે બનવાનું છે. અરસપરસ પ્રેમ, સુમેળ કરવો પડશે. ઘણા આવે છે. તેમના કુટુંબમાં તો સુમેળ હોતો નથી. હું મારા પોતાના કુટુંબમાં રહેલો છું માટે કહું છું કે એકબીજાના અવગુણ ન જોશો. સાચી હકીકત કહું છું. કુટુંબમાં નિહાળેલું છે. જો અવગુણ જોશો તો કલેશ, સંઘર્ષણ વધશે તો તમારું ભલું નહિ થાય. સંસારવ્યવહારનું સુખ મળશે નહિ.

જગત મિથ્યા નથી

જ્ઞાનથી કરીને, સહનશીલતા દાખવીને, અન્યાય સહન કરશો તો એ તપ છે. પ્રેમથી ઉદારતાથી તેમ કરવું જોઈએ. મારે એકલાએ જ આમ શા માટે કરવું. તે વિચારવું નહિ. સામો ન સમજે તો ત્યાગપૂર્વક સહન કરવું. બેળે બેળે નહિ. આ તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉમળકાનો માર્ગ છે. પ્રેમથી સહન કરવાને તૈયાર ન હોય તો ભગવાનને માર્ગે ઉન્નતિ નથી. સંસારવહેવાર એ માટે જ મળેલા છે. જગત મિથ્યા કહેનારાને જ હું મિથ્યા કહું છું. આ ન થાય તો ભગવાનને માર્ગે ન જઈ શકાય. આવું કહેશે તે ચાલશે નહિ.

સમાજની મેં પણ ઘણી સેવા કરી છે. હું ભીખ માગીને ખાતો નથી. મને અધિકાર છે. હું કમાઈ શક્યો હોત છતાં પણ પ્રેમપૂર્વકની સેવા કરી છે એટલે અધિકાર છે. લશ્કરમાં સૈનિકને પણ વીસ વર્ષે પેન્શન મળે છે. મેં પણ સમાજની વીસ વર્ષ તે રીતે સેવા કરી છે. એટલે સમાજ પાસે લેવાનો અધિકાર છે. કોઈ ઉપકાર કરતું નથી. મારા ગુરુમહારાજે મને કહ્યું છે કે "તારે સાચી વાત કરવી. ઉચ્ચ વાતો કરવી નહિ. કારણ લોકોની - સમાજની તેવી ભૂમિકા નથી. તું બ્રહ્મની વાતો કરે, પણ તે માટેની લાયકાત નથી. તે અંગે નથી વૈરાગ્ય પ્રવર્તતો કે નથી અભ્યાસ. વૈરાગ્ય એટલે નિર્લોભ, નિરહંકાર, નિર્મમત્વ, નિરભિમાનપણું એ બધાનું 'સમટોટલ'. જ્ઞાનની વાતો ખોટી છે. સમાજ આચરણથી ઊંચો આવે. આપણે મિત્રો સમાજમાં ઘસડાતા ચાલીએ છીએ. રેલમાં જેવી રીતે લાકડાં ઘસડાય છે તેવી રીતે સંસારરૂપી સમુદ્રમાં લાકડારૂપે ઘસડાઈએ છીએ. સમાજમાં જીવવું એ શું સેવા નથી? ન્યોછાવર - ફનાગીરીથી સહન કરવાનું કરો. જ્યાં સુધી રાગદ્વેષ મોળા નથી પડયા ત્યાં સુધી એકબીજા પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ, ત્યાગ, ઉમળકો પ્રકટવો એ પણ સેવા છે.

મૌનએકાન્તના સંસ્કારો

આમ કરતાં કરતાં સ્મરણ કરીએ તો એવો ઉઠાવ થાય તે અનુભવી સમજી શકે. એકલું બોલવાથી-ઉચ્ચારણથી લાભ થાય એ કબૂલ. મૌન-એકાંતમાં અંદર સંસ્કારો ઊભરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માણસ પોતાને સમજતો થાય છે. પોતાના વિષે વિચારતો અને આચરતો થઈ જાય છે તે માટે મેં ઊભું કર્યું -મારાથી બની શક્યું. પહેલાંનો યુગ 'care culture'નો હતો, જેમાં આપણે બેસી શકવાના નથી...અંદર વીજળીનો દીવો છે પણ સળગાવવો નહિ. જેટલો અંધકાર વધુ હશે તેટલા જ્ઞાનતંતુઓ મજબૂત થશે. અંધકારથી નુકસાન થાય એમ ડૉકટરો વગેરે કહે છે તે બરાબર નથી. અનુભવ હોતો નથી. એની કૃપાએ સને ૧૯૪૧થી આ પ્રયોગ ચલાવું છું. માંદાઓને પણ બેસાડું છું. એક વખત એક દર્દી આવ્યો. તે કહે કે ૦ા શેર પણ વજન વધતું નથી. વજન વધે તેવું કરો તો બેસું. મેં કહ્યું, આપણો પ્રેમનો નાતો છે...હું તો પ્રયોગવીર છું. મહાત્મા ગાંધીજીએ શીખવ્યું છે. તેઓ તેવા હતા. મેં આમાં બેસાડયો. એના પોતાના મેડામાં બેસવાનું બનેલું. આવી જગ્યા પણ નહોતી. મહાત્મા ગાંધીએ શીખવ્યું છે કે જે હોય એનાથી ચલાવવું. લાચારી ન અનુભવવી. ઈશ્વરકૃપાએ તેમનું ત્રણ શેર વજન વધ્યું. એમાં આશ્ચર્ય નથી. દરેકનું તેમ વધે એમ કહી ન શકાય. એનું વધ્યું એ વાત ચોક્કસ છે.

અંદર બેસવાથી કરીને મનની એક પ્રકારની સ્થિતિ રહે છે જે સંસારવ્યવહારમાં હોતી નથી. હિંદુ સમાજમાં ભાવના છે પણ તે સુષુપ્ત સ્થિતિમાં રહી છે. એ પ્રકટે તો સારું.

"કર્મગાથા"

કર્મ કેવી રીતે કરવાં તેનું મને ભાન પ્રકટયું. મેં મારા મિત્ર ઉપર કવિતાઓ કાગળરૂપે લખી હતી-જે 'કર્મગાથા'ના નામથી છપાવી છે. રવિશંકર મહારાજ તથા પૂ. ઠક્કર બાપાએ તેમાં લખ્યું છે. રવિશંકર મહારાજ ઓળખે ખરા, પણ એમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એટલું બધું લખ્યું છે જે તેઓ એમ ને એમ લખે નહિ. મેં કાવ્યો સરળતાથી સમજાય એવાં લખેલાં છે; મહારાજને એ એટલું બધું મધુર લાગ્યું કે જેલમાં ગીતા ઉપર પ્રવચન કરતા તેના કરતાં વધારે આનંદદાયક ગણાવ્યું. તેઓ લખે છે, 'હેમંતભાઈએ જાતે સંભળાવ્યું ન હોત તો ખ્યાલ પણ નહિ આવતે.'

જો આપણામાં કર્મ પ્રત્યે ભાવના પ્રકટે તો યોગ્ય રીતે કર્મ કરવાનું ભાન પ્રકટે. 'ભક્ત એટલે તો ભોટ' એવી લોકોમાં, સમાજમાં માન્યતા છે. પણ એમાં તો બુદ્ધિયોગ હોય છે. ભગવાન જ વિવેકવાળી બુદ્ધિ આપે છે. ભાવનામાંથી બુદ્ધિ જાગૃત થાય છે. એ જાગૃત થાય એટલે બેઠા થઈ શકાશે. એ બધું ભાવનાના મૂળ પાયા વગર બની શકતું નથી. તે માટેનો પણ આ પ્રયોગ છે. નામસ્મરણ લઈએ, કરીએ તો ઉચ્ચારનો ફાયદો થાય. પણ સુમેળ પ્રકટાવવાની, સૂઝ પ્રકટાવવાની ભાવના પ્રકટાવ્યા વગર જોઈએ એટલો ફાયદો થવાનો નથી.

જીવનનું એક પાસું નથી. સમાજમાં ભાવના પ્રકટાવવા એવા અનેક અખતરા ચાલી રહ્યા છે. એક વખત એવો આવશે, આપણો સમાજ સંસ્કૃતિના એવા મોખરે પ્રકટશે. સંસ્કૃતિ, ભાવનાની દૃષ્ટિએ આપણે એવા ઉચ્ચ સ્થાને પહોંચી શકીશું. એવો મને અચળ વિશ્વાસ છે. એવું દેખાય છે. અત્યારે ભલે આપણે પતનની સ્થિતિમાં છીએ. આપણે ભાઈ-ભાઈઓ વચ્ચે સહનશીલ ભાવના પ્રકટે એવું ઇચ્છીએ.

તા. ૨-૨-૧૯૬૦

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૧

મૌનમંદિર શા માટે ?

કર્મપ્રારબ્ધ

સાધુ-મહાત્મા, ભક્ત લોકોના સંકલ્પ કદી મિથ્યા થઈ શકતા નથી. ભણેલા ગણેલા લોકોને ગળે આ વાત ઊતરતી નથી. જૂના જમાનાના ભક્તો કે મહાત્માઓની વાત જવા દઈએ, પણ મહાત્મા ગાંધીની જીવનકથામાં છે કે કોઈ એક શુદ્ધ આત્માનો સંકલ્પ હોય કે સ્વરાજ મળી જાય તો એ સફળ થાય. એમણે પોતે ૧૯૪૨માં 'quit india' (હિંદ છોડો)નો સંકલ્પ કરેલો તો પૂરો થયો. એમના આત્મીયજનોએ એમને એમ કહેલું કે આ બનશે કે કેમ ? પણ એમના પોતાના દિલમાં જે ઊગ્યું, તે એમણે સફળ કરી બતાવ્યું. એવી જ રીતે આવા મહાત્માઓએ કોઈ જીવ વિષે સંકલ્પ કર્યો હોય તો તે (જીવ)ની ભૂમિકાને સાનુકૂળ થઈ જાય એવો એ સંકલ્પ થઈ જાય. ગાંધીજીએ જે સંકલ્પ કરેલો પણ, તેને યોગ્ય ભૂમિકા સાંપડી નહિ. એટલે સ્વરાજ્ય મળ્યું પણ પૂરેપૂરું નહિ. એટલે જે જાતનું સ્વરાજ્ય મળવું જોઈતું હતું તેવું નહિ થયું. દરેકને કર્મપ્રારબ્ધ પણ ભોગવવું પડે. મહાત્મા, સંત, ભક્તો વગેરે બધાને પ્રારબ્ધ ભોગવવું પડે. રામને ચૌદ વર્ષ વનવાસ, કૃષ્ણને પારધીથી મૃત્યુનો યોગ ભોગવવો પડયો.

મૌનમંદિર એક પ્રયોગ

મારા ગુરુમહારાજે મને કહ્યું હતું કે તારે અનેક જીવો સાથે કર્મ-પ્રારબ્ધ ભોગવવાનું છે તે સારું, નરસું અને બધી રીતનું હોય. પણ જે જીવો તને મળે તેની સાથે એવી રીતે એ પ્રારબ્ધ ભોગવવું કે એ જીવોનું પણ સાથે કલ્યાણ થાય. પણ ત્યારે મને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ વાતની ગમ નહિ. આજે પણ નથી. એટલે મેં મારા ગુરુમ્હારાજને પૂછેલું કે, 'કેવી રીતે એ ભોગવવું ?' ત્યારે એમણે મને આ જાતના ઓરડા બનાવવા કહેલું. એટલે એ બધા જીવો જે મળે તે બધા સાથે આ રીતે પ્રારબ્ધ ભોગવાય કે જેથી એ બધાની ઊંચે ગતિ થાય. બધા સાથે સુમેળ, પ્રેમ, સદ્‌ભાવનો ગુણ કેળવતા થાય અને આમ અંદર પુરાઈને અંતર્મુખતા કેળવે તો એનું કલ્યાણ થાય. આવી રીતે કોઈ જીવ એકવીસ દિવસ એકવીસ વખત બેસે તો એવા જીવોનું કલ્યાણ થાય. એ નિશ્ચિત હકીકત છે. હું એ અંગે લખાણ આપવા પણ તૈયાર છું. એકાંતમાં જીવ પોતે કેવો છે, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે એનામાં જે ભર્યા પડયા છે તે જાગ્રત થાય છે. બાકી કોઈ નવા જીવોનું 'outlook' (દૃષ્ટિબિંદુ) પણ બદલાય છે. એને નવી નવી સમજણ પડે છે. અને એવા ઘણાને ઘણી જાતના અનુભવ થયા છે. આ પ્રયોગ હું એકવીસ વર્ષથી કરતો આવ્યો છું.

સાચું તીર્થ

ભાગવતી જીવન કપરું છે. પણ તે ઊંચે ચઢવાનો રસ્તો છે. જીવદશા એ પતનની દશા છે. એમાં દ્વંદ્વની દશામાં હોવાથી સારું-નરસું, પાપ-પુણ્ય વગેરે કરતા હોઈએ છીએ. એટલે સંસાર-વહેવારમાં રહેલા આપણને પોતાને આપણું ભાન જાગતું નથી. અને મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ વગેરેને આ જાતનો વિચાર કરવાનો પણ અવકાશ મળતો નથી. તેને માટે આ જગ્યા છે. અહીં જીવ પોતાને વિશે તટસ્થતાપૂર્વક વિચારી શકે છે. તમે હજારો રૂપિયા ખરચીને તીર્થ કરવા જાઓ પણ તે મારી દૃષ્ટિએ નકામા પૈસા ખર્ચો છો; કારણ તમને તે જાતની ભાવના નથી પ્રગટેલી. જ્યારે અહીં એકાગ્રતા,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રસન્નતા જાગૃતિ કેળવાય એવું છે. અહીં અંદર રહેવાથી એકાગ્રતા, પ્રસન્નતા કેળવાય છે. જ્યારે બીજે કશે એવું બનતું નથી. એટલે ખરું તીર્થ આ છે. એમાં જે નહાશે તેનું કલ્યાણ છે. આ મારી જગ્યા છે એટલે નથી કહેતો; પણ જીવ એવો ગળાબૂડ સંસારમાં ડૂબેલો છે કે એને એનું મહત્ત્વ સમજાતું નથી, ગંગા પાસે છે એટલે તેનું મહત્ત્વ નથી સમજાતું.

સંતો અને સંસાર

નરસિંહ મહેતા પરમ ભક્ત હતા. પણ એમના ન્યાતીલા અને એમના ગામના લોકોએ એને જંપવા ન દીધા. નિંદા, કૂથલી, હેરાનગતિ કરેલી. અહીં આ સ્થાનમાં બેસીને જો સાધના કરશો તો તે નક્કી ફળશે. અહીં બેઠેલા જીવોએ - બે ત્રણ સિવાય - દર વખતે બેસવું એવું નક્કી નથી કર્યું ? ભગવાનનું નામ ઉચ્ચારણ કરવાથી કેવી રીતે કલ્યાણ થાય એમ ઘણાને થાય, પણ ઘણા સાધુ મહાત્માઓ અને ભક્તોએ આવો પ્રયોગ કર્યો છે અને ઊગરી ગયા છે. જ્ઞાનેશ્વર, તુકારામ, મીરાં, રામદાસ વગેરે અનેક અને તે પણ હિંદુસ્તાનના દરેક ભાગમાં - ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ બધે અને તે એકલા આપણા દેશમાં નહિ, દુનિયાના દરેક ભાગમાં થઈ ગયા છે. આ શરીર તમારી સામે બેઠું છે તેની અત્યંત ગરીબી હતી. મેં ધાર્યું હોત તો કમાઈ શકત, પણ પ્રેમભાવથી દેશસેવામાં ઝંપલાવેલું એટલે અમારી પાસે કંઈ પૈસોટકો નથી. ૨૦ વર્ષ સુધી સેવા કરી છે, પણ અમને જ્યારે જ્યારે પૈસાની જરૂર પડે છે ત્યારે મળ્યા કરે છે. અમારો હજાર હાથવાળો અમારું ચલાવ્યા કરે છે. અને અમને બહુ લોકો જાણતા નથી; સુરતમાં થોડા લોકો જાણે છે પણ તેઓ પણ પૂરા જાણતા નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપનારો ભગવાન

વળી અહીં જે ઓવારો છે તે લાખ-બે લાખ રૂપિયા ખર્ચ કરતાં પણ નવો થાય નહિ એવો છે; એ ઘણો જૂનો છે. પણ અમે એવો સંકલ્પ કર્યો કે એને સુધરાવવો, એટલે એનું કામ શરૂ કર્યું છે અને એનું કામ ચાલે છે. ગામડાંમાંથી પૈસો લેવાની વાત જ નથી કરતા. કારણ, બધા ગામડાંઓને ચૂસે છે. પૈસા માગવા નથી ગયો છતાં પૈસા મળ્યા જ કરે છે.

મારી સાથે એક બી. એ. થયેલાં બહેન સંબંધમાં આવ્યાં છે અને તેનાથી એનામાં ભજન કરવાની શક્તિ જાગી. અને એણે જે ભજનો લખ્યાં તે એના બાપુજીએ છપાવી આપ્યાં. એને મફત વહેંચવા વિચાર કરેલો, પણ મને થયું કે એનું જો કંઈ મળે ને પૈસા ઉપજાવાય તો સારું. એ રીતે કરવાથી રૂ. ૧૨૫૦ ઉપરાંત રકમ આવી. નાની સરખી ચોપડીથી અત્યાર સુધીમાં આટલા મળ્યા છે અને હજુ મળશે. આ તો નધણિયાતું કામ છે. અને આવાં કામો કરવાં એ પુણ્યનું કામ છે. જૂના વખતમાં કૂવા-ઓવારા બંધાવાતા, પણ હવે એમ થતું નથી. કુરુક્ષેત્ર બહુ મોટું તીર્થ છે અને આ ઓવારો જબરજસ્ત છે. આ ઓવારો જે રિપૅર થયો છે તેથી એનું આવરદા ૫૦-૬૦ વર્ષ વધી ગયું છે. હજુ એને રેલિંગ કરાવવી છે. મારી પાસે પૈસો નથી. સહુ જાણે છે. છતાં ભગવાન કૃપા કરીને બધું આપે છે.

સ્વરૂપને જાણવા એકાન્ત

અનેક ભક્તોનું એણે કસોટીના કાળમાં સંભાળેલું છે. આ તો અનેકોએ પ્રયોગ કરેલો છે. પણ આપણે ભલે ભગવાનના ન થઈ જઈએ પણ આપણામાં કેવા સંસ્કારો પડેલા છે, આપણી પ્રવૃત્તિ કેવી છે તે જાણવા માટે પણ એકાંતની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જરૂર ખરી. જીવ એકલો હોય, કોઈ જાતની દખલ વગર કે તદ્દન મુક્ત વાતાવરણમાં હોય ત્યારે એને એનું સાચું દર્શન થાય. અને આમાં દરેકને પોતાને જ સાચી સમજ પડે; બીજાને ન પડે. આ રચના મારા ગુરુમહારાજના હુકમથી બનેલી છે.

ચેતનાશક્તિનું પરિણામ

બીજું, મારા ગુરુમહારાજે એક હકીકત કહેલી કે કોઈને ભ્રમણામાં ન રાખતો. દરેકને સાચી પ્રયોગાત્મક હકીકત કહેવી. કોઈ ડૉકટર કે હેલ્થ ઑફિસરને પૂછતાં તે એમ જ કહેશે કે આ જાતનું એકાંત પચાવવું બહુ અઘરું છે. તો આ મૌનમંદિરની અંદર ભગવાનની કૃપાથી અને ગુરુમહારાજના આશીર્વાદથી અંદર એવી ચેતનાશક્તિ રહેલી છે જેથી અંદર રહેલો માણસ આનંદથી દિવસો પસાર કરી શકે છે. અંદર રહેલી ચેતનાશક્તિને પરિણામે એ બને છે. જેલમાં આકરી સજા તે solitary cell (એકાંત કોટડી) અને તે ત્રણ જ દિવસ. તે બહુ આકરી સજા કહેવાય. મોટા ડૉકટર, આરોગ્ય અધિકારી વગેરેનો એવો મત કે માણસને આ રીતે પૂરવામાં આવે તો માણસ ગાંડો થઈ જાય. આવા કેદીને ડૉકટરો જ તપાસી જાય અને ગાંડો થઈ જાય તો એને તરત બહાર કાઢતા. અમે એ ભોગવેલું છે. એમાં તો જાળીઓ પણ હોય છે તેમ છતાં એ એકાંતથી ગાંડપણ થઈ જાય છે.

આ પ્રયોગ ૧૬-૮-૫૯થી ચાલુ છે. નડિયાદમાં પાંચ વર્ષથી એ ચાલે છે. કુંભકોણમ્ માં આઠ વર્ષથી ચાલે છે. નરોડા અને નવા ડીસામાં પણ ચાલે છે. પણ કશે કોઈ ગાંડો થઈ ગયો નથી. એટલે અમે અમારા ગુરુમહારાજના આશીર્વાદથી કહીએ છીએ કે આવીને તપાસો. અંદર જે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચેતનાશક્તિની મદદ છે એ મદદ તમને ખબર ન પડે એવી રીતે મળે છે. અરે, ખુલ્લા જંગલમાં એકાંતમાં રહેવું એ પણ (એને પચાવવું) બહુ અઘરું છે. પણ અહીં તો એ જાતની પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે. જેમ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા વગર પૂજા નથી થતી તેમ અહીં પણ પ્રાણપ્રતિષ્ઠા થયેલી છે.

નામસ્મરણનો ઉઠાવ

ભગવાનનું સ્મરણ તથા એના ઉચ્ચારણથી જીવનનો વિકાસ કેવી રીતે થાય ? ભગવાનનું સ્મરણ કરતાં નિરાગ્રહી, નિષ્કામી નિરહંકારી, નિર્લોભી વગેરે થતા જઈએ તો નામસ્મરણનો ઉઠાવ સારો થઈ શકે છે. ઘણી વખત ઉઠાવ નથી થતો. કારણ, આપણે હંમેશાં આસક્ત-કામ, ક્રોધ, લોભ વગેરેવાળા જ રહીએ છીએ. એટલે એની સમાજમાં પણ સારી છાપ પડતી નથી, અને એટલે સમાજમાં આ દૂષણો વધારે જોવાય. મારી સાથે રહેલા માણસોને માટે સાબરમતી આશ્રમમાં એક સંમેલન વેળા મને ફરિયાદ કરવામાં આવેલી છે. હજુ બધા એવા ને એવા જ છે. પણ મારે કહેવું પડયું કે સેવામાં પડેલા પણ એવા ને એવા જ રહ્યા છે. કોઈક જ જુગતરામભાઈ, નરોત્તમભાઈ, બબલભાઈ, મહારાજ એવા આંગળીને ટેરવે ગણી શકાય એટલા જ શુદ્ધ રહેવાના. દરેક ક્ષેત્રમાં આવા માણસો ઓછા રહેવાના.

મૌનએકાન્તના સંસ્કાર

જીવન શું છે એ જાણવાની દૃષ્ટિ જાગી નથી. એટલે એ તો ધીમે ધીમે સુધરવાના અને આમાં રહેવાથી જે સંસ્કાર પડવાના તે તો ખૂબ જબરજસ્ત રહેવાના. અને એનાથી એનું કલ્યાણ જ થશે. એ સંસ્કાર આટલા એકવીસં દિવસના કદી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મિથ્યા જશે નહિ. અને અંદર રહીને જે પ્રાર્થના-ભજન ગાઈએ તેને અનુકૂળ જીવન જીવીએ તો આપણી ભાવના હંમેશાં જીવતી રહે. એવો અભ્યાસ કર્યાથી એનો પ્રત્યક્ષ ફાયદો વર્તાય. પણ સમાજમાં એવા માણસો નથી કે જેની આવી ધગધગતી ભાવના પ્રકટેલી હોય.

જીવનપ્રવાહનો પલટો

ભગવાનનું સ્મરણ એવા પ્રકારનું સાધન છે કે હરતાંફરતાં, ખાતાંપીતાં કે દરેક કાર્ય કરતાં થઈ શકે છે એનાથી એવી તો ધૂન પ્રકટે છે અને એ એવી ધસારાબંધ પ્રકટેલી રહે છે કે જેમ નદીમાં પ્રચંડ પૂર આવે છે ત્યારે તેનો પ્રવાહ બદલાઈ જાય છે તેમ એવી ભાવનાનું પ્રચંડ પૂર જ્યારે પ્રકટે છે ત્યારે જીવનો પણ પ્રવાહ બદલાઈ જાય છે. આ એક તદ્દન સાચી હકીકત છે. નદીમાં તો એવું બને છે તે જોઈએ છીએ અને જીવનમાં પણ તેવું બનતું હોય છે.

સાધન શા માટે ?

અને એવું ભગવાનનું પ્રચંડ પૂર પ્રકટાવવા સાધનની જરૂર છે. આ ભક્તિનો માર્ગ આનંદનો, પ્રસન્નતાનો છે તથા ન્યોચ્છાવરીનો માર્ગ છે. આપણા મનમાં જે અનેક પ્રકારનાં વિચાર-વૃત્તિઓ જાગે તો જાણવું કે હજુ પૂરી ભક્તિ પ્રકટી નથી. મારી સાથે જેઓ સંકળાયેલા છે તેઓને તો હું સંભળાવું છું; પણ બીજાની વાતો સાંભળી લઉં. ભગવાનનું એકધારું અખંડ પૂર જ્યારે હું જોઉં ત્યારે હું ધન્ય થાઉં અને તે પણ ધન્ય થાય. એટલે મારી સાથે સંકળાયેલાઓની વાત પરથી હું તેમને ઓળખી શકું છું. આ તો ન્યોચ્છાવરીનો માર્ગ છે. કોઈ અપવાદરૂપે જીવ પ્રહ્લાદ, ધ્રુવ, રામકૃષ્ણ, મીરાં, તુકારામ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થઈ શકે. એ બધા તો પૂર્વજન્મમાં સાધના કરેલા જીવો હોય છે અને તેઓએ સાધના કરેલી હોય છે. અને જ્યારે એવી સાધના નિમિત્ત કારણથી જ્વાળામુખીની માફક ફૂટી નીકળે છે ત્યારે એ બધા આપણી આગળ આ દૃષ્ટાંતરૂપે હોય છે. રામકૃષ્ણ, શ્રીઅરવિંદ, રામદાસ, કૃષ્ણ વગેરેએ પણ નિમિત્ત રૂપે સાધના કરેલી છે.

કુટુંબ-પહેલું પગથિયું

આપણામાંના બધા ભક્તિની મોટી મોટી વાતો કરે તે બરાબર નથી, કારણકે વધુ પડતી વાતો છે. એટલે આ સંસારમાં જે જીવોની સાથે કર્મ-પ્રારબ્ધ ભોગવવાનું થાય છે તેઓની સાથે પ્રેમ, સદ્‌ભાવ, સુમેળથી વર્તો. દ્વંદ્વાતીત કે ગુણાતીત થયા સિવાય કદી પણ ચેતનનો અનુભવ થાય નહિ. ભાઈઓ કે કુટુંબીઓ માટે જો ઉદારભાવે ત્યાગ કરવાનું ન કેળવી શકીએ તો દંભ વધશે. જો પહેલું પગથિયું ન ચઢીએ તો આગળ કેમ જવાશે ?

મૌનએકાન્તવાસીને વિનંતી

વળી અંદર બેઠેલાઓ જે છે તેઓને મારી વિનંતી છે કે જે જીવોની સાથે આપણે સંકળાયેલા છીએ, તેઓની સાથે પ્રેમથી, ત્યાગ કેળવીને આપણે સહન કરીએ-અને તે પણ પ્રેમથી. તો જ તેનાથી શ્રેય થશે. સહન કરવાનું તો દરેકને હોય છે. તે જો પ્રેમથી કરીશું તો આપણું પોતાનું કલ્યાણ છે : જો બેળેબેળે કરીશું તો આપણે વધારે દુઃખી થઈશું. જ્યાં સુધી સંસારમાં આપણે સંકળાયેલાં છીએ, ત્યાં સુધી આવું સહન કરવાનું આવે તે પ્રેમથી સહન કરીએ તો એ ભક્તિ છે. અને આવું ભોગવવાનું આવે તે આપણે એમ સમજીએ કે આપણું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ કર્મ-પ્રારબ્ધ ભોગવાય છે. એટલે આપણે જો સુખી થવું હોય તો એ બધું પ્રેમથી સહન કરવું એટલે આપણે પોતે આ રીતે જ સુખી કે દુઃખી થઈએ છીએ. કોઈ ફરિયાદ કરે કે મારે જ સહન કરવાનું ? તો એ બરાબર નથી. જ્યારે સહન કરવાનું આવે ત્યારે મનને સમજાવવું કે આ તો કર્મ-પ્રારબ્ધ છે. સમાજ અનેક વ્યક્તિઓથી બનેલો છે, એટલે એકબીજાએ એકબીજા માટે ત્યાગ કરવો જ પડે; તો જ સમાજ ઊંચે ચઢે. ત્યાગથી જીવન ઉન્નત થાય છે. જો પ્રેમથી ત્યાગ કરીએ તો જીવન ઊંચે ચઢે, પણ બેળેબેળે ત્યાગ કરીએ એટલે આપણને એનાથી જે શક્તિ મળવી જોઈએ તે મળતી નથી. ત્યાગ કરવાનો આવે ત્યારે જેના દિલમાં પ્રેમનો ઉમળકો પ્રકટે તેનું જીવન ધન્ય છે. સહન કરવાનું આવે તે સહન કરવું જ પડશે. એમાંથી કોઈનો છૂટકો નથી. તેમ જ ત્યાગ પણ કરવો જ પડશે. એમાંથી કોઈનો છૂટકો નથી. એટલે સમાજમાં છીએ ત્યાં સુધી સહન કરવાનું ને ત્યાગ કરવાનું રહેવાનું છે. તો એને જો બેળેબેળે કરીશું તો જીવદશામાં વધારે ને વધારે રહીશું અને દુઃખી દુઃખી થઈ જવાના અને ઊલટા ખાડામાં પડવાના. બીજા વિષે વિચાર્યા કરીશું તો જાણી જોઈને દુઃખી થઈશું. કારણ, એના એવા સંસ્કારો પડવાના. તો હું તો કહું છું કે આવું ખોટું નાણું શું કરવા એકઠું કરો છો ? એનાથી તો નુકસાન જ જવાનું છે. ત્યાગ કરવાનું ને સહન કરવાનું આવે તે પ્રેમથી સહન કરો ને ત્યાગો. અને આવું સહન કરવાનું કે ત્યાગવાનું શોધવા નથી જવાનું; પણ જ્યારે નિમિત્ત આવે ત્યારે પ્રેમથી સહન કરો. અને એમ માનજો કે એ જીવ સાથે આપણું એવું પ્રારબ્ધ એટલે એ પ્રેમથી ભોગવવું. જે બીજાના દોષ જુએ તે અજ્ઞાની છે અને પોતે વધારે દુઃખી થશે, સંતાપ પામશે. ઊલટું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
આપણે એમ સમજવું કે આપણા જ કારણે આ બધું થાય છે. અને આપણે બીજા સાથે પ્રેમ રાખીએ તો એવું જીવન પ્રકટશે, એવો આનંદ પ્રકટશે કે જેના જોટો ન જડે. પણ આવા આનંદને ભોગવવા માટે સમાજમાં કોઈની તૈયારી દેખાતી નથી.

લક્ષ્મીનો સદુપયોગ

લક્ષ્મીની સંસાર-વહેવારમાં જરૂર છે. લક્ષ્મી માયા છે એમ કહેનારા ખોટા છે. લક્ષ્મી શક્તિ છે. એનો સદુપયોગ કરવો જોઈએ. જો એની સાથે વ્યભિચાર કર્યો તો તમને એ પાડશે. લક્ષ્મીનો જે દુરુપયોગ કરે છે તે પાપી છે. તે પડશે. જે એનો સદુપયોગ કરશે તેની લક્ષ્મી ટકશે. જૂના જમાનામાં સાત સાત પેઢી સુધી લક્ષ્મી ટકતી, પણ આજે એમ નથી. એ પવિત્ર શક્તિ છે. એને તમે ભગવાનના કામમાં વાપરો. તમારા એકલા સ્વાર્થ માટે વાપરશો તો એ પતનનું કારણ થઈ પડશે. કોઈક એમ કહેશે કે મોટાને બધું પચાવી પાડવું છે એટલે આમ કહે છે. પણ મારે તો હજાર હાથવાળો ભગવાન છે. મારા સ્વાર્થ માટે હું બિલકુલ કહેતો નથી. લક્ષ્મી ભગવાન સ્વરૂપ છે. એને સાચી રીતે વાપરજો. ભગવાનનું ભજન એ સદ્‌ભાવના પેદા કરવા માટે છે, નહિ કે નરકમાં રગદોળાવા. બે વાત એકી સાથે ન બની શકે. એટલે ધીરે ધીરે આ બે વસ્તુ કરવી : સહન કરવું અને ત્યાગ કરવો. એમ કરીએ તો જીવન ઉન્નત થશે જ. એટલે સંસાર-વ્યવહારમાં સહન કરવાનું કે ત્યાગ કરવાનું તો આવશે જ. કોઈનાથી સહન કે ત્યાગ કરવાનું થવાનું નથી; એ તો આપણે પોતે જ કરવાનું છે. એમાં બીજાનો દોષ ન જોશો. શાંતિ રાખીને ઉદ્વેગ થવા દીધા સિવાય પ્રેમથી સહન કરવાનો પ્રયત્ન કરજો.

તા. ૨૩-૨-૧૯૬૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૨

સંસાર-વ્યવહાર

શબ્દના અનેક અર્થ

જેને અનેક પ્રકારના સ્વાર્થ, ઇચ્છા, લાલસા હોય તે અર્થાર્થી કહેવાય. જેવી રીતે બાળક મા પાસે કોઈ વસ્તુની માગણી કરે અને તે ખુશીમાં હોય તો લાવી આપે, તેવી રીતે ભક્ત માટે માગણીઓ થાય. શબ્દના જુદા જુદા અર્થ થાય છે, એ સંસ્કૃતની ખૂબી છે. બીજી ઘણી ભાષાઓ છે. મને કાંઈ ચોપડીઓનું જ્ઞાન નથી પણ કૉલેજમાં ભણતા ત્યારે પ્રૉફેસરો કહેતા તે હું કહું છું. એક દિવસ 'ગો' શબ્દના એટલા વિવિધ અર્થ કરી બતાવેલા ! આજે મને તે બધા યાદ નથી, પણ એ વાતનું સ્મરણ છે. ગાય, ભાવના-વૃત્તિ, જેમાંથી અમૃત મળે છે; ગાય વડે દૂધ રૂપી અમૃત મળે છે. વગેરે વગેરે અર્થ ઘટાવેલા. સંસ્કૃતમાં એક શબ્દમાંથી અનેક અર્થ થાય છે; બીજી કોઈ ભાષાનું તેવું નથી. સંસ્કૃત એવી ઊંચી ભાવનાવાળી જીવંત ભાષા છે. એનો અભ્યાસ કરનારા માત્ર કાશીના પંડિતો નથી. એ વળી બીજી જ હકીકત છે. તેઓ જર્મનીમાં જીવે છે.

ભગવાન આગળ વાત કરો

મને મુનિ જિનવિજયજીએ કહ્યું છે. મેં તેમની પાસે કામ કર્યું હતું. તેઓ વિદ્યાપીઠમાં આવેલા. ગાંધીજીએ તેમને બોલાવેલા. તેમને પુરાતત્ત્વની લાઈબ્રેરી કાઢવી હતી. તેઓ જર્મનીમાં રહેતા - અભ્યાસ કરવા માટે જાતે રાંધીને ખાતા વગેરે. આ તેમની કહેલી વાત છે. આ તો આપણે જુદી વાતે ચડયા. મૂળ વાત ઉપર આવીએ. આપણે જીવદશાવાળા ભલે રહ્યા, પણ અર્થને માટે પણ તું મારો ભક્ત થા. મુશ્કેલીને ભગવાન આગળ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રજૂ કરો, આત્મનિવેદન કરતા રહો. એમ કરતાં કરતાં અંગ્રેજીમાં જેને સાઈકિક કૉન્ટેકટ (ચૈતસિક-સંપર્ક) કહે છે, તે થશે. આ તો માનસશાસ્ત્રથી સ્વીકારાય તેવી વાત છે. જેમ મિત્ર આગળ વાત કરતાં જો આપણું મન હળવું થતું હોય તો તેવી વાત પ્રેમથી, ઉમળકાથી કરીએ. એવી રીતે સુખશાંતિ મેળવવા માટે ભગવાન આગળ વાત કરો. જેવી રીતે ભાઈબંધને વાત કરો છો તેવી જ રીતે ભાવનાથી-ઉમળકાથી કરીને ભગવાન આગળ વાત કરો તો હળવાશ-પ્રસન્નતા જરૂર મળશે. સંસારમાં પ્રસન્નતાની ખૂબ જરૂર છે. સંસારને અનુભવીઓએ ખૂબ જુદી જુદી રીતે વર્ણવ્યો છે. કેટલાકે સંસારને અમૃતમય કહ્યો છે. આપણને એ વાત ગળે ઊતરતી નથી. એને ગપ્પું માનીએ છીએ. દુઃખ, આધિ, વ્યાધિ, કલેશ, સંતાપ વગેરેથી આવરાયેલા છીએ. અને એટલે એક પ્રકારના આંધળા છીએ. આંધળા માણસો હોય અને હાથીના કાન જુએ તો તેને તે સૂપડા જેવા લાગે. કોઈના હાથમાં પૂછડું આવે તો તે કહે કે થોડાક વાળ વાળું છે. સૂંઢ, પગ હોય એમ કહે. જે જેના હાથમાં આવે તે તેવા પ્રકારનું વર્ણન કરે છે તે સાચું; પણ તે સમગ્ર સત્ય નથી. તેવી રીતે ભગવાન પતિતોદ્ધારક છે જ એમ મને લાગે છે. પણ તે એકલો પતિતોદ્ધારક જ નથી. એને કોઈ વાતની સીમા, કોઈ વાતનું બંધન નથી. મારી કહેવાની મતલબ એ છે કે એવું જે ચેતન છે તેને અર્થને માટે પણ કહેતા જાવ. દિવસના ૫૦-૬૦ વાર એવું (દુઃખ-મુશ્કેલીના કારણે) બને. તે વખતે ભગવાન આગળ નિવેદન કરતા રહો. જ્યાં સુધી મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ ભગવાનમાં લય નહીં થઈ ગયાં હોય ત્યાં સુધી આ પ્રમાણે બનવાનું છે. જેની બુદ્ધિ બ્રહ્મમય બની ગંઈ હોય તેને સંસાર અમૃતતુલ્ય લાગે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુભવી ક્યારે પરખાય ?

કોઈ ઇજનેર આપણી પાસે આવીને કહે કે આમ કરો તેમ કરો, તે આપણે તરત જ માની લઈએ છીએ. તેમ કોઈ ડૉક્ટર આવીને કહે, દર્દીને ટાઈફોઈડ છે ત્યારે કશીય શંકા ઉઠાવતા નથી, કારણ કે તેની પાસે ડિગ્રી છે; M.B.;B.S. ની ડિગ્રી લીધી છે; દુકાન કાઢી છે એટલે તે માનવું પડે. પણ અનુભવી કશું કહે તે જાણકાર છે એની ખાતરી શી ? કાશીમાં પંડિતો ઘણા છે. 'વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.' વિદ્વાનને પારખી શકાય પણ અનુભવીને ન પારખી શકાય. અમારા ગુરુમહારાજ કહેતા કે વિદ્વાનને માન આપજે. અનુભવી હોય તે તો ગાળ પણ આપી દે. તે સમજાય નહીં. તમારી એટલી કક્ષા થાય તે પણ કાળ નિમિત્ત બને ત્યારે સમજાય. પણ આ બધી પંચાત ટાળવી હોય તો બુદ્ધિને પ્રજ્ઞા સ્વરૂપ બનાવો. જ્યાં સુધી બુદ્ધિ તેવા પ્રકારની થાય નહીં ત્યાં સુધી બધું ડહોળાયેલું રહેવાનું.

ભગવાનનું નામ શા માટે ?

અનુભવીઓએ જુદી જુદી રીતે સાધના કરી છે ! જેવો જેવો કાળ તે તે પ્રકારે સાધન લીધાં છે. આપણા જ દેશમાં નહીં પણ બધે જ તેમ બન્યું છે. બાપદાદાનો ખજાનો કામ નહીં આવે. તું સાધન કર. રાગદ્વેષથી પર થા. કેટલીક વિદ્યાઓ એવી છે કે જેથી અહમ્ વધે છે. આપણે તો એક જ વાત લક્ષમાં રાખવાની છે કે અહમ્ ઘટાડવાનું છે. અહમ્ એટલે 'degraded form of chetan.' ચેતનનું નીચે પડેલું સ્વરૂપ. ચેતન જળમાં જળ રૂપે, તેજમાં તેજ રૂપે, વાયુમાં વાયુ રૂપે છે. મળવિક્ષેપને આવરણને કારણે આપણું ચેતન તેવું હોય છે. પણ ચેતનને તેના યોગ્ય પટમાં વહેવડાવવું હોય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો તેને યોગ્ય (ચૅનલ) નહેર ખોદવી પડશે. તે ત્યારે બને કે આત્મા તરફ વલણ થાય. પણ તેને માટે બુદ્ધિ રાગદ્વેષથી પર થવી જોઈએ. પણ તે એકદમ બને નહીં. માટે કહ્યું છે કે ભગવાનનું નામ લો. હિન્દુ ધર્મમાં નહીં પણ દુનિયાના બધા જ ધર્મોમાં જપ ઉપર ભાર મૂકેલો છે. અને ખરો આધાર ગણેલો છે.

મુશ્કેલી દૂર કેવી રીતે થાય ? નામ એ common factor, સામાન્ય અવયવ છે. બધા જ ધર્મનું રહસ્ય એમાં જ છે. આપણે સુખદુઃખ, મુશ્કેલીઓ, ગૂંચો આવે ત્યારે બુદ્ધિ એમાં આવરાઈ જાય નહીં એવું ભગવાનને કહેવાનું રાખો. તેવે વખતે સ્મરણ કરો, ભજન કરો, સત્સંગ કરો. તમે તેમાં અટવાયા કરો એટલે મુશ્કેલીઓનો કાળ વધવાનો. પાંચ મિનિટને બદલે પાંચ કલાક, પાંચ દિવસ સુધી રહે, પણ બુદ્ધિને તેનાથી વિમુખ કરો, તો ઉકેલ તુરત જ મળી જાય. તેવે વખતે સત્સંગ, સ્મરણ, ભજન કરવું. બુદ્ધિને એમાં ન પાડવી એટલે ઉકેલ મળી જશે.

ધર્મનાં લક્ષણો

મહાત્માઓ ધર્મની વાત કરતા હતા. ધર્મનું પ્રત્યક્ષ પ્રમાણ શું ? જ્યાં ધર્મ હોય ત્યાં પરાક્રમ, શૌર્ય, શૂરાતન, ઉદારતા અને સહિષ્ણુતાના ગુણો પ્રકટવા જોઈએ. એકબીજા પ્રત્યે સદ્ભાવ, પ્રેમ જાગવો જોઈએ. તે અત્યારે છે ખરું ? તે તો ઘરેડ સ્વરૂપે છે. સુપ્ત અવસ્થામાં પડેલો છે. ધર્મ જીવતો હોય તો આપણે કાયર હોઈએ ? ભાઈઓ-ભાઈઓ વચ્ચે કુસંપ હોય ખરો ? વેર હોય ખરું ? અમુક પુરુષમાં તેવાં લક્ષણો છે પણ તેવા લાખોમાં કોક હોય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બ્રહ્મ સત્ય

આપણામાં મતમતાંતરો ઘણા છે. ધર્મ તો આપસમાં ઝગડો કરાવે છે. આ મારું ખરું અને તારું ખોટું. ધર્મ તો રાગદ્વેષ વધારવાનું કામ કરે છે. એટલે એ ખરો ધર્મ નથી. આપણે ધર્મની વાત જવા દેવી. ગુરુમહારાજે કહ્યું છે કે જે કોઈ તારી પાસે આવે તો કામ કેવી રીતે સારું થાય તે કહેજે. બ્રહ્મની ભૂમિકાની વાત કરવાથી કશું નહીં વળે; જેને જે જોઈએ તે આપ જગત મિથ્યાની વાત કરે છે; પણ તું વ્યવહાર તો ચલાવે છે તો જગત મિથ્યા શાને ? બ્રહ્મ સત્ય હોય છે પણ તે ચેતનની અપેક્ષાએ (Relatively). ભલે તે સત્ય હોય, પણ તેવી વાત કરવાનો કશો અર્થ નથી.

અનુભવીઓને જાણવા કેવી રીતે ? તે તો તેની વાણીથી પરખાશે. એ ન પરખાય તેવું કશું નથી. ઝવેરી હોય તો હીરાની જાત પારખે. ઝવેરી થઈએ અને અભિરુચિ થાય ત્યારે કંઈ જાણી શકીએ. એવા પ્રત્યે સદ્‌ભાવ રાખીએ તો પણ ચાલે. તો ભગવાનનું સ્મરણ કરો. ગૂંચ, કોયડો, મુશ્કેલી વખતે આવરાઈ ન જતાં સ્મરણ-પ્રાર્થના વગેરે કરો એ (practical) વ્યવહારુ ઉપાય છે. કોઈ કહે કે કામ કરતાં સ્મરણ કેવી રીતે થાય ? હું તો કહું છું કે તે મનમાં કરવાનું છે. ભલે કામ કરતા હોઈએ, બેઠાં બેઠાં પણ તે કરજો. તો મુશ્કેલીનો જરૂર ઉકેલ થઈ જશે.

વ્યક્તિ સાથે વર્તન

સંસારવ્યવહારમાં કર્મ તો કરવાનાં છે. અને કર્મને કારણે વ્યક્તિની સાથે સંકળાયેલા રહેવાના; તો તેવી વ્યક્તિ પ્રત્યે મીઠાશથી વર્તવું. મીઠાશ દંભવાળી નહિ હોવી જોઈએ, હૃદયપૂર્વકની હોવી જોઈએ. તારે કામ તો ચલાવવું છે; તે વ્યક્તિઓથી થશે કે બીજાઓથી થવાનું છે ? કર્મ તો જડ છે. પણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વ્યક્તિઓ પ્રત્યે પ્રેમ, ઉદારતા, સહાનુભૂતિભર્યું વલણ રાખશું તો કર્મ ઉત્તમ થવાનું. તેવે વખતે તરડાઈ જઈ રોષથી વાત કરશો તો કામ નહીં થાય. કામમાં ઊલટી ખલેલ પહોંચશે. વેપારમાં પણ આ અજમાવી જુઓ; ભલે એનું પરિણામ જલદી ન આવે. એ માર્ગ આકરો છે. કોઈએ ગુસ્સો કર્યો અને તમે સામો ગુસ્સો કર્યો તો નહિ ચાલે. સંસાર-વ્યવહારમાં આમ નમ્રતા રાખીશું તો અભિરુચિ પ્રકટશે. માટે કર્મ કરતાં કરતાં સંકળાયેલાની સાથે રોફ, અભિમાન, રુઆબ, ગુસ્સો કરવાનું છોડી દો. ત્યાગ કરવાનો આવે તો ત્યાગ કરો. આપણા માટે એટલું પણ બસ છે. આવી ભાવનાથી જીવીશું તો ચેતન પ્રત્યેનું વલણ વિશેષ થતું જશે; મન વધારે શાંતિવાળું, પ્રસન્નતાવાળું થશે. અશાંતિ રાખશો તો નહીં થાય. અને સંસારમાં આપણે કર્મથી વિખૂટા પડી નથી શકતા. કર્મ ઉત્તમમાં ઉત્તમ ત્યારે થાય જ્યારે પ્રેમ, સદ્‌ભાવ, સહાનુભૂતિથી વર્તશો; નહિ તો કામ બગાડશો. મુશ્કેલી-ગૂંચ આવે ત્યારે આવરાઈ નહીં જતાં મનમાં સ્મરણ કરો; પછી જે સ્થિતિ થાય તે અનુભવો. નામની મહત્તાની વાત હું નથી કરતો; હું તો (સાઈકોલૉજિકલ)માનસશાસ્ત્રની રીતે વાત કહું છું. આપણે એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિમાં જઈએ ત્યારે પહેલી વાત આપણા સુષુપ્ત મન (subconscious) માં પડેલી હોય છે. તે બીજી પ્રવૃત્તિમાં જવાથી આપમેળે ઊકલી જાય છે. માટે મુશ્કેલીમાં તેનાથી આવરાઈ નહિ જતાં તેનાથી વિમુખ થવું તો પ્રશ્નો હલ થશે.

સંસારમાં અભ્યાસ

આપણે સંસાર-વ્યવહારમાં જીવવું તો છે - તો શા માટે દુઃખી થઈને-કલેશ પામીને જીવવું ? અશાંતિમાં શા માટે રહેવું ? માથું મૂકી દેવાનું પણ આપણાથી બનવાનું નથી. માટે આ નામ લેતાં લેતાં એક એવા પ્રકારની ભૂખ જાગશે કે આપણે માથું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મૂકી દેવા પણ તૈયાર થઈ જઈએ. સંસારમાં તેવું બનતું હોય છે; જ્યારે ગરજ પ્રકટે ત્યારે માથું મૂકતાં હોઈએ છીએ. ભગવાનનું નામ લેવું અને તે લેતાં લેતાં એવો કાળ આવશે કે અભિરુચિ જાગશે. અને અભિરુચિ જાગે એટલે અભ્યાસ થશે. અભ્યાસ એટલે શાસ્ત્રાર્થ નહીં. અભ્યાસ અને વૈરાગ્યથી ભગવાનને પામીશ, એમ ગીતામાતાએ કહ્યું છે. અભ્યાસ અને વૈરાગ્યનો અર્થ મને પહેલાં સમજાતો નહીં, પણ ખોળતાં ખોળતાં મને જડી ગયો. મેં ઘણા મહાત્માઓને સાંભળ્યા છે, પણ ઉકેલ જાતે ખોળ્યો છે. પોતે જ બ્રહ્મસ્વરૂપ છીએ. એનો આધાર ક્યાં લેવાનો ? એ વિચાર કરીશું ત્યારે અનાસક્તિ, નિર્મમત્વ, નિર્લોભ, નિરહંકાર વગેરે પ્રકટે તેને વૈરાગ્ય કહેવાય.

સંસાર અસાર નથી.

જગત મિથ્યા છે એમ કહે છે તેમને હું કહું છું કે સંસારમાં વહેવાર કરવો છે તો તેવું કહેવાનો શો અર્થ ? તેઓ કહે કે આપણે કામના, લોલુપતા, મદ મત્સરવાળા છીએ. ભલે જેવા છીએ તેવા છીએ, પણ પાસે ભગવાન બેઠા છે તેમને પ્રણામ કરીને કહું છું.-- શાસ્ત્રો વાંચીને નહિ, અનુભવથી કહું છું-કે ભુલાવામાં પડશો નહિ; આવું આચરણવર્તન કરો અને સ્મરણ કરો. અને આશા, તૃષ્ણા, લોલુપતા વગેરે ઘટતાં જાય તેને અભ્યાસ કહેવાય. ચેતન છે જ, પણ તે જીવદશાની ચૅનલમાં વહે છે. માટે એ ચૅનલ બદલો. એ ચૅનલ બદલીએ અને અભ્યાસ કરતાં આવા થઈએ એટલે વૈરાગ્ય આવે. સંસાર અસાર છે એમ લોકો કહે છે પણ જો રસ ન હોય તો માણસ પળભર પણ જીવી નહિ શકે. પૃથ્વીના પડમાં ગમે તે માનસશાસ્ત્રના અભ્યાસીને પૂછો.

તા. ૭-૬-૧૯૬૦

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૩

ભાવનાનું મહત્ત્વ

પ્રભુ ક્યારે સંભાળે ?

'હરિને ભજતાં-' ભજનમાં પ્રેમળદાસ ભક્તકવિ નર્યો પક્ષપાત કરે છે. પ્રેમળદાસ જ નહીં પણ ગીતામાતાએ પણ કહ્યું છે કે ભગવાનને એના ભક્તો વહાલા છે. તે બીજા કોઈનાં કામ નથી કરતો, ભક્તનાં તો જરૂર કરે છે. તેણે પ્રહ્લાદને ઊગાર્યો છે, બીજાને નહીં. સંસાર-વ્યવહારમાં પણ આપમેળે (પ્રેમ હોય ત્યાં) એકબીજાને ઉગારવા જઈએ છીએ. આપણી ભગવાનમાં એવી સ્થિતિ થઈ જાય ત્યારે ભગવાનને કહેવું પડે નહીં. જ્યાં સુધી કહેવું પડે છે ત્યાં સુધી પ્રેમ ઓછો છે એમ કહેવાય. જ્યારે એનામય થઈ જવાય ત્યારે આપમેળે કામ કરે છે. ગરુડે ચડીને આવશે એમ કહેવાય છે તેનો અર્થ એ જ છે.

તેણે વિભીષણને રાજ્ય આપ્યું કારણ કે તે ભક્ત હતો; રાવણને મદદ નથી કરી. અમારો ભગવાન તો વૈભવવાળો છે, અનેક પ્રકારની સમૃદ્ધિવાળો છે. પૃથ્વી ઉપર સુરાજ્ય થશે ત્યાં ભગવાન સમૃદ્ધિ જરૂર લાવશે. જ્યાં નમ્રતા છે ત્યાં ગરીબાઈ નથી.

ભાવનાથી કર્મ

નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો. આજના જમાનામાં પણ એવું બને છે; ધગધગતું નસીબ જોર કરતું હોય ત્યાં ખેતરમાં જતાં જતાં લાત વાગે અને ચરુ મળે છે. ગુરુમહારાજે મને આજ્ઞા કરી છે કે હકીકત પુરવાર ન થાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેવી હકીકત કહેવી નહીં. જ્યારે પ્રેમ કોઈના પરત્વે થઈ જાય તો તેનો દોષ દેખાતો નથી; ભક્તનું એ પ્રત્યક્ષ લક્ષણ છે. તમને જો ખરેખરું વહાલ હોય તો દોષ પ્રત્યે દુર્લક્ષ થાય એ પ્રત્યક્ષ લક્ષણ છે. જેના જીવનમાં ભાવના ન પ્રકટે તેનાથી કશુંય થાય નહીં. પણ ભાવના આવે ક્યાંથી ? ભાવના એ પ્રકૃતિસ્વભાવથી પરની કક્ષા છે એ એક હકીકત છે. પ્રકૃતિ, સ્વભાવ, દ્વંદ્વ અને ગુણથી પરની સ્થિતિ છે. માટે ભાવનાના વિકાસ માટે એવી પ્રવૃત્તિ લેવી જોઈએ કે જે દ્વંદ્વાત્મક ન હોવી જોઈએ; ચેતન પ્રત્યેની પ્રવૃત્તિ એવી પ્રવૃત્તિ છે. એ પ્રકારની ભાવના કેળવવા એવા પ્રકારનો આધાર લેવો જોઈએ. ભાવના પ્રકટાવવા સતત કર્મ કરવું જોઈએ; આપણે કર્મ કરીએ છીએ પણ હેતુનું ભાન રહેતું નથી આપણામાં ચેતન રહેલું છે પણ awareness -સતત જાગૃતિ પ્રકટેલી નથી હોતી. ભાવના વગર ગુણશક્તિનો વિકાસ થાય નહીં, એટલે આનંદ પણ નહીં આવે. ભાવનાથી કરેલા કર્મમાંથી અનેક પ્રકારનું સુખ ઊપજે; આપણી શાન્તિ અને પ્રસન્નતા જળવાઈ રહે. ભાવના હોય તો એકલાં કર્મ કરતાં કરતાં પણ આ બધું સાંપડી રહે.

ભાવના એ જ આધાર

એના માટે ઋષિમુનિઓએ જબરજસ્ત ક્ષેત્ર ખોલ્યું છે એ હકીકત છે. આપણી સંસ્કૃતિ આપણે ભૂલી ગયાં છીએ. આર્યસંસ્કૃતિ એ ચેતન છે. આર્યપ્રજામાં - આર્યપ્રજા સાધારણ રીતે હિન્દુ સમાજ કહો - પ્રકૃતિનું ચેતન કહો, એનો ભાવ જાગેલો નથી; ઋષિમુનિઓએ તો આ કહેલું છે. એમને લાગ્યું કે ઘરેડથી કર્મ કરવાં એનું નામ જીવન નહિ; જીવન ઉચ્ચક્ષેત્રની હકીકત છે. જીવીએ ત્યારે ખબર પડે. અંદર પડી જો પછી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કહે. એ હકીકતના પરિચયમાં આવ્યા વગર ખબર પડે નહીં. પરિચય કેળવ્યા વગર બોલીએ ત્યારે માનવીને એમ લાગે કે ગપ્પાં મારે છે. પ્રયોગ કર્યા સિવાય બોલે તેનો અર્થ નહિ; ભાવના પ્રયોગ કર્યા સિવાય સમજાતી નથી; બધાને એવી જાગૃતિ થતી નથી. ઋષિમુનિઓને લાગ્યું હશે કે ભાવના જાગતી હશે તો સાધનાની જરૂર નહિ; પણ તેવી ભાવના ઓછી થવાની. કર્મકાંડ માધ્યમ (medium)નો આધાર લીધો. એના આધારે ઉત્કટતા ન ટકવા બેઠી ત્યારે આપણા લોકોએ મૂર્તિઓ સ્થાપી. સમાજની ભાવના ટકી શકે એ માટે આ સાધન છે. ભાવના વગર ગુણશક્તિ નથી.

ભાવના કેવી રીતે જાગે ?

લોકો ભણેલા ખરા પણ ખરેખર ભણેલા નથી. ભણેલા સમજે; આપણે સમજવાની પણ મનાઈ ! મન, બુદ્ધિ, ચિત્તને તાળાં માર્યાં છે ! આપણે પોતે હજાર આંખવાળા, હજાર હાથવાળા છીએ; આપણે જો ધારીએ અને પાકો નિર્ધાર કરીએ તો ધારીએ તે કરી શકીએ. મહાત્મા ગાંધીજીએ પોતાના જીવનવૃત્તાંતમાં લખ્યું છે; તેમણે સ્વરાજ્ય લેવા પાકો નિર્ધાર કરેલો અને સ્વરાજ્ય લીધું પણ ખરું.

આપણે તો મંદિરે જવાનું પણ માંડી વાળ્યું. જેમ જેમ ભાવના ઘટતી ગઈ તેમ તેમ સાધન સ્થૂળ થતું ગયું. એ ભાવના મૌનમાં બેસવાથી, ૨૧ દિવસ સુધી સતત નામસ્મરણ કરવાથી થાય. બહાર તો પોતાનામાં રહેલી અનેક પ્રકારની વિકૃતિ વગેરેનો, પોતાને વિશે વિચાર કરવાનો અવકાશ નથી. અહીં કોઈ કોઈને જોતો નથી. એ રીતે વિચાર કરવાનો અવકાશ મળે છે. અહીં પોતાને સમજવા માટે પ્રયત્ન કરે તો પોતાનું દર્શન થાય. જીવનમાં ભાવના છે ત્યારે જ સાચી સમજણ પ્રકટે;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગતાનુગતિક રીતે નહિ. ગીતામાતા પણ કહે છે : જેને શ્રદ્ધા હોય તેને જ્ઞાન થાય. 'કરિષ્યે વચનમ્ તવ' પણ એ સ્થિતિ ક્યારે પ્રાપ્ત થાય ? 'નષ્ટો મોહઃ' લોકો કહેશે : એ ગપ્પું છે; પણ જ્યારે બધા મોહ નાશ પામશે ત્યારે સ્થિતિ મળશે. ત્યારે ભગવાનનું કાર્ય જાણી શકાશે. એવી સ્થિતિ થાય ત્યારે શરણાગતિની સ્થિતિ થાય. આ જ ખરું જીવન છે, બીજું નહીં. આવા જ માણસ સમતા, તટસ્થતા અને વિવેક રાખે છે.

ચેતનની દશામાં આ જ ખરું છે એવું નથી, બધું જ ખરું છે. પુરુષોત્તમ ભગવાન ગીતામાં દર્શન કરાવે છે. પ્રારબ્ધના સંજોગે પાપની ક્રિયામાં ઊતરવું પડે. પાપમાં એ કેવી રીતે લઈ જાય ? પ્રત્યક્ષ કરીને આપમેળે એ સાબિત થાય તો પણ બુદ્ધિ સ્વીકારે નહીં. આવું શાસ્ત્ર છે.

મૌનમંદિરમાં ભાવનાની જાગૃતિ

ભાવના કેળવવા સાધન જોઈએ. બહાર હોઈએ તો લાગણી-આવેશ થોડો કાળ ટકે. અંદર એ ભાવના સતત ચાલુ રહે અને એને જીવતી-જાગતી રાખે; જેમ આ ઝાડ છે. બીજને પૃથ્વીનો સ્પર્શ લાગે અને વરસાદનું પાણી લાગે પછી સંવર્ધન એની મેળે થયા કરે છે. માટે ભાવના જોઈશે પછી આપમેળે એનો વિકાસ થયા કરશે. સંગ્રામ તો ભાવનાને કેળવવા માટે છે, ઉત્તમ કરવા માટે છે. જેનો ભાવ જ જાગ્યો નથી એવી ભાવનાને વિષે કશું કરી શકવાના નથી. જેને ભૂખ લાગશે તે ખાવાનો જ છે. કાળકાળાંતરથી ભાવના જગાવવા માટે જુદાં જુદાં સાધનો પ્રગટ્યાં છે. છતાં પણ ભાવના નો નાશ થવા લાગ્યો ત્યારે સ્થૂળ સાધનો પણ પ્રગટ્યાં એ ટકાવવા માટે મૂર્તિ આવી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મૌનમંદિરમાં નામસ્મરણ એ મૂર્તિ

અહીં તો ભાવના કેળવવા નામસ્મરણનું સાધન છે; મૂર્તિ રાખી નથી. જે કોઈને જેમાં અભિરુચિ હોય તે તે કામ કરી શકે. અમુક જ પ્રમાણે કરવું તેવું તેવું બંધન નથી. હું તો બાળકને પણ મૌનમાં બેસાડું. નંદલાલના સાડાત્રણ વર્ષના છોકરાને એકલાને મૌનમાં બેસાડેલો. માતા પાસે નહીં રહે; નાનામાં નાનાને બેસાડવાની મારી તૈયારી છે. હું તો કોઈ પણ ધર્મનાને બેસાડું; હરિજન બહેન આવવાનાં છે, શિક્ષિકા છે, અમારે ત્યાં આવેલી. મેં કહ્યું : 'મફત નહીં બેસાડું.' કહેઃ 'પૈસા નહીં હોય તો કહીંથી માગી લાવીશ.' ભાવના વગર કરેલ કર્મો ઉત્તમ પ્રકારનાં હોય પણ તેનું પરિણામ ઉત્તમ ન આવે. બાળક નરક ચૂંથે છે, ખાય છે, છતાં તેને આનંદ આવે છે; આપણે તેની ઘૃણા કરીએ છીએ. કર્મ એક જ છે; કર્મ કરતી વખતે કેવા પ્રકારની ભાવના રહે તેના ઉપર આધાર રાખે છે વાસનામાં મન રોકાયેલું હોય તો કર્મ ઉત્તમ ન થાય; માટે મનને ઉત્તમ બનાવો. મનને એવું ઉત્તમ બનાવી દો કે સારા-નરસાપણાનો ભેદ જ ન રહે. એને માટે ભગવાન પ્રત્યેની ગતિ રહે તો જ બને. ભાવનાને કેળવવા અનેક પ્રયત્નો કર્યા. કેમ કરીને ચેતન તત્ત્વ વહેલા અનુભવીએ એ પ્રયોગોમાંથી જ્ઞાનયોગ, ભક્તિયોગ, સાંખ્યયોગ વગેરે માર્ગ થયા; આ બધું પ્રયોગથી સાબિત કરી શકાય એમ છે. જેવી રીતે પરદેશ જવું હોય તો પૈસા જોઈએ તેવી રીતે વૃતિ શુદ્ધ કરવા ભગવાન પ્રત્યેની ગતિ જોઈએ. અને જો વૃત્તિ શુદ્ધ થયેલી હોય ત્યારે મન લાયક બને; પણ આપણે ઝંપલાવવાને તૈયાર હોતા નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્રિવેણીસંગમનું ફળ

કેમ કરીને નિર્મોહી, નિરહંકારી નિર્મમત્વ થવાય તે વિચારતા નથી. નામસ્મરણનું સાતત્ય પ્રગટે અને સાથે સાથે આ બધા ગુણો પણ પ્રગટે તો ત્રિવેણી સંગમનું ફળ મળે. વાત કહેવાથી કિંમત નથી; પ્રયોગથી જ વાત સાચી રીતે સમજાય છે. કોઈ પણ વસ્તુનો સ્વાદ જીભ ઉપર મૂકવાથી જ સમજાય છે. મારા ગુરુમહારાજનો હુકમ છે : 'ભાષણો કરવાં છોડી દો, બોલવું નહીં, પ્રવચન કરવું નહીં. પાસે આવવા દે, દિલનો પ્રેમ થાય ત્યાં સુધી વચન ગળે ઊતરવાનાં નથી.' મારા ગુરુમહારાજના હુકમ પ્રમાણે ચાલું છું. પ્રેમ થાય ત્યારે જ વચન ગળે ઊતરે છે. હજારો ભાષણ કરી જાય પણ ભાષણ કરનારની ભાવના નથી. શબ્દને લઈ જનાર ઈશ્વરતત્ત્વ છે. શબ્દને પ્રસારવા જેવી રીતે વીજળીની શક્તિ ફેંકવામાં આવે છે તેવી રીતે ભાવનારૂપી શક્તિ ભાષણ કરનારમાં હોતી નથી, અને જે આપણામાં નથી તે સામી વ્યક્તિમાં ક્યાંથી આવે ? એ તો નર્યો આડંબર છે. ગુરુમહારાજે જ્યારે મને આ બધું કહ્યું ત્યારે મને ગળે ઊતર્યું નહીં, પણ હવે તે સમજાય છે.

ભાવનાનો જુવાળ

ભાવના એ પ્રાપ્ત કરીને સ્વીકારી લેવાની વસ્તુ છે, એ લાચારીપણાની નિશાની નથી. ભાવનાનો જુવાળ ઘટે ત્યારે વિખૂટા પડી જવાય છતાં સાથ છોડયો નથી. ભાવના હોય છે તો છૂટા પડી શકાતું નથી.

કોઈ પૂછે છે : 'મોટા, તમને શું દુઃખ છે ?' મારી પાસે સૂક્ષ્મદર્શક યંત્ર નથી નહિ તો જોઈ શક્યા હોત કે કેટલો ત્યાગ વગેરે છે, કેટલાનાં કોકડાં ઉકેલ્યાં છે.

તા. ૨૩-૮-૧૯૬૦

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૪

સંતનું સૂક્ષ્મ કાર્ય

માનવજીવનની વાસ્તવિકતાઓ

પશુ, પક્ષી, જળચર વગેરેને પણ આનંદની પ્રવૃત્તિ ગમે છે; જોકે તેઓ આપણા કરતાં વધારે વિકાસ નથી પામ્યાં. મનુષ્ય-યોનિ એ વિકાસ પામેલી યોનિ છે. પશુ-પ્રાણીમાં સુખદ લાગણી વિકસ્યા કરે છે; એ લોકોને પ્રયત્ન નથી કરવો પડતો. સામી બાજુએ એ લોકોમાં વેરની ભાવના પણ છે. મનુષ્યને કુદરતે જે ધર્મ આપ્યો છે તેને સંતોષવા માટે પ્રકૃતિ છે. આપણે સળંગ રીતે એવું કશું ભોગવતા નથી. પશુ, પક્ષી, આદિ લોકોમાં આપમેળે સંયમ રહેલો છે. મનુષ્યની બુદ્ધિનો આંતરિક વિકાસ થયેલો છે. આપણામાં મન, બુદ્ધિ, પ્રાણ ચિત્ત, અહમ્ છે; પ્રાણીમાં બુદ્ધિ મન ખીલેલાં નથી; પ્રાણ છે, ચિત્ત પણ છે. કામવૃત્તિ અમુક કાળ પૂરતી સંયોગની ભૂમિકામાં પ્રકટે છે. મનુષ્ય પ્રાણી એવું છે કે બુદ્ધિ, ચિત્ત, પ્રાણનો વિકાસ થયેલો છે. એ વિકાસ શું કામનો ? મનુષ્યે તેને નકારાત્મક વૃત્તિઓને પોષવામાં જ વાપર્યાં છે અને એમાંથી જ આનંદ લે છે, પણ તે હંમેશાં ટકતો નથી. જે કામની પાછળ લોલુપતા, આશા વગેરે ધૂંધવાતું રહેલું હોય છે એને કામ કહે છે. જેને કામ થાય તેને જ ક્રોધ થાય અને બુદ્ધિ બગડે. જેમ દૂધમાં મેળવણ નાખીએ એટલે દહીં થાય છે, તેમ બુદ્ધિ બગડે એટલે સર્વનાશ થાય. અનુભવી લોકોએ જોયું કે આ ન થાય તો જ બચાય. કામ, ક્રોધ, લોભ, મત્સર આમાંથી એક પણ દાખલ થાય તો આખું ટોળું આવે. એને કારણે અશાંતિ, તાપ, વેદના બધું થાય; આનંદ ન થાય, ચેન ન પડે એવું થાય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દ્વંદ્વની ભૂમિકાનું મહત્ત્વ

મનુષ્યનું શરીર મળ્યું છે પણ સાથે એને દ્વંદ્વની ભૂમિકા પણ મળી છે એટલે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ એ જ રીતે વર્તવાનાં છે, એ બધાંનો ઢાળ એ જ બાજુ રહેવાનો. અહમ્ ને ઢાળ મળ્યો છે પ્રકૃતિનો; એ જ રીતે અહમ્ કામ કરે છે (નદી જે બાજુ ઢાળ હોય તેમ જ વહે છે). ઋષિમુનિઓએ જોયું કે ઈચ્છા અનિચ્છાએ (inspite of ourselves) આમ થાય છે; વરસાદ પડે એટલે ઘાસ ઊગી નીકળે તેવી રીતે કામ ઉત્પન્ન થાય, એટલે આ બધું થાય. એટલે કામ ન થાય એને માટે એ લોકોએ ઉપાય વિચાર્યા. મન હંમેશાં કામને ઝંખે. મનની એવી સ્થિતિ થાય કે તેને કામ ઝંખવાની સ્થિતિ ન રહે. સરકાર કહે છે કે વસ્તી વધે છે એટલે એવો ઉપાય યોજવો કે જેથી બાળક ન થાય...શાસ્ત્રો તો કહી ગયાં છે કે એક કે બે જ બાળકો થવા જોઈએ.

સતત આનંદ ક્યારે

સહકારી સહધર્મ પાળો, એકબીજાના ખરા સાથી બની રહો. એકબીજાના કામમાં પ્રેરણાત્મક બનો. જિંદગીમાં આ બધું ભૂલ્યાં છીએ, ધર્મ શું છે તે ભૂલ્યાં છીએ, આચરવું શું તે ભૂલ્યાં છીએ. આ માર્ગ ઋષિમુનિઓને કેમ સૂઝ્યો ? એના મૂળ કારણ એમ તો શોધવાં પડ્યા. મનની એવી સ્થિતિ ઉત્પન્ન થાય કે કામ સ્પર્શે જ નહીં નંદલાલભાઈ એક દવા ચોપડે છે જેનાથી મચ્છર કરડે જ નહીં. એવી સ્થિતિ મનની થઈ જાય, જેનાથી કામ હોવા છતાં કરડે જ નહીં; તે મનની એવી સ્થિતિ થઈ જાય તો (કામ) સ્પર્શે જ નહીં. જિંદગી આનંદ માટે જ છે; આપણે વેઠ ઉતારીએ છીએ, બળદ જેવી રીતે કરે છે તેવી રીતે. પણ તેને આપણા જેટલાં સંવેદનો, ત્રાસ થતાં નથી; વેદના થાય છે, પણ તે જડ છે આપણી ઇન્દ્રિય વિકસેલી એટલે ક્ષોભ-ત્રાસ લાગે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઋષિમુનિઓએ આપણું મન નીરવતાને પામે-પણ તે જડ નીરવતા નહીં-તે માટે વિચાર્યું. મન ઢોર જેવું નીરવ થાય. પણ નીરવતા ચેતનાત્મક રહે. પેલામાં તો બિલકુલ જડતા હોય છે; જ્યારે આપણામાં નીરવતા એ વિચાર વગરની ખરી, પણ તે ચેતનાત્મક હોય છે. ઋષિમુનિઓ આવી સ્થિતિ ઇચ્છે; આવી મનની સ્થિતિ થાય ત્યારે કામ તમને વળગે નહીં. જેવી રીતે કમળ કાદવમાં રહે છે છતાં કાદવનો સ્પર્શ થતો નથી, તેવી રીતે કામ નહીં વળગે અને તેમ ન થાય તો જ સતત આનંદગંગામૈયાના પુનિત પ્રવાહ જેવો આનંદ-પ્રગટે.

સતત મથવાથી શોધ

આ પૃથ્વીમાં અનેક જાતની બાબતમાં કળા-વિદ્યા ખીલેલાં છે. તેને દરેકમાં રસ છે. 'રસો વૈ સઃ.' તે એટલે ચેતન, તે રસ છે (એવું એક તત્ત્વ છે તેનું નામ આપ્યું ચેતન). જ્યાં તે ડૂબે તે જ રસ હોય, આનંદ હોય પણ તે ચેતનવાળો હોય. મન આવું વિચાર વિનાનું થાય ત્યારે. - પણ તે વિચાર વિનાનું કેવી રીતે થાય ? તેનો ઉપાય તે એક પ્રાણાયામનો. આપણે તો સંસાર-વ્યવહારના માણસો; તે શક્ય નથી. હરિઃ ૐ' લંબાવીને કરજો તો વિચાર નહીં આવે. આ ઓચિંતું જડયું; મથામણ કરે તો સત્ય ઓચિંતું જડે. પહેલાં મોતિયા કાચા કાઢી શકાતા નહીં. ઓચ્છવલાલ ગાંધી અહીં (આપમેળે) આવેલા. તેઓ કહે કે યુરોપમાં મગજમાં ઇન્જેક્ષન આપવાથી મોતિયા છૂટા પડી જાય છે. તે જોયું, પ્રયોગો કર્યા. (નેત્રપટ) Ratina સાથે દોરડાં સંધાયેલાં હોય છે; મોતિયાને તે પકડી રાખે છે. ઇન્જેક્ષન મૂકવાથી નસો લૂલી થઈ જાય છે એટલે મોતિયો છૂટો પડી જાય છે એટલે પછી કાઢી નાખે છે. એવી રીતે પણ વસ્તુ માટે સતત એકધારું મથામણ કરતાં સાંપડ્યું. આવી રીતે શ્વાસ લેવાનો પ્રયત્ન કરે તો તેટલો વખત વિચાર નહીં આવે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવી રીતે હરિઃ ૐ (લંબાવીને) બોલવાથી પણ એ ગાળાની અંદર વિચાર નહીં આવે. સપૂચો વિચાર નહીં આવે એવી સ્થિતિ થાય તો નિરહંકાર, નિર્મમત્વ નિરાસક્ત થાય; તો કામ-ક્રોધની સ્થિતિથી ઉપરની સ્થિતિએ ટકી જવાય, આ બધું સ્પર્શે નહીં, પણ તે મુશ્કેલ. એટલે જુદાં જુદાં સાધન થયાં.

સત્સંગ એ મહાત્મા સાથે દિલની દોસ્તી

કર્મ, તંત્ર, ભક્તિમાર્ગ, જ્ઞાન અને બધાં સાધનો આપ્યાં, પણ ઋષિમુનિઓએ જોયું કે આ બધાં લોકો તો નહીં કરી શકે. જગતને એવું સાધન આપો કે દરેક જણ કરી શકે - ભગવાનનું સ્મરણ એનું નામ. એ સરળ નિર્દોષ સાધન છે. એ કરતાં કરતાં અખંડતા-સળંગતા પ્રકટાવીએ તો જે પરિણામ યોગતંત્રથી આવે તે જ પરિણામ નામસ્મરણથી આવે એવું તેમણે અનુભવ્યું. તે કરતાં કરતાં અનેક ભક્ત થઈ ગયા, ઐતિહાસિક વાત છે અને આજે પણ સત્ય છે, એ સ્થિતિએ પહોંચેલા છે, એ પ્રયોગની હકીકત છે. એને માટે ધગધગતી તમન્ના, વિશ્વાસ પ્રકટયો નથી. અનેક કારણોથી મન ક્ષુબ્ધ, અકળાયેલું-ગૂંચવાયેલું હોય છે તો પછી મહાત્મા સાથે સત્સંગ કરો; પણ તે પ્રેમભક્તિથી કરજો, તેમની સાથે દોસ્તી બાંધજો, ભલે નામ ન લો. આ કઠણ કાળને હું તો પ્રપંચકાળ કહું છું. એવા મહાત્મા મળવા એ પણ મુશ્કેલ છે; પણ પ્રારબ્ધનો યોગ હશે તો મળી જશે; સંસારમાં એવા લોકો છે ખરા. જેવી રીતે બગીચામાં ફૂલ ખીલે છે અને મગજ તર થાય છે, એવી રીતે આવા મહાત્માની સુવાસથી પણ લાભ થશે, એવા મહાત્માઓના જીવનની ખુશબો પણ અસર કરશે. એવા મહાત્માઓને ખોળવાની આપણને તમન્ના નથી. કોઈકને મળે છે તો પણ એને ઝંખના નથી. એની દોસ્તી કરશો તો પણ તમને અઢળક શાન્તિ મળશે. ન થાય તો સારી ભાવના કેળવો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાતને જ ઓળખો

ચારે પાસાંથી માનવી ઓળખી શકાય નહીં. એક માણસ કોઈને લુચ્ચો લાગે, બીજાને ભલો લાગે; કોઈને દયાળુ લાગે. એક માણસને સમગ્ર રીતે ઓળખવા આપણે લાયક નથી; તો પછી મહાત્મા કેવી રીતે ઓળખાય ? માટે એ મૂકી દો, જાતને ઓળખી લો; બીજાને ઓળખવાનું તારું ગજું નથી. લાકડી મૂકવાથી તાવ ન મપાય ! થરમૉમિટર જ જોઈએ. એટલે પહેલાં જાતને ઓળખ; બીજાને ઓળખવાનું છોડી દે. બીજા સાથે પ્રેમ કરવાનું શીખ, તું પ્રેમ કર. પ્રેમથી ભેદ ઘટશે અને તે તેનું લક્ષણ છે, તું કેવો છે તે જો. બીજાની વાત કરે છે ત્યારે એ ડાંગ ફેંકું એવું થાય છે. ગુરુમહારાજે દંડો આપ્યો હતો અને કહ્યું હતું કે 'જે કહે તેને બે મૂકવી.' પણ મેં લીધો નહીં. આજે લાગે છે કે લીધો હોત તો સારું થાત; ભલે મારી પાસે તે નહીં આવે. બૈરાંને પણ એમ કહેતાં દેખું છું. તેમને પણ કહું છું કે તું તારી જાતને વિચારજે. મારી પાસે આવે તેને કહું છું કે તમે બહિર્મુખ થઈ ગયા છો; અંતરમાં કામ કરતા મટી ગયા છો; આંખે જે દેખ્યું તેમાં મોહ પામી ગયા છો. કુદરતનું સૌંદર્ય ઊંચી ભાવનામાં લઈ જાય અને સૌંદર્ય વિકાર પણ પેદા કરે-બન્ને વસ્તુ કુદરતે બક્ષેલી છે. એથી આપણું વિશેષ પતન થાય. જેમ જેમ તે (વિકાર) વધારે તેમ તેમ તે વધારે દુઃખી. સુધારી દેવાનું પણ શક્ય નથી. ૧૯૧૯થી સુધારાનો ઝંડો લઈને નીકળ્યો પણ લોક કેટલા સુધાર્યા ? ઉલટું વધારે થયું છે. ગુરુમહારાજે દંડો લઈને કહ્યું, 'ગાંધીજી સાથે ૨૦ વર્ષ સેવા કરી તેનું શું પરિણામ આવ્યું ?' જ્યારે દંડો ઠોક્યો ત્યારે ચેતી ગયો. બાહ્ય સેવામાં રાગદ્વેષ હોય છે. જ્યાં સુધી પોતાનામાં ઊંડા ન ઊતરીએ, પોતાની જાતને ઓળખવા પ્રયત્ન ન કરીએ ત્યાં સુધી શુક્કરવાર વળશે નહીં. સંસાર-વ્યવહારમાં કોઈની સાથે સંબંધ નથી રાખવો એ શક્ય નથી; શરીર છે ત્યાં સુધી વ્યવહાર કરવો જ પડશે. બધાંની સાથે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સદ્‌ભાવ સહાનુભૂતિ રાખીશું તો લોકોના અવરોધનાં મોજાં વિક્ષેપ નહીં કરે; આપણને અશાંતિ નહીં થાય; ચલાયમાન નહીં થવાય; ખૂન થાય છે તે નહીં થાય. આવી રીતે વર્તતાં વાર લાગશે પણ તેનાથી તમે ક્ષુબ્ધ નહિ થાઓ; કાંઈ થાય નહિ, આવી સ્થિતિ પેદા થશે. ભગવાનના સ્મરણથી નીરવતા પ્રકટે છે. આનંદ ટકે એ માટે નિરામય, નિરાસક્ત, નિરાગ્રહી થવાની વૃત્તિ કેળવવી.

કર્મનો હેતુ

કર્મ મળેલાં છે એ ભાવના કેળવવા માટે. કર્મ મળેલું ઉત્તમમાં ઉત્તમ કરીએ અને એને યથાયોગ્ય ભાવના કેળવવાનું સાધન (medium) સમજીએ એવું ભાન પ્રકટાવીએ તો ગુણશક્તિ જરૂર પ્રકટે. એ રીતે વર્તવાનું કર્યું તો મનની એવા પ્રકારની સ્થિતિ ઉત્પન્ન થશે કે જેનાથી સંસારની આધિવ્યાધિ સ્પર્શી શકશે નહિ.

તિજોરીની ચાવી ખોવાઈ હોય તે ખોળવાનો પ્રયત્ન કરતા હોઈએ અને બીજું કામ આવી પડે તો પણ ચિંતવન ચાવીનું રહે. મનનું ચિંતવન ધારણામાં રહ્યા કરે એ માટે ભગવાનનું સ્મરણ ઉત્તમ વસ્તુ છે પણ તે ગંગાના પુનિત પ્રવાહની જેમ ઉત્તમ અખંડ રીતે લેવું જોઈએ. તેની સાથે નીરવતા, નિરહંકાર વગેરે પ્રકટાવવાનું કરીએ તો એવી સ્થિતિ પ્રકટે, 'કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્' શક્તિમાન થવાય.

મહાત્માનો પ્રારબ્ધયોગ

પ્રારબ્ધને કારણે જે જે જીવોની સાથે જે પ્રકારનું પ્રારબ્ધ છે. તેવું તેની સાથે ભોગવવું પડે છે.

મહાત્માને શરીર હોવાથી મર્યાદા હોય છે, પણ ગુણમાં નહિ. સમુદ્રના એક બિંદુમાં ખારાશ હોય અને સમુદ્રની ખારાશ હોય તે એક જ પ્રકારની હોય છે. શરીરધારી જે આત્માને ચેતનનો અનુભવ થાય છે તેના ચેતનમાં અને ચેતનાના ગુણમાં ફરક નહિ, પણ શક્તિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મર્યાદા જરૂર રહે છે, જેમ કે રેલગાડી પાટા ઉપર ચાલે છે. ચેતનાવાળો આત્મા એનું શરીર પ્રારબ્ધાધીન હોવાથી તે પ્રમાણે ચાલે છે, પણ એને તેનું બંધન નથી એવું એણે કેળવી લીધેલું હોય છે.

પ્રચાર નહિ

મનને કશું સ્પર્શે નહિ એ માટે સાધન જોઈએ; અને આવું સરળ સાધન એ ભગવાનનું નામસ્મરણ છે. આ એવું સરળ સાધન છે; યોગવિદ્યા કે બીજા કોઈ પણ સાધન કરતાં સરળ છે. સંસાર-વ્યવહારમાં એટલા બધા અટવાયેલા હોઈએ છીએ કે શાંતિ કે કશું હોતું નથી, એટલે ગુરુમહારાજે આ બતાવ્યું છે અને આજ્ઞા કરી છે કે 'જે આવે તેને બેસાડવા; પ્રચાર કરવો નહી' તમે પણ પ્રચાર કરશો કે અતિશયોક્તિ કરશો તો મારું ખૂન કરો છો એમ ગણાશે. તમે પ્રેમને કારણે કરો છો પણ ખરી રીતે મારું ખૂન જ કરો છો. તમે લાગણીથી બોલો પણ અતિશયોક્તિ થયા વગર રહે નહિ.

એના કરતાં પ્રેમથી સોંપેલું કામ કરો. તમારા વિકાસ માટે કરજો; ગણતરીથી કર્યું કે કશાક ખ્યાલ કે વિચારથી કર્યું તો તે નકામું છે. કોઈ વિકાસના હેતુથી કરશો તો જુદી વાત.

મૌનમંદિર શા માટે ?

નામસ્મરણથી સંસારનાં બધાં વિઘ્નો, અશાંતિ વગેરે ભુલાય છે, એની ખુમારી ટકે. પ્રારબ્ધે કરીને મળવાનું આ સ્થાન ઊભું કર્યું છે. તમારે ખાતર નહિ, મારા પ્રારબ્ધ ખાતર કર્યું છે. હું બોલવાનું કરું છું, પ્રેમ કરું છું, દિલથી હલું છું, ચલું છું એ સત્ય કહું છું, એ સત્ય કરું છું. મારું કોઈ બગાડશો એની મને બીક નથી; કોઈ બગાડશે તો ભગવાન બગાડે છે એમ માનીશ.

તમને ઝાંખી થાય તે પણ ઉચ્ચ પ્રકારનો આનંદ છે.

તા. ૩-૮-૧૯૬૦

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૫

સ્મરણનો અભ્યાસ

ટોળામાં કલ્યાણ નહિ

શહેરના અને અહીં આવનાર મિત્રોને મારી વિનંતી છે કે હું ક્યાંક જાઉં કે અહીં આવું ત્યારે સ્ટેશને પધારશો નહિ; ત્યાં આવીને સમય અને પૈસા બગાડવાનો અર્થ નથી. તેટલો વખત સારાં કામ કે પરોપકારનાં કામ કરવામાં આપો. આ રીતે સમયનો બગાડ દુરુપયોગ થાય છે. સંસારમાં લક્ષ્મી એક મોટામાં મોટી શક્તિ છે; જગત આજે એને માપે ચાલે છે. લક્ષ્મીવાળો ગમે તેવો હોય - દુરાચારી હોય - તો પણ લોકો એને માન આપે છે; જ્યારે ગરીબ ચારિત્રવાન હોય પણ લોકોને મન કશી કિંમત નથી. લક્ષ્મીની તો કિંમત છે છતાં આજે સમયકાળની કિંમત વિશેષ છે એ લોકોના લક્ષમાં ઊતરતું નથી. એવી રીતે ટોળામાં આવવું એમાં મુદ્દલે કલ્યાણ નથી. ખરેખર જો ભાવના હોય તો મારું કામ કરો. ટોળામાં જવું - આવવું, હોહા કરવી એ પદ્ધતિનો કશો અર્થ નથી. એનાથી ખરેખરો ભાવ કે ઝંખના જાગતી નથી. ખરેખરી ઝંખના કે ભાવ જેને જાગે તે બોલ્યા વગર રહી શકતો નથી. આ રીતે આવવામાં મને તો નર્યો દંભ લાગે છે.

આશ્રમમાં આવવાનો હેતુ

અહીં આશ્રમમાં જેટલા છે તે અહીંના કામકાજમાં રોકાયેલા છે. અહીં અનેક કામ હોય છે; ખેતીકામ હોય, બાંધકામ ચાલતું હોય, ક્યારેક સુથારીકામ, કડિયાકામ એમ અવરનવર કામો ચાલ્યાં કરતાં હોય છે, માટે અહીં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આગતાસ્વાગતા થાય એવી આશાથી કદી પણ આવશો નહિ. અહીં આવવું હોય તો સત્સંગની ભાવનાથી આવવું, આશ્રમમાં કામ કરવાની ભાવનાથી આવવું. સ્વાગતની આશા કે અપેક્ષાએ આવવું નહિ. સ્વાગત કરવાની અમારી ભાવના નથી એવું નહિ, પણ કામમાં એવી સગવડ નથી. અમે આવવાનું કહેતા નથી; ઉમળકો થાય તો જરૂર આવવું. અહીં આવવાથી કેમ કરીને ભાવના પ્રગટે તેમ વર્તવું; અહીં આવી સત્સંગની વાત કરો. આશ્રમને માટે કરો છો તે તમારા કલ્યાણ માટે કરો છો એવી ભાવનાથી કરજો, અમારા માટે કરો છો એવું માનશો નહીં. જે કાંઈ કરો તે પ્રેમ-ઉમળકાથી પ્રભુપ્રીત્યર્થ કરો છો એમ માનીને કરશો. મંગળવારે આવો ત્યારે વાત કરવાનું રાખશો નહિ. તમારે ગરજ હોય, સત્તર વાર ગરજ હોય તો બીજા દિવસે આવવાનું રાખશો. આ તો એમ કે ફેરા ભેગો ફેરો અને પ્રાર્થના પણ થાય, અને મળતા પણ અવાય; તે ચાલે નહિ, તમે નહિ હશો તો બીજા મળી રહેશે. મારો ભગવાન તો હજાર હાથવાળો છે. હું સમાજને - લોકોને જોઉં છું; તેમનું કામ પહેલું.

મંગળવારે ઘરનું કામ હોય તો આવવું નહિ. ત્યાં ગયા અને વાત કરી આવ્યા એવું નહિ રાખશો.

પ્રયોગ કરી જુઓ

હવે ભજનની વાત. ભગવાનના સ્મરણથી કેટલી જાતનો સહારો મળે છે ? જાની સાહેબ અંદર બેઠેલા. કેટલીય ટેવો એને હતીઃ બીડી, ચા વગેરેની; અંદર કશું નડ્યું નથી. ભગવાનનું નામ એટલે એ તો જીવતીજાગતી. ધનલક્ષ્મી જેવું છે. નામ લીધે રાખો તો શાંતિ પ્રસન્નતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેશે, અટવાઈ નહિ જવાય, મૂંઝાઈ નહિ જવાય; મનને પ્રસન્ન રાખ્યા કરશે. જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી કોયડા આવ્યા કરવાના; એનાથી મુક્ત થવા ભગવાનના સ્મરણનો સહારો લેવો જોઈએ. પ્રાર્થના-સ્મરણ કરશો તો પેલા બધામાં (ગૂંચ-કોયડામાં) ગૂંચવાઈ જતું મન અટકી જશે. આ તો માનસશાસ્ત્રનો સિદ્ધાંત છે. આપણું મન એક કોયડામાં ગૂંચવાયું હોય અને ઉકેલ ન મળે ત્યારે આપણે મનને બીજા કશામાં રોકવું; તો પહેલાંની મુશ્કેલી ઓછી થશે. આમ કરવાથી વ્યાધિ, આધિ, ચિંતા, ફિકર વગેરેમાં મોટામાં મોટી હળવાશ પ્રકટશે. માટે આ કરી જુઓ તો ખબર પડે.

સ્મરણથી શાંતિ કેવી રીતે ?

જે માણસ ભગવાનનું સ્મરણ કરે છે અને એનો જેને અભ્યાસ છે તે અભ્યાસને કારણે એનો ઉકેલ એકદમ જડી આવે છે, એ માનસશાસ્ત્રીય હકીકત છે. તમારું મન જ્યારે એક કોયડામાં અટવાયેલું હોય ત્યારે સુષુપ્ત મનમાં Sub-conscious mind) વિચાર ગરકી જાય છે. જ્યારે આપણું મન પ્રાર્થના એકાગ્રતામાં રોકાયેલું હોય ત્યારે વિચારનો ફણગો ફૂટી જાય. તે ભગવાનનું સ્મરણ ચાલુ રાખશો તો આધિ-વ્યાધિના ઉકેલ પણ તમને મળશે; આ હું અનુભવની વાત કરું છું. તમે પ્રયોગ કરી જોજો, અનુભવે જ હકીકત સમજાશે; સંસારમાં અનુભવ જેવો બીજો કોઈ ગુરુ નથી. મારા જેવા દેહધારી છે તે એમ નહીં ઓળખાય. જ્યાં સુધી તેમની સાથે દોસ્તી ન થઈ જાય, તાદાત્મ્ય ન થઈ જાય, તેનામાં એકરૂપ થઈ ન જવાય ત્યાં સુધી ઓળખાય નહીં. આપણે સંસારી માણસને સંપૂર્ણ રીતે નથી ઓળખી શકતા તો પેલાનો કેવી રીતે ઓળખવાના ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંસારનો ગુરુ

માટે સંસારમાં જીવતો જાગતો ગુરુ તે નામસ્મરણ છે; તે આંધળાની લાકડી છે. તે મુશ્કેલીમાં હિંમત ટકાવી રાખે છે; તે પ્રગતિમાં આગળ ને આગળ ડગલાં ભરાવે છે; બળ, સાહસ, ખંત, ઉત્સાહ, ધીરજ બધું આપે છે. આધ્યાત્મિક ભૂમિકામાં પણ એટલાં બધાં વિઘ્નો આવે છે કે તે વિઘ્નો પણ દૂર કરવાની ભગવાનના સ્મરણ સિવાય બીજા કોઈની પણ શક્તિ નથી, એટલે આ બધાને માટે ઉત્તમમાં ઉત્તમ સાધન સ્મરણ જ છે. અને તે બધાં લઈ શકે. પુરુષ, સ્ત્રી બાળક તથા કોઈ પણ જાતિનાં લઈ શકે. સ્ત્રીઓ પણ આચાર્યા થઈ ગઈ છે તેના ઐતિહાસિક દાખલા છે; જેમ કે ગાર્ગી વગેરે તો ઋષિમુનિઓ સાથે વિવાદ પણ કરતાં હતાં-અને તે પણ એટલી ઉચ્ચ કક્ષાએ કે જાતિભેદનું ભાન રહેતું નહિ, ખ્યાલ રહેતો નહિ. વેદોએ કહ્યું છે કે સ્ત્રીઓને શાસ્ત્ર ભણવાનો અધિકાર નથી, એ બિલકુલ ખોટી વાત છે. એ તો જ્યારે ભાવનાનું પતન થયું ત્યારે કહેવા લાગ્યા કે સ્ત્રીઓને વેદ ભણવાનો અધિકાર નથી.

'આ વિદ્વતા નથી.'

માતાના પેટમાં આપણે નવ મહિના રહેવાના. જો તેમનામાં જ્ઞાન નહિ હશે, સંસ્કાર નહિ હશે તો આપણામાં ક્યાંથી આવવાના ? કયા મૂર્ખાઓએ આ લખ્યું છે તે સમજાતું નથી. હું આ ગુસ્સાથી ઉતારી પાડવા કહેતો નથી. હું એક વખત બનારસ ગયો હતો. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની દીકરીની દીકરીને હિંદુ યુનિવર્સિટીમાં લઈને ગયો હતો. ત્યાં બંગલો ભાડે રાખીને રહ્યાં હતાં. તેમની બી.એ.ની પરીક્ષામાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઋગ્વેદનો અભ્યાસ કરવાનો હતો તેમાં જુદા જુદા છંદ વિષે એક વિષય હતો. ગાયત્રી છંદ, શાર્દૂલવિક્રીડિત છંદ જેવો. તેમાં માત્રાની રચના, શબ્દોની રચના કેવા પ્રકારની ? આરોહ-અવરોહ કેવી રીતે આવે ? એ તે કેવી રીતે બોલતા ? તે પદ્ધતિ જાણવા વિદ્વાન પાસે જવું પડે. કાશી કરતાં દક્ષિણમાં તેવા વિદ્વાન વધારે છે. પણ છોકરીઓને ભણાવવા બનારસમાં કોઈ તૈયાર થાય નહિ, ૧૦૦-૨૦૦ રૂપિયા આપતાં પણ કોઈ તૈયાર થાય નહિ. તે લોકો કહે કે, 'બહેનો આગળ ઋચા બોલાય નહિ' અને પરીક્ષામાં પચીસ માર્ક્સનો એ સવાલ આવે. એ બરાબર લખી શકે તો ગણિતની માફક માર્ક મળે. હું હિંદુ યુનિવર્સિટીના આ વિષયના અધ્યાપકને મળ્યો. તેમની પાસે પણ અસલ પદ્ધતિનું જ્ઞાન નહિ. તેઓ પણ કહે, 'અમે તો કૉલેજમાં શીખેલા. અમે તો એ પ્રશ્નના માર્ક ઉડાવી દઈએ.' આખરે માલવિયાજીને મળ્યો. તેમને મેં કહ્યું કે, 'વિષય રાખ્યો છે પણ શીખવનાર કોઈ નહિ.' તેમને પણ કહ્યું કે, 'વિદ્વાનો આ સાચી હકીકત સમજવા તૈયાર નથી.' તેમણે કહ્યું કે, 'બેચાર મારા જાણીતા મિત્રો છે અને સારા સાત્ત્વિક છે, તેમના ઉપર ચિઠ્ઠી લખી આપું.' તેમની ચિઠ્ઠી લઈને ગયો તોપણ કોઈ તૈયાર થયું નહિ. પછી ભગવાનને પ્રાર્થના કરી. માનવીએ બધા પ્રયત્નો કરવા જોઈએ, પછી જ પોકાર પાડી શકાય. લોકો કહે છે કે 'નિર્બલ કે બલરામ' પણ તે ખોટી વાત છે. રામ તો સબળતા-પુરુષાર્થીના હતા. એટલે બધી બાજુએથી નિષ્ફળતા મળવાથી ભગવાનને પોકાર કર્યો. મને એક વિદ્વાન મળી ગયા, તેમને પગે લાગ્યો. ગુરુમહારાજનો હુકમ હશે. મેં મારી મુશ્કેલી સમજાવી. તેઓ સમજાવવા તૈયાર થયા એટલું જ નહીં પણ અઠવાડિયા સુધી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બોલાવી સંપૂર્ણ સમજાવ્યું. આટલી સહેલી વાત પણ વિદ્વાનો સમજવા તૈયાર નથી; હું તો તેમને વિદ્વાન નહીં કહું, પણ પોથાં ને માથે લઈને ફરનારા, ભાર લઈને ફરનાર જેવા ગણું. એવા વિદ્વાન સમાજનો ઉદ્ધાર નહીં કરી શકે. તેમને તો ભાર ઊંચકીને ફરનાર મજૂર જેવા ગણું. તેઓ ભલે ચર્ચામાં હરાવે, પણ ખરું જ્ઞાન ચોપડી વાંચવાથી નહિ આવે. અંતરનું જ્ઞાન એ તો જુદું હોય છે. માણસને કામ કરવાની અભીપ્સા જાગવી જોઈએ.

આ જ ખરી યાત્રા

આપણે વેપારનું કામ કર્યા કરીએ છીએ તે કોઈને પૂછવા જતા નથી, પણ જેમ તેમાં ઊંડા ઊતરીએ તેમ આપોઆપ સૂઝ પડે છે. પણ જીવનનું કામ કરવાનું છે તેનું ભાન જાગ્યું નથી; તે ભાન જગાવવા માટે આ પ્રયોગ છે. અહીં બેસીને જે પ્રયોગ કરશે તે જ ખરો અનુભવ, ખરી જાત્રા છે; બાકી જાત્રાએ જવું એ તો નકામું છે, પૈસાનો બગાડ થાય છે. એ તો ફરવાનું મન હોય એટલે જઈએ છીએ પણ તે ખરી જાત્રા નથી, નર્યો પૈસાનો અને સમયનો બગાડ છે. અહીં તો એકધારો પ્રયોગ, ૧૪-૧૫-૧૮ કલાક એકધારો પ્રયોગ કરો, એના જેવી જાત્રા નથી. આ અમારું છે માટે એમ કહેતો નથી.

'લંબકર્ણ'

તમે ગમે તેટલાં શાસ્ત્રો-પ્રવચનો સાંભળો પણ એમાંથી એકાગ્રતા જામે નહિ. પણ અહીં જે કરશો એનાથી જે ઊંડો સંસ્કાર પડશે તે જાત્રાથી કે પ્રવચનો સાંભળવાથી નહિ પડે. માણસો ઢ-ગધેડા જેવા છે, માણસોને એટલાં બધાં પૂંછડાં વળગેલાં છે. ગધેડાને કહીએ છીએ તેના કરતાં આપણા કાન નિંદા કૂથલી વગેરે સાંભળવા માટે મોટા છે, સંસારની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નકારાત્મક વાતો સાંભળવા માણસ અને તેના કાન ઉત્સુક છે તેથી આપણે એવા માણસને લંબકર્ણ કહીએ છીએ. તમે જાતે વિચારજો કે આ વાત સાચી છે કે ખોટી ?

હૃદયમાં સ્થિર કરો

આ બધામાંથી ઊગરવા માટે કોઈ શ્રેષ્ઠ ઉપાય હોય તો ભગવાનનું સ્મરણ છે. એ બહુ મોટી દવા છે. તે મારણ પણ છે અને તારણ પણ છે. મારણ એટલા માટે કહું છું કે જીવદશાને હરનારું છે અને તારણ એટલા માટે કહું છું કે સાથે સાથે ભાવનાને પ્રકટાવનારું છે. આવી એક દવા, જે મારણ અને તારણ બન્ને એકસાથે છે તે નામસ્મરણ. અનેક ભક્ત લોકો અને ઋષિમુનિઓએ લોકો ઉપર કરુણા લાવી આ સાધન આપ્યું છે. એનાથી એકદમ તપસ્વી થઈ જવાના નથી, પણ આ સંસાર-વ્યવહારમાં કશા કોયડા - ગૂંચમાં અટવાઈ જવાનું થવાનું તેવે વખતે આ ભગવાનના નામસ્મરણનું ભાથું સાથે રાખજો, જેમ ધનને તિજોરીમાં રાખો છો તેમ આને હૃદયમાં સ્થિર કરજો.

નામસ્મરણનો ખપ

લોકોને વિચાર આવે છે કે એ શું ખપમાં આવે ? હું કહું છું કે 'કરી તો જો.' પાણીમાં પડયા સિવાય અને હાથ હલાવ્યા સિવાય તરીને જવાય નહિ, તેમ આ કરતાં કરતાં અજપાજપ સુધી જવાય ત્યારે એનો લાભ સમજાય. માણસ ખોટ આવવા છતાં એકના એક ધંધાને ૧૫-૨૦ વર્ષ પકડી રહે તો તે ધંધો એક વખત જરૂર યારી આપે. માણસ લક્ષાધિપતિ હોય, પાસે દસ-વીસ લાખ રૂપિયા હોય અને તે બધું શૂન્ય સુધી છૂટી જાય છતાં તે વેપારને પકડી રાખે તો પાછો ઉપરની સ્થિતિ ઉપર આવી જાય; તેવાઓને પણ મેં જોયા છે. લોકો કહે છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે ભગવાનના નામમાં કશો સ્વાર્થ નથી; શા માટે એને વળગી રહીએ? અમે કહીએ છીએ કે તમારો એમાં સ્વાર્થ છે. જેમ આપણે શરીર જરૂરનું, સાથે કાન, આંખ, હાથપગ-બધી ઇન્દ્રિયો એટલી જ જરૂરની, તેવી રીતે શાંતિ, પ્રસન્નતા વગેરે જાળવવા અને માંદગી, ચિંતા, ઉપાધિ વગેરેમાં ટકવા માટે ઉત્તમમાં ઉત્તમ સાધન ભગવાનનું સ્મરણ છે; પરંતુ લોકોને તેમાં શ્રદ્ધા, વિશ્વાસ નથી. તે શ્રદ્ધા વગર અને કર્યા વગર તે અનુભવી શકાતું નથી. શ્રદ્ધા એટલે અંધશ્રદ્ધા નહિ. આપણને ચલાવે, ગોદાટે એ જ શ્રદ્ધા સાચી, અને સાચી શ્રદ્ધા હોય તો જ જ્ઞાન પામે. ગીતા માતા કહે છે કે એવી શ્રદ્ધા પ્રકટે તો ભગવાનનું સ્મરણ આપણને અનેક પ્રકારે મદદ કરનાર બને. ઋગ્વેદમાં ગાયત્રીનું પ્રતીક છે. સૂર્ય ખરી રીતે તો તેજ ને શક્તિ આપનાર છે, ચેતનને એ પ્રાર્થના છે.

અત્યારે તો આપણી બુદ્ધિ મોહકલિલ છે. તે સાચો ઉકેલ લાવી શકે નહિ. એ આવરણ હઠે તો જ્ઞાન આપમેળે પ્રકટે. ગાયત્રી એવું આવરણ હઠાવવા માટે મોટામાં મોટી પ્રાર્થના છે; અનુભવીઓએ તેવું કહ્યું છે.

અભ્યાસનું પરિણામ

બુદ્ધિ, મન, ચિત્ત-પ્રાણનાં આવરણો, અહમ્‌ની મડાગાંઠો-એ બધું ટાળવા માટે કોઈ સાધન હોય તો ભગવાનનું નામસ્મરણ છે; તે એટલાં બધાં પરિણામ આપનારું છે. પ્રત્યક્ષ મૌનમાં ૭-૧૪-૨૧ દિવસ બેસો. અને પછી પણ વેપાર કરતાં, ખાતાંપીતાં, હરતાંફરતાં ભગવાનનું નામ લીધા કરશો અને ફરી બેસશો; પણ અભ્યાસ ચાલુ નહિ રાખો તો ગિલેટ ઊતરી જાય. બેટરી કેટલી જલદી ચાર્જ થઈ તે જોઈ શકાય. એવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાતનું ગિલેટ આવે કે તે કસોટીના પત્થર ઉપર પણ જવાબ આપે અને છેતરાઈ જવાય, છતાં તે ઊતરી તો જવાનું; તમે જો અભ્યાસ ચાલુ નહિ રાખો તો કોરા થઈ જવાના. એટલે મારી બધાને પ્રાર્થના છે કે અહીં જે અભ્યાસ કરો તેમાંથી પ્રેરણા મેળવજો. નંદરબારથી ભગત આવેલા, તેઓ તો રાત્રે પણ જાગતા. માટે બહાર નીકળ્યા પછી ભગવાનના નામનું જે ભાથું મળ્યું છે તેનો ઉપયોગ કર્યા કરજો, તો ઘણી સરળતા પ્રકટશે. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે શત્રુઓ હણવામાં તમને મદદ મળશે. આ અનુભવની હકીકત છે તે બુદ્ધિના તુક્કાથી નહિ સમજાય; અનુભવ માટે પ્રયોગમાં ઝંપલાવવું જ રહ્યું. બળ, હિંમત, સાહસ, ધીરજ વગેરે ગુણ કેળવીને આ પ્રયોગમાં જે ઝંપલાવે તેને સાચો અનુભવ માલૂમ પડશે. એનો ઉઠાવ કેમ કરીને જલદી થાય તેમ કરજો. માટે કેમ કરીને નિર્મમત્વ, નિરાસક્ત, નિરહંકાર થવાય તે વિચારજો. અને જો એ કરીએ તો એનાથી અનેક ગુણોનો ઉઠાવ થાય. એ બધું નહિ બને તોપણ નામ લેતા રહો. જો તેમાં અખંડતા પ્રકટશે તો એવી તેજસ્વિતા પ્રકટશે કે જેનાથી આત્માના પ્રકાશને ઢાંકી દેનાર કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે નાશ પામશે, હઠવા માંડશે. એનાથી એવી આંતરિક શક્તિ પ્રકટશે કે જેનાથી કરીને આ બધા અવગુણોને જરૂર હઠાવી શકીશું; આ કપોલકલ્પિત હકીકત નથી.

શરણાગતિ

અનુભવીઓએ જાતે ફના થઈ જઈ ને જે તત્ત્વ તેમને ભાસ્યું તે પરમ કૃપાથી આપ્યું છે. આપણે ભગવાનના સ્મરણનો આશરો લેતા નથી, ધનનો આશરો માણસ લે છે; અને સ્મરણ આશરો લીધા વગર તે કેવી રીતે મદદ કરી શકે ? આપણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંસારવ્યવહારમાં પરિચય વગરના પાસે જઈએ તો તે આપણું કામ કરે ખરા ? માટે ભગવાનનો આશરો લેવો હોય તો તેને શરણે જવું પડશે. તે ક્યારે બને ? મમત્વ મૂકી દો ત્યારે. આપણે તો આપણું બધું આગવું રાખવું છે તો તે પણ નવરો નથી; જો દેહધારી હોય તો બે લગાવી દે.

'મોટા'નો પ્રેમ

હું સંસારમાં જોઉં છું, મનમાં 'મોટા' કેટલો વખત રહે છે તે વિચારજો. ગુરુમહારાજે આજ્ઞા કરી છે કે સાચી વાત કહેવી. અમારે તમારી સાથે દોસ્તી કરવી છે એ વાત સાચી છતાં સાચી વાત કહેવી રહી. તમે તમારા સ્વરૂપને સમજજો; મનને, દિલને લાખ વાર વિચારજો. તમે કહેશો તો અમને વાંધો નથી, મદદ ન થાય તો નહિ કરતા, પણ તમે બધા મારા મિત્રો છો તે અનુભવે સમજાશે.

અમારે તમારી સાથે દિલની ભાવના - ચાહના છે; તમારા સંસારવ્યવહારના ગૂંચ-કોયડા લાવજો; તમને જરૂર શાંતિ થશે; એ સેવા કરવા જ આ જગ્યા બનાવી છે. પહેલાં પણ સેવા કરતો હતો. હવે પણ સેવા કરીએ છીએ. ભગવાન કહે છે તેમ પ્રેમ કરવો છે પણ પ્રેમ સુંવાળો નથી. તે સુંવાળો પણ છે અને વજ્રથી પણ કઠણ છે. જેણે જીવન ત્યાગી દીધું છે તેને પણ કહું છું કે તારામાં અહમ્ છે, નમ્રતાને ન પામે ત્યાં સુધી ભક્તિનો પ્રકાશ મળે નહિ; ત્યાં સુધી જીવનનું ખરું તત્ત્વ પામી નથી શકવાનો. જેની જેની સાથે પ્રારબ્ધયોગ છે તેને મળવા માટે આ જગ્યા છે. તમારી ખુશામત કરવાની નથી; પ્રસંગ આવે તો કહેવું પડે, ગુસ્સે પણ થવું પડે. વિચારશો તો આંખ ઊઘડી જશે; જો ઠોકર વાગે તો પગમાં દુઃખ જરૂર થવાનું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારા દિલની ખાતરી છે કે તમને ચાહું છું કે નહિ ? ભગવાનની કૃપાને લઈને પ્રારબ્ધ ભોગવવા અહીં મૂક્યો છે એટલે પ્રેમ કરું છું. પ્રેમ પંપાળે અને શિક્ષા કરે. એના જેવી સુંવાળી ભાવના નથી. પ્રેમ કરું ત્યારે ગમે, પણ વજ્ર જેવી કઠણ વાત નહિ ગમે.

ચેતનમાં નિષ્ઠા પામેલો જીવ અત્યંત સ્પૃહાવાળો પણ હોય અને અત્યંત નિઃસ્પૃહ પણ હોય. તમને વિચારો આવે કે તે આમ કેમ કરે છે? પણ તે તો એવો જ હોય. અગ્નિ ગરમ હોય તો લાગે એ એનું લક્ષણ છે. લક્ષણને બે પાસાં છે, તે બે પાસાં સમજવાં પડે, ત્યારે ખરી હકીકત સમજાય.

તમારે અહીં આવવું હોય તો આવજો, નહિ આવવું હોય તો નહિ આવતા. હું કઠણ થાઉં છું પણ મારો ધર્મ બજાવું છું. મને માફ કરજો એમ કહેતો નથી અને જો કઠણ થઈ સાચી વાત ન કરું તો બેવફા ગણાઉં. ટોળાથી કશુંય નહિ વળે. મહાત્મા ગાંધી અહીં સુરતમાં નદીકિનારે ભાષણ કરતા; કેટલા લોકો આવતા ! પણ કશું વળ્યું નથી. એકાદ બે ચિનગારી પ્રકટી તોપણ બસ. મેં બહુ લોકો દીઠા. હું કહું છું તે સીધી અને સાચી વાત કરશો તો તમને સારું થશે. હું સાચી વાત સમજાવી શકીશ. જો તમે મેલ રાખીને આવશો તો મેલ વધવાનો; ખુલ્લા દિલથી બધી વાત કરશો તો શાંતિ થશે. ભગવાનનું સ્મરણ કરતા રહો; સાથે પ્રાર્થના-સેવા કરતા રહો; રાગદ્વેષ મોળા કરતા રહો અને અહંને મટાડતા રહો તો કાંઈ અર્થ છે.

તા. ૨૦-૯-૧૯૬૦

*

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૬

'મોટા' સાથે દોસ્તી

બીજ

જમીન ઉપર જો સારો તાપ અને વરસાદ પડે તો જમીનની લાયકાતની ખબર પડે. વરસાદ પડ્યા વિનાની અને ખેડખાતર કર્યા સિવાયની જમીનમાં બી વાવે તો ઊગે નહિ. જમીન ગમે તેટલી ઉત્તમ હોય પણ સારું ખેડખાતર થયું ન હોય અને જમીન તપેલી ન હોય તો વરસાદ પડવા છતાં બરાબર ઊગે નહિ. એ એક સત્ય પ્રમાણસિદ્ધ હકીકત છે. એમાં કોઈ શંકા કરતું નથી, એમાં શંકા ઊઠતી નથી. તેવી રીતે આધ્યાત્મિક પ્રકારનું જીવન, ચેતનાત્મક જીવન પ્રકટવા એવી ભૂમિકાની જરૂર છે. એના વગર ભગવાન રૂપી બી ફૂલીફાલી શકતું નથી. ભગવાનનું સ્વરૂપ - સાકાર સ્વરૂપ - સોનાના ઢોળ જેવું છે. અગ્નિ વગર ગરમી નહિ; જ્યાં અગ્નિ ત્યાં ગરમી. ચેતનનાં ઘણાં લક્ષણ છે. એક તો તાદાત્મ્યભાવ.

આપણે ભાવ હોવા છતાં પ્રકૃતિ અને સ્વભાવથી વર્તીએ છીએ. માત્ર એને જ અનુભવીએ છીએ. આપણામાં બે તત્ત્વો છે : પ્રકૃતિ અને પુરુષ. પુરુષ અંદર છે પણ તે સુષુપ્ત દશામાં છે; પ્રકૃતિ આગળ પડતી છે.

પ્રકૃતિ

પ્રકૃતિ એ દ્વંદ્વ અને ગુણની બનેલી છે. તેના દ્વારા જે કર્મ થાય તે દ્વંદ્વથી જ ભરેલાં હોય છે. કોઈક જ જીવ સત્ત્વગુણની પ્રકૃતિવાળો હોય; બાકી તો રજસ તમસથી જ પ્રવૃત્તિ કરતા હોય છે. દ્વન્દ્વ હોવાથી જ સામસામાં પાસામાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કામ કરીએ. દ્વંદ્વ એટલે સુખદુઃખ, પાપ-પુણ્ય, પ્રકાશ-અંધકાર સામસામાં જોડકામાં કામ કરી રહ્યાં છે. આપણામાં ચેતન છે પણ તે છતું થતું નથી. આપણાં કર્મનાં medium -માધ્યમ પ્રકૃતિ અને સ્વભાવ રહેવાનાં. જેવી રીતે નોકર સ્વતંત્ર નથી પણ કહ્યા પ્રમાણે વર્તે છે, તેવી રીતે પ્રકૃતિ એ સ્વતંત્ર નથી. એટલે ચેતન છતું થાય તો પ્રકૃતિ એને વશ રહે.

આપણી જીવદશામાં અનેક જન્મના સંસ્કારો છે. તેનાં વલણો ઊઠે છે તે પ્રમાણે આપણે કામ કરીએ છીએ. પ્રારબ્ધને કારણે સ્વજનો મળેલાં હોય છે. આપણે પ્રકૃતિથી બંધાયેલાં છીએ એટલે ચેતન હોવા છતાં ભાન જાગતું નથી; એટલે આપણાથી બ્રહ્મ-ચેતન પણ અનુભવી શકાતું નથી. ભગવાન કે ચેતન દરેકમાં પ્રવેશેલાં છે. કોઈ કશામાં નથી એમ નહિ, પણ આપણે અનુભવી શકતા નથી. પ્રકૃતિનું મોં ચેતન તરફ નથી.

ચેતનનો અનુભવ

ગુણ દ્વંદ્વથી ટેવાયેલા હોય છે. તેમાં રાચેલા રહીએ છીએ એટલે અનુભવાતું નથી. બ્રહ્મની રીતે વર્તી કેમ શકતા નથી ? ગુલામની રીતે કેમ કામ કરીએ છીએ ? આપણામાં બ્રહ્મ-ચેતન છે, છતાં આમ કેમ વર્તીએ છીએ ? અનુભવે ખબર પડી કે આપણું ચેતન પ્રકૃતિરૂપ બની ગયું છે, ચેતન પ્રકૃતિ છે એવું બની ગયું છે. ચેતનને અનુભવવા દ્વંદ્વાતીત ગુણાતીત થઈએ, એનાથી પર થઈએ તો અનુભવી શકાય. કેવી રીતે થવાય તેની શોધ ચાલી. એ કરતાં જોયું કે પ્રકૃતિમાં અનંતતા - વિવિધતા છે; તે એક જ માર્ગે નિશ્ચિત થઈ શકે નહિ. કેમ કરીને વહેલામાં વહેલા એવું થવાય તે માટે જુદા જુદા સંપ્રદાય-ધર્મધારણાની પ્રણાલિકા સ્થપાઈ. એમ કરતાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરતાં લાગ્યું કે સાધના કોણ કરી શકે ? જેને જેને બ્રહ્મને જાણવાની તાલાવેલી - ભૂખ જાગી છે તે જ આ માર્ગે જઈ શકે. જેવી રીતે સંસારમાં ધનની જરૂર હોય છે અને એટલે આપણે એ માટે પ્રયત્ન કરીએ છીએ; દરેક જણ એ માટે (પૈસા કમાવવા)ની પ્રવૃત્તિમાં પડે છે; કહેવું પડતું નથી. એમાં ઉપદેશ આપવો પડતો નથી. મહાત્મા, પ્રવચનકાર, કથાકાર; થઈ ગયા. કોઈને કહેવું પડતું નથી. કમાવાની ભૂખ લાગે એટલે પ્રવૃત્ત થવું પડે. ઉપદેશની જરૂર પડતી નથી કારણ કે ગરજ હોય છે ! એ જ રીતે આ માર્ગમાં ગરજ પ્રકટી નથી, ગરજ પ્રકટે તો આ કામ સરળતાથી થઈ શકે. આપણે ચેતનના અંશ છીએ, ચેતન છીએ એટલે એનો થોડો ગુણ છે. આપણે પ્રકૃતિવશ જીવતા હોઈએ છીએ.

આપણે સમાજમાં સંગઠિત રીતે એકબીજા માટે થોડે-ઘણે અંશે ઘસાવાની વૃત્તિ હોય છે. જ્યાં જ્યાં મેળ હોય છે ત્યાં તેવી વૃત્તિ રહે છે; જ્યાં મેળ નથી હોતો ત્યા વેગળાં રહીએ છીએ, એ સંસારની અનુભવેલી હકીકત છે.

આપણું વર્તન

બીજાની સ્વભાવ-પ્રકૃતિ ખરાબ હોય ત્યાં મેળ, સદ્‌ભાવ રાખતાં નથી; પણ આપણે જો બીજાના દોષો જોવાના રાખીશું નહિ તો ભૂમિકા એવી કેળવાશે કે બીજાની સાથે સુમેળ રાખી શકાય. કર્મ સાથે વ્યક્તિ સંકળાયેલી હોય છે એટલે જો આપણું વર્તન સરળતાભર્યું, સદ્‌ભાવવાળું હશે તો કર્મ સારું થશે; આપણી મુશ્કેલી ઘટતી જશે. આપણને કઠણ નહિ પડે. આપણને આપણું કર્મ મદદરૂપ થઈ પડશે. દિલમાં સરળતા પ્રકટતી જશે.અને એ રીતે ભૂમિકા પ્રગટતી જશે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માનવી સાધના ન કરે, નામ ન લે. ચેતનમાં માનતો ન હોય તેથી ચેતનનું અસ્તિત્વ મટી શકતું નથી. આવી રીતે જીવનવ્યવહારમાં મિલનસાર સ્વભાવ રાખીશું, બધાં સાથે સદ્‌ભાવ રાખીશું તો જીવનમાં મુલાયમતા પ્રકટશે. અને એમ થશે તો ભૂમિકા કેળવાશે, ત્યારે અભિરુચિ જાગશે. ચેતન પરત્વેની જાગૃતિ વિશેષ પ્રકટશે. ચેતનને બાજુમાં રાખીએ તો પણ સંઘર્ષમાં આવ્યા વગર જીવનવ્યવહારનાં કામો થાય એ પણ મોટી વાત છે. એટલે એ માટે - સ્વાર્થને માટે - પણ બીજા જીવો સાથે હળીમળી-દુર્ગુણો પ્રત્યે દુર્લક્ષ રાખીને - વર્તીશું તો કર્મમાં સરળતા પ્રકટશે. અને એમ થશે તો શાંતિ, પ્રસન્નતા ધવાશે નહિ. ચેતનને ગણ્યા સિવાય પણ આ જાતની ટેક્નિકની જરૂર છે.

ચેતનના અનુભવની શરત

આ સ્થૂળ વ્યવહારની હકીકત છે. ચેતનના પ્રવેશની વાત કરીએ તો લાગ્યા વગર રહેશે નહિ. ચેતનના કારણે બધું કામ થઈ શકે. એવું ચેતન છે. એ બુદ્ધિ કબૂલ કરે એમ છે. ભગવાનને તમે માનો કે ના માનો છતાં કબૂલ કરવું પડે છે. પ્રકૃતિ જડ છે. અને તમસ રજસ અને સદ્‌ગુણોથી ટેવાયેલી હોય છે. ભગવાનમાં ગુણ નથી છતાં ગુણાતીત છે. પ્રકૃતિથી ટેવાયેલા આપણે સકલ કર્મો કરીએ છીએ. ચેતનને અનુભવું હોય એ રીતે પ્રવર્તાવવું હોય અને છતું કરવું હોય તો દ્વંદ્વાતીત અને ગુણાતીત થયા વગર બીજો રસ્તો જ નથી. દ્વંદ્વાતીત ગુણાતીત થવું જ પડશે. અને તો જ ઐને અનુભવી શકાશે. શહેર પૂરેપૂરું જોવું હોય તો વિમાનમાં બેસી ચક્કર લગાવીએ તો જ ખ્યાલ આવે...એટલે પ્રકૃતિમાં રહી ચેતનનો અનુભવ નહીં થઈ શકે. તેની ઉપર જવું પડશે. એની ઉપર જવા અનુભવીઓએ અનેક જાતના રસ્તા કર્યા છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમણે જોયું કે સંસાર-વ્યવહારમાં જીવો (જીવો) ગૂંચવાયેલા છે. વ્યક્તિ સાથે, સગાં સાથે તદ્રૂપ - ઓતપ્રોત થઈ ગયા છે. આથી બીજી રીતે (ઉપર જવાનું) બની શકશે નહિ. વળી તેઓ બીજા માર્ગો પણ લઈ શકે નહિ. અને ભારે સાધનો દ્વારા સાધના પણ નહીં કરી શકે. એટલે તેવા જીવોને ગૂંચ, કોયડા, મુશ્કેલી વગેરેમાં શાન્તિ, સહારો, આશ્વાસનની જરૂર રહે. અનુભવીઓએ વિચાર્યું કે આવા જીવોને તંગ વાતાવરણમાં હળવાશ ક્યાંથી થાય ? એટલે કરુણા લાવીને અનુભવે કરીને મૂક્યું કે ભગવાનનું સ્મરણ તમને ઉગારશે. એનાથી માનસિક સ્થિતિ હળવી થઈ જશે. આ ભગવાનનું સ્મરણ સકળ પ્રકારના જીવો કરી શકે. એને માટે જુદા સમયની પણ જરૂર નહિ પડે, હાલતાં ચાલતાં, કામ કરતાં કરતાં પણ એ લઈ શકાય, એવી શક્યતા છે.

ગૂંચ ઉકેલતો પ્રયોગ

કોઈ વળી પૂછે કે સ્મરણ કરવાથી તે ગૂંચ કેમ દૂર થઈ શકે ? એ તો માનસશાસ્ત્રનો વિષય છે. એનો અભ્યાસ જેને હોય તે વાત મંજૂર રાખે. આપણે જ્યારે ગૂંચવાયા હોઈએ ત્યારે તેનો ઉકેલ જડે નહિ. જ્યારે જ્યારે કોયડો - ગૂંચ આવે ત્યારે તેમાં પડી નહિ રહો. તે વખતે એકાંતમાં સ્મરણ, પ્રાર્થના, ભજન વગેરેમાં મન પરોવો. આપમેળે ઉકેલ મળી આવશે. કોઈ મિત્ર હોય, જેની સાથે પ્રેમ હોય તેની સાથે સોબત કરો, તેને વાતચીત કરો. એ રીતે મનને હળવાશ થશે. જે કોયડો હશે તે તો (subconcious) સ્થિતિમાં પડેલું હોય છે. એટલે આપ મેળે ઉકેલ જડી આવશે. આ (Practical) વ્યવહારુ પ્રયોગ છે. સંસારી મિત્રો એ આ પ્રયોગ કરવા જેવો છે. જ્યારે આમ કરશો ત્યારે ખબર પડશે કે મોટાએ જે હકીકત કહી છે તે સાચી છે. સમજુ હોય તો આવી ગૂંચ કે કોયડો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવે ત્યારે તે સ્થિતિમાં પડી ન રહે. એમાં પડી રહેવાથી એની અસર વધારે ઘેરી થશે. વધારે ગૂંચવાશો. માટે એવે વખતે એનાથી વેગળા થઈ જાવ. વિચારની (channel) ચૅનલ (પ્રવાહ) બદલાવી દો. મિત્ર વગેરે સાથે બેસીને વાતચીત કરો. ગપ્પાં મારો તો પણ મન હળવું થશે. એટલે આપ મેળે કોયડાનો ઉકેલ મળશે. જો આમ કરતાં કરતાં ન આવે તો ભગવાનમાં શ્રદ્ધા હોય અને સ્મરણ પ્રાર્થના સત્સંગ વગેરે કરો તો વધારે સારો ઉકેલ મળી આવે.

સંસાર-વ્યવહારમાં મુશ્કેલી, ગૂંચ, કોયડા તો પ્રકટવાના જ. સુખદુઃખ આવવાનાં. એનાથી વેગળું થઈ શકાવાનું નથી. એની શકયતા પણ નથી. વળી કોઈ પ્રશ્ન પૂછશે કે ભગવાને આ બધું કેમ કર્યું ? આ સવાલ મૂર્ખાપણાનો છે. ભગવાને સાથે બુદ્ધિ પણ આપી છે.

બુદ્ધિની શક્તિ

બુદ્ધિ તો પ્રકાશ આપનાર છે. કોઈ કહેશે કે ખોટી વાત. હું કહું છું, સંસારવ્યવહારમાં કામની સમજણ પડે તે કેવી રીતે ? બુદ્ધિને કારણે જ તેમ થાય છે. એટલે તે પ્રકાશ આપનાર છે. ચેતનની નજીકનું કરણ-અંગ બુદ્ધિ છે. તેનો ઉપયોગ લેતા નથી. એટલે તે જાડી છે. તેનો તમે ઉપયોગ કરશો. તો તેનું હાર્દ પણ તમને સમજાશે. ભગવાને બુદ્ધિ પણ આપી છે. વિવેકશક્તિ (Power of discrimination) સાચું ખોટું પારખવાની શક્તિ આપી છે. તેનો ઉપયોગ કરતો નથી. બુદ્ધિ શબ્દનો મૂળ ધાતુ 'બુધ' એટલે જાણવું. આપણને બધાનું મૂળ સમજાવે તેનું નામ બુદ્ધિ. તેનો ઉપયોગ કરીએ તો રહસ્ય સમજાય. જે કામમાં બુદ્ધિનો પ્રવેશ થાય તે તે વસ્તુમાં પ્રકાશ આપે. ગીતા માતા કહે છે કે અત્યારે બુદ્ધિ મોહ-કલિલ, મોહરૂપી કાદવમાં ખરડાયેલી છે. જેવાં આપણાં ચશ્માં હોય તેવો રંગ દેખાય. કાળાં ચશ્માંમાંથી ધોળું નહીં દેખાય. આપણી બુદ્ધિ પણ મોહ, કામ, ક્રોધ મડાગાંઠ વગેરે કાદવથી ખરડાયેલી હોય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એટલે ચેતન કેવી રીતે અનુભવાય? બુદ્ધિના સંસ્કાર જુદી જાતના. તે બધા પૂર્વગ્રહોથી મુક્ત થાય તો સાચું જ્ઞાન પ્રકટાવે.

અનુભવી પુરુષોએ જોયું કે બુદ્ધિ જ જ્ઞાન પ્રેરનારી છે. તેને જ પકડો. અને બુદ્ધિ શુદ્ધ કરી નાંખો. શાસ્ત્રકારોએ જુદા જુદા રસ્તા શોધ્યા છે, પણ બધા તો તે નહીં કરી શકે. એટલે બુદ્ધિ શુદ્ધ કરવા સહેલામાં સહેલો ઉપાય ભગવાનનું સ્મરણ જ છે: ઘણા મિત્રો કહે છે કે ભગવાનનું નામ લેવાથી બુદ્ધિ સુધરે ખરી?

ચિત્તના સંસ્કારો

આપણામાં સંસ્કૃતિની પરંપરાથી સંસ્કારો પડેલા છે. (ભગવાનનું સ્મરણ) અનેક ઉપાધિઓથી મુક્ત કરે છે. એણે અનેક ભક્તોના જાતજાતના કોયડા ઉકેલ્યા છે. આજે પણ તેવું થાય છે. ઘણા કોયડાઓ એનાથી (solve) ઉકેલી શકાયા છે. એવું ભગવાનનું સ્મરણ છે. ભાવના તો આપણા લોકોમાં છે. પ્રયોગની રીતે જોયા છે. ભૂતમાં નહિ માનનારાં પણ અંધારામાં ધોતિયું ભેરવાયું હોય તો બી જાય. ચિત્તમાં સંસ્કાર પડેલા હોય તે ક્યાં જાય? પરંપરાના સંસ્કાર ચિત્તમાં ઘૂસેલા હોય અને એની જોડે ભાવના પણ હોય છે. ભાવના એ તો સ્નેહ છે; એ તો ચોટાડી દે છે.

પોપટની જેમ ન બોલો.

પોપટની જેમ બોલો તો શું વળે? મનુષ્યની અને પોપટની શરીરરચનામાં ફેર છે. મનુષ્ય અને પોપટના શરીરવિકાસમાં આસમાન જમીનનો ફેર છે. પોપટનાં બુદ્ધિ - ચિત્ત - પ્રાણ - અહમ્ વિકસેલાં નથી. આપણે પોપટની રીતે નામ નથી લઈ શક્યા. આપણે કર્મ કરતા હોઈએ તોપણ ભાવના છે, તેનો પાસ લાગેલો છે અનેક કાળનો અને અનેક જન્મનો. એ ક્યાં જવાનો? આપણે તે વિચારતા નથી. એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાસને કારણે સતત સ્મરણ થાય તો ભાવનામય વાતાવરણ થાય. અને જેમ વધારે ભાવનામય થાય તેમ તે બુદ્ધિ (મોહકલિલથી) મુક્ત થાય અને એના જ (સ્મરણમાં) રંગાયેલી થાય. બુદ્ધિને ભાવનાનો પાસ લાગે તો આયુર્વેદમાં દવાઓમાં પુટ આપવામાં આવે છે તેમ બુદ્ધિને ભગવાનના સ્મરણરૂપી ભાવનાનો પુટ આપ્યા કરવાથી મોહકલિલ મટી જાય.

અનુભવનો નિચોડ

આપણે તો નકારાત્મક રીતે તરંગો વહેવડાવીએ છીએ. અને એની ભૂખ લાગી નથી, જાગી નથી. ભગવાનનું સ્મરણ એક એવી વસ્તુ છે તે બધી વખતે કરી શકાય, બીજું થઈ શકે નહિ. માણસ સંસાર-વ્યવહારના ભારથી હળવો કઈ રીતે થઈ શકે ? વૈદ જેવી રીતે દવા આપે છે તેવી રીતે અનુભવીઓએ, સંતભક્તોએ જીવન ન્યોછાવર કરીને સમર્પણ કરીને નિચોડ આપ્યો છેઃ નામસ્મરણથી હળવાશ પ્રકટશે, બુદ્ધિ તીક્ષ્ણ થાય છે. સૂક્ષ્મ થાય છે. પોતાના અનુભવથી કરીને આ નિચોડ આપ્યો છે.

સત્સંગની ભાવના

ઘણા કહે છે કે ભગત ઠોઠ હોય છે. ઊલટું તે કોઈનાથી બને નહિ, તેને અનેક કોયડા પ્રજ્ઞાસ્વરૂપ બની જાય. ભક્તિ હંમેશાં જ્ઞાનાત્મક હોય છે; ભક્તિ હોય તે જ ભક્ત. ભગવાન-સ્વરૂપ હોય તો તે ગમે ત્યાં પ્રવેશે. તમે તો તાળાં મારીને બેસો છો, ખંભાતી તાળાં મારી મૂકો છો, પ્રવેશવા દેતા નથી. મહાત્મા લોકોને તો હળવું ભળવું હોય છે. સત્સંગનો મહિમા બહુ ગવાયો છે, પણ ભાવના જોઈએ ને ? વૈદોને ત્યાં દવા લેવાની ગરજ-ભાવના હોય છે, તેમ સત્સંગ કરવા પણ ભૂમિકા જોઈએ. ઋષિમુનિઓએ કહ્યું છે કે સત્સંગ કરો, ભાવના કેળવો. હું સાચું કહું છું કે મારા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગુરુમહારાજે (possible reality) વાસ્તવિકતાની ભૂમિકા ઉપર પગ મૂકી આજ્ઞા કરી હતી : 'જે આચરી શકે તે જ વાત કરવી.' તમે સત્સંગ કરો પણ શેનો કરવો તેની ગતાગમ નથી.

સત્સંગની ભાવના રાખો તો દોસ્તી થાય. ગુરુ સાથે કેમ વર્તવું ? શરણાગતિ કેમ થવી ? તેની દોસ્તી કરો. મિત્રતા કરો તો ખબર પડશે. હું માગું અને ન હોય તો ના પાડશો. મેં કેટલીય વાર જોયું છે કે લોકો ખૂન કરી નાખે છે; દોસ્તી કરો તો આપમેળે ખબર પડશે.

દોસ્તી કેળવો

આપણે વ્યવહારમાં કોઈનું નથી સાંભળતા, પણ મિત્રનું સાંભળીએ છીએ. આપણો છોકરો ખરાબ હોય તો જેની દોસ્તી હોય તેની પાસે કહેવડાવીએ. માટે વાત ગળે ઉતારવા પણ દોસ્તીની જરૂર. અમે તો ગધેડા-પામર છીએ; પરિચય કરતાં સમજણ પડશે. માટે સાચી દોસ્તી કેળવો. એનાથી કરીને ભાવના ઊતરવાની. અમારી સાથે શરણાગતિ-પ્રેમ કેળવો; અનુકૂળતાની ભાવના પ્રગટાવો, ઝાઝા વિચાર નહિ થવા દો. એવો જો પ્રેમ કરીએ અને સત્સંગ કરીએ તો બુદ્ધિ પણ સુધરે. આવો મારો અનુભવ છે. હું ગુરુમહારાજ પાસે જઈ શકું એવી મારી સ્થિતિ નહોતી અને સાધનામાં મુશ્કેલી પડતી. જેમ જેમ સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ સાધનામાં (જેનું વર્ણન પણ અશક્ય) પડતી મુશ્કેલીઓ પુરુષાર્થ કરતાં કરતાં દૂર થતી ગઈ; એનું જ્ઞાન આવી ગયું. હૃદયમાં ભાવ પ્રકટાવવા, મદદ કેળવવાની કળા શીખવી પડશે. પ્રેમનો અનુભવ પણ સંસાર-વ્યવહારમાં લો, સંકળાયેલા સાથે પ્રેમ કરો. પ્રેમ કરો તો ઉમળકાથી કરજો. ત્યાગ કરતાં સહન કરવું પડશે. ચેતન, બ્રહ્મમય ચેતનનો ત્યાગયજ્ઞ પળેપળ ચાલે છે. ત્યાગ બેળેબેળે પણ કરવો પડે છે. સાચો ત્યાગ આનંદ પ્રકટાવે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રેમનું લક્ષણ

સંસાર-વ્યવહારમાં કેટલાંક કામો તો કરવાં જ પડે છે. તેમાં ના પાડીએ તે ચાલતું નથી. અને જ્યારે કરવું જ પડતું હોય ત્યારે બેળેબેળે કરવાથી માણસની વિકૃતિ થાય છે; પોતાને જ ગુમાવવાનું હોય છે. એનાથી આપણે વિશેષ બગડીએ છીએ; જીવદશામાં નકારાત્મક સ્વરૂપમાં પ્રકટીએ છીએ; જ્યારે સાચા પ્રેમથી વિશેષ હળવાશ મળે છે. પ્રેમ એ ત્યાગનું સ્વરૂપ જ છે. એ શક્તિ પ્રકટાવે છે; ગુણવત્તા વધારે છે. આ માન્ય થઈ શકે એવી હકીકત છે; એને માટે દલીલ થઈ શકે નહિ. આટલું પણ લોક કરી શકતા નથી. એનાથી સાધનામાં આંતરિક બળ મળે છે અને ભગવાનનું સ્મરણ સકળ કોઈ કર્મ કરતાં કરશો તો આ માર્ગે - ભગવાનને માર્ગે જઈ શકાશે, સંસાર-વ્યવહારનાં કર્મ સારી રીતે કરી શકાશે.

શૂરાનો માર્ગ

જો સંસારનાં મળેલાં કર્મો ઉત્તમ રીતે કરશો તો ગુણશક્તિ વધશે. એમ કરતાં નિરહંકાર, નિરાસક્ત, નિર્મોહી થતા જવાશે. કર્મ તો કરવાનું જ છે. કર્મ મૂકનાર બાયલો-નામર્દ છે. શરીર છે ત્યાં સુધી કર્મ તો કરવાનું જ છે. ભક્તિ તો પરાક્રમીને માટે છે. આ બધું નહિ હોય તો ભક્તિ નહિ કરી શકો. માટે સંસારનું કર્મ બેળેબેળે, વેઠની રીતે ન કરો. જે કર્મ કરો તે બહુ ઉમંગથી, ઉમળકાથી કરો; સ્વાર્થના કારણે પણ કર્મ ઉત્તમ રીતે કરો. જેવી ભૂમિકા પ્રકટશે તેવું પણ ખમીર તો પ્રકટશે, અને એ ખમીર કોઈ રીતે કામ આવશે. હંમેશાં કૂવામાં હોય તો હવાડામાં આવે. જે ક્ષેત્રના કર્મમાંથી ખમીર પ્રકટે એવું કર્મ કરો. એવું ખમીર હશે તો ભગવાનનું નામસ્મરણ લઈ શકીશું. સંસાર-વ્યવહારમાં મનુષ્યજીવન દોહ્યલું છે. એનું રહસ્ય, મહત્ત્વ, મહત્તા આપણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સમજતા નથી. ગામડીઓ હીરાને કાચ જ સમજે; આપણે તેને સમજીએ છીએ એટલે જતનથી રાખીએ છીએ. મનુષ્ય જીવનથી ચેતનનો અનુભવ થઈ શકે છે. મનુષ્યયોનિમાં દ્વંદ્વની રચના છે, બીજામાં નથી. દ્વંદ્વ એટલે બે સામસામાં પાસા. જ્યાં સુધી સારું બનતું હોય કે ચાલતું હોય ત્યાં સુધી ખબર નહિ પડે; જ્યારે સંઘર્ષ થાય ત્યારે જ ખબર પડે.

દ્વંદ્વનો હેતુ

દ્વંદ્વની રચના જ્ઞાન પ્રકટાવવા માટે છે. ત્યાં સુધી સાચી સમજણ પડે નહિ. મનુષ્યદેહ બહુ દોહ્યલો કહેવાયેલો છે; આજે પણ એ ભાવના છે. મનુષ્યજીવન આપણને મળેલું છે તેને આપણે સાર્થક કરીએ; ભલે એક ડગલા જેટલી એ તરફ (ચેતન તરફ) આપણી ગતિ થાય; જેટલું થાય તેટલું પણ સારું છે. આપણી પાસે પાંચ પૈસા થાય તો એક પૈસા જેટલું પણ સારું કર્મ કરવું જોઈએ; સંગ્રહ કરશો તે નહિ ચાલે. તે ત્યાગથી ચાલે છે; તું રાખી મૂકે તે નહિ ચાલે. બીજા માટે વાપરવું પડશે. છૂટકો નથી થવાનો. તમે કંજૂસને જુઓ, તેને પણ છોકરા-છોકરીનાં લગ્ન આવે ત્યારે વાપરવું પડે છે; બીજાને માટે પણ કશુંક કરવું પડે છે.

તમારામાં શક્તિ હોય તેને સન્માર્ગે વાળો તો શાંતિ, પ્રસન્નતા, આનંદ વધશે. એ ચેતનાનો ગુણધર્મ છે અને તે મનુષ્યદેહમાં વિકસી શકે. એનો વિકાસ મનુષ્યદેહથી જ થઈ શકે. દેવને પણ મનુષ્યદેહ ધારણ કરવો પડે છે. એનાથી જ આ બની શકે; એટલા માટે મનુષ્યજન્મને બહુ દોહ્યલો કહ્યો છે. માટે જે અમૂલો દેહ મળ્યો છે એ દેહની અંદર સદ્‌ભાવના, સુમેળ, ત્યાગ વગેરે પ્રગટાવો એ પણ ઉત્તમ છે.

તા. ૨-૧૦-૧૯૬૦

હરિઃ ૐ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ; સાથેસાથે હૃદય પ્રદેશે ધ્યાન તથા ચેતનાના ચિંતવન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણઃ સારું તેમજ નરસું-બન્નેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ; વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો; નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર ને આર્તભાવથી પ્રાર્થના કરો; ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો; તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો; મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો; જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે.પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો; સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે ને રામને દઈએ છીએ, ત્યાં "મારું મારું" ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે ને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક ને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો; તેમજ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો; તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી; શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. આત્મવત્ સર્વભૂતેષુની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ; કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો; વાદવિવાદ ના કરો; પોતાનો આગ્રહ ન રાખો; બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો; માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો; ખૂબ પ્રેમભાવ કેળવો; પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો; ફળની આસક્તિ છોડો; પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો; ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો; તાટસ્થ્ય, સમતા અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો; સદાય પ્રસન્નતા પ્રવર્તાવો; કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો; પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો; મન નિઃસ્પંદ કરો; રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો; થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો; ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય; યદૃચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો; અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે; જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે; પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતવન રહ્યાં કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. -શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મન, વાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણ તણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન, મતિ, પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ, (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

— શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

જન્મ : તા. ૪-૯-૧૮૯૮ ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪ સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ, માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

૧૯૧૬ : પિતાનું અવસાન

૧૯૦૫ થી ૧૯૧૮ : તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

૧૯૧૯ : મૅટ્રિક પાસ

૧૯૧૯-૨૦ઃ વડોદરા કૉલેજમાં.

તા. ૬-૪-૧૯૨૧ઃ કૉલેજ ત્યાગ.

૧૯૨૧ : ગૂજરાત વિદ્યાપીઠ.

૧૯૨૧ : વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

૧૯૨૨ : ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ પરથી આત્મહત્યાનો પ્રયાસ; દૈવી બચાવ; 'હરિઃ ૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

૧૯૨૩ : 'તુજચરણે' તથા 'મનને'ની રચના.

૧૯૨૩ : ની વસંતપંચમીએ પૂ. શ્રીબાલયોગીજી દ્વારા દીક્ષા. શ્રી કેશવાનંદ ધૂણીવાળા દાદાના દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

૧૯૨૬ : લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

૧૯૨૭ : હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃ ૐ' જપ અખંડ થયો.

૧૯૨૮ માં 'તુજચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

૧૯૨૮ : પહેલી હિમાલય યાત્રા.

૧૯૨૮ : સાકોરીના પૂ. શ્રી ઉપાસનીબાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

૧૯૩૦ : મનની નીરવતાનો સાક્ષાત્કાર.

૧૯૩૦ થી '૩૨ દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

૧૯૩૪ : સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૯૩૪ થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરીબાવા પાસે જવાનું બન્યું; ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદા કિનારે ખુલ્લામાં શિલા પર નગ્ન બેસીને સાધના; શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

૧૯૩૯ : ૨૯-૩-૩૯ : રામનવમી સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવકસંઘમાંથી રાજીનામું.

'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન

૧૯૪૦ : (તા. ૯-૯-૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

૧૯૪૧ : માતાનું અવસાન

૧૯૪૨ : હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યા છાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

૧૯૪૩ : ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

૧૯૪૫ : હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

૧૯૪૬ : હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌન-એકાંતનો આરંભ.

૧૯૫૦: દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃ ૐ આશ્રમની સ્થાપના (૧૯૭૬માં દેહ-ત્યાગ પછી આ આશ્રમ બંધ કરાયો.)

૧૯૫૪ થી સુરતના કુરુક્ષેત્રમાં એકઓરડીમાં મૌન એકાન્તનો આરંભ.

૧૯૫૫ : (૨૮-૫-૫૫) નડિયાદ શેઢી નદીને કિનારે હરિઃ ૐ આશ્રમની સ્થાપના.

૧૯૫૬ : (૨૩-૪-૫૬) સુરત-કુરુક્ષેત્રમાં હરિઃ ૐ આશ્રમની સ્થાપના.

૧૯૬૨થી ૧૯૭૫ : શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

૧૯૭૬ : ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતના પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

હરિઃ ૐ

Dr. Urmila Sharma Collection, Varanasi

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ્ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. ગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ્ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને' નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવન મધ્યાહ્ન (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનપડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મ-ઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાન્તની કેડી (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કેન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં
૧૫ સંકલનો.

Dr. Urmila Sharma Collection, Varanasi
CC0. In Public Domain. Digitization by eGangotri

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain. Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

Digitization by eGangotri

'હિંદુસ્તાનમાં અજોડ'

" આપણા આશ્રમમાં પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજે આવવાનું નક્કી કરેલું તેથી ત્યાં ગયો હતો. તેઓ તા. ૨૩/૪/૫૯ ની વહેલી સવારે આપણા આશ્રમમાં પધારેલા. તેમને આશ્રમ બહુજ ગમ્યો ને વાતાવરણતો તેથી પણ વધારે. આપણી તો મૌન એકાંત યજ્ઞની પદ્ધતિની તેમણે ભારે પ્રશંસા કરી. પોતાની જાતને, પ્રકૃતિને, સ્વભાવને સમજવાને માટે આના જેવો કોઈ ઉત્તમ ઉપાય નથી. તેમણે કહ્યું કે સારા હિંદુસ્તાનમાં સંત મહાત્માના મઠોમાં ફર્યો છું, પણ ક્યાંય આવું પ્રૅક્ટિકલ નથી "

– મોટા

(તા. ૨૪/૪/૫૯ ના અપ્રગટ પત્રમાંથી)